ISSN 0976 – 9609 V-Vidyanagar

વર્ષ: ૨૧ || અંક:૧૨ || ડિસેમ્બર ૨૦૧૯ || સળંગ અંક : ૫૭૮

# વિ-વિદ્યાનગર



चारुतर विद्यामंडल - वल्लभ विद्यानगर

कर्मण्येवाधिकारस्ते।

**CHARUTAR VIDYA MANDAL**

(Est: 1945)

Vallabh Vidyanagar-388120

www.vvidyanagar.co.in










ચારુતર વિદ્યામંડળ(સી.વી.એમ.) સંચાલિત વી.પી. એન્ડ આર.પી.ટી.પી સાયન્સ કોલેજ ખાતે ઈસરો દ્વારા યોજાયેલ વિક્રમ સારાભાઈ સ્પેસ એક્ઝિબિશન નિમિત્તે લેવાયેલ વિવિધ તસવીરોમાં સી.વી.એમ.ના માનદ્ મંત્રીશ્રી ડૉ.એસ.જી.પટેલ, સહમંત્રીશ્રીઓ આર. સી. તલાટી, વિશાલભાઈ પટેલ, ઈસરોના વૈજ્ઞાનિક ડૉ. જયંત જોશી, ડૉ. એસ.આર. જોશી, ડૉ. સુભાષ સતીશ રાવ, સંસ્થાના આચાર્ય ડૉ. ભાવેશ પટેલ તથા વિવિધ સંસ્થાઓના આચાર્યશ્રીઓ, નિયામકશ્રીઓ, આદરણીય અધ્યાપક ગણ તથા વિદ્યાર્થીઓ દૃષ્યમાન થાય છે.




વિ-વિદ્યાનગર

ચારુતર વિદ્યામંડળ પ્રકાશન

ડિસેમ્બર – ૨૦૧૯

વર્ષ: ૨૧ અંક: ૧૨

સળંગ અંક: ૫૭૮

**ISSN 0976-9609-V Vidyanagar**

ચારુતર વિદ્યામંડળ

વલ્લભ વિદ્યાનગર ૩૮૮ ૧૨૦

સ્થાપના વર્ષ: ૧૯૪૫

कर्मण्येवाधिकारस्ते



તંત્રી

ઉર્વીશ છાયા

પરામર્શન

નરેશ વેદ • રાજેન્દ્રસિંહ જાડેજા

જયન્ત ઓઝા • ભગીરથ બ્રહ્મભટ્ટ

આર.પી. પટેલ

સંપાદન-સહાય

અનિતા એ. સાળુંકે, વિજય સુથાર

પ્રકાશક

ડૉ.એસ.જી. પટેલ

માનદ્ મંત્રી, ચારુતર વિદ્યામંડળ

વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦

•

મુદ્રક

લજ્જા કોમ્યુનિકેશન્સ, વલ્લભ વિદ્યાનગર

અધ્યક્ષ

શ્રી ભીખુભાઈ બી. પટેલ

માનદ મંત્રી

ડૉ.એસ.જી. પટેલ

માનદ સહમંત્રીઓ

શ્રી બી.પી. પટેલ • શ્રી મેહુલ ડી. પટેલ • શ્રી આર.સી. તલાટી

• શ્રી વી. એચ. પટેલ • શ્રી કે.એસ. પટેલ


## વૃત્તિ અને પ્રવૃત્તિએ વિદ્યાનગરની વિભાવનાને મૂર્ત કરતું વિશાળ જ્ઞાનસંકુલ

પ્રાથમિક અને માધ્યમિક કક્ષાએ ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમમાં શિક્ષણ સુવિધાઓ • ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સંકુલના વિજ્ઞાન, સામાન્ય, ગૃહવિજ્ઞાન પ્રવાહ • ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે વિનયન,વાણિજ્ય, વિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, યંત્રવિજ્ઞાન, ઈજનેરી વિજ્ઞાન, ઔષધ વિજ્ઞાન, લલિત કલાઓ-ચિત્ર, સંગીત, નૃત્ય, શારીરિક શિક્ષણ, આયુર્વિજ્ઞાન, બાયોટૅકનોલૉજી, હૉટેલ મૅનેજમેન્ટ, ટુરિઝમ ટ્રાવેલના અભ્યાસક્રમોને આવરી લેતી કૉલેજ ઑફ બિઝનેસ ઍન્ડ ઍડમિનિસ્ટ્રેશન, અંગ્રેજી ભાષાશિક્ષણ તથા પ્રશિક્ષણ વ્યવસ્થાની કૉલેજ • અનુસ્નાતક કક્ષાએ વાણિજ્ય અને વ્યવસ્થાપન, વિજ્ઞાન, ઔષધવિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, ઈજનેરી, દર્શનશાસ્ત્ર, અંગ્રેજી પ્રશિક્ષણના અભ્યાસક્રમો • વિવિધ વિદ્યાશાખાઓમાં વ્યાપક સંશોધનની સુવિધાઓ • કલા, વિજ્ઞાન અને માનવવિદ્યાઓના વિમર્શની ભૂમિકા રચી આપતાં પુસ્તકો-સામયિક પ્રકાશનો • વિદ્યાકીય વાતાવરણને ધબકતું રાખતી વિવિધ વ્યાખ્યાનમાળાઓ • સર્જકો, સારસ્વતો, કર્મચારીઓના સન્માનની ઉજ્જવળ પરંપરા, રમતગમત ક્ષેત્રે રાષ્ટ્રીય સ્પર્ધાઓનું યુવકોન્મુખ આયોજન • પ્રાથમિકથી લઈ અનુસ્નાતક કક્ષાનાં વિદ્યાર્થી ભાઈબહેનો માટે છાત્રાલયો, અધ્યાપક નિવાસો તેમજ આચાર્ય નિવાસોની સુવિધાઓ • સતત વિકાસની પરંપરામાં વલ્લભ વિદ્યાનગર ઉપરાંત ન્યૂ વલ્લભ વિદ્યાનગર ટાઉનશીપમાં વિવિધ અભ્યાસક્રમોવાળી શિક્ષણસંસ્થાઓની સ્થાપના થતી રહી છે • રાજ્યની પ્રથમ મહિલા ઈજનેરી કોલેજ, સરદાર પટેલના જીવન અને કાર્ય માટે દેશની સર્વપ્રથમ સંશોધન સંસ્થા તેમજ સમગ્ર ગુજરાતમાં અંગ્રેજી માધ્યમની સ્નાતક કક્ષાની પત્રકારત્વ અને સમૂહ માધ્યમોની કૉલેજ • ગુજરાતની યુવાપેઢીને સનદી સેવાઓમાં પ્રવેશ આપવા માટેની સીવીએમ આઈએએસ એકેડેમી • કાયદાશાસ્ત્ર અને ન્યાયશાસ્ત્રની અનોખી કૉલેજ • ઈન્ટિરિયર ડિઝાઈન અને આર્કિટેક્ચરની સ્કૂલ ઉપરાંત ફાઈન આર્ટ્સની ડિગ્રી કોલેજ.


• અંકની છૂટક કિંમત: ₹ ૧૫/- • રવાનગી ખર્ચ ₹ ૧૦/- • વાર્ષિક લવાજમ: ₹ ૧૫૦/-

• વિદ્યાર્થી લવાજમ: ₹૧૦૦/- • આજીવન લવાજમ: ₹૧૫૦૦/-

વલ્લભ વિદ્યાનગરના આદ્યસ્થાપકો પૈકી એક ભાઈકાકાએ ઈ.સ. ૧૯૬૪માં આ વિદ્યાકેન્દ્ર ઉપરથી એક સામયિક પ્રકાશિત થાય જેમાં સાહિત્ય અને શિક્ષણ વિષયક સંસ્કારલક્ષી સામગ્રી રજૂ થાય અને ઉચ્ચ અભ્યાસ અર્થે આવતી કિશોર-યુવાપેઢી એથી લાભાન્વિત થાય, વિદ્યાર્થીઓ અને અધ્યાપકો પણ એમાં સક્રિય રસ લેતા થાય એવી મનીષા પ્રગટ કરી હતી. ફલસ્વરૂપ ૧૯ નવેમ્બર ૧૯૬૪ના રોજ 'વલ્લભ વિદ્યાનગર' પાક્ષિકનો આરંભ થયો. પછીથી એ માસિક સ્વરૂપે 'વિદ્યાનગર' નામે પ્રગટ થતું રહ્યું. । વિ । નામે એનો ત્રીજો અવતાર થયો ત્યારથી પૂર્વ અધ્યક્ષ ડૉ.સી. એલ. પટેલની નિસબત અને ઉદારતાના ફળસ્વરૂપે તે નવપલ્લવિત થયું, અને ઇ.સ. ૧૯૯૯ થી નિયમિતપણે 'વિ-વિદ્યાનગર' એ નામથી પ્રકાશિત થતું રહ્યું છે.

વિ-વિદ્યાનગર
'વિ-વિદ્યાનગર' **www.vvidyanagar.co.in** પર મુકવામાં આવે છે. દેશ-વિદેશના વાચકોને પ્રતિભાવ જણાવવા વિનંતી.

**नवप्रवालोद्गमसस्यरम्यः प्रफुल्ललोध्रः परिपक्वशालिः।**
**विलीनपद्मः प्रपतत्तुषारो हेमन्तकालः समुपागतोऽयम्**
સંદર્ભ : કાલિદાસ ગ્રન્થાવલી

❄

नूतन पल्लवों के उद्‌गम तथा फूलों से मनोहर, फूल गये हैं लोध्रकुसुम जिसमें तथा परिपक्व हो गये हैं धान जिसमें और लुप्त हो गये हैं कमल जिसमें, ऐसा तुषार गिराने वाला यह हेमन्तऋतु का समय आ गया है।


Educational Development in Independent India
**» ડૉ. ભાવેશ પટેલ....................... ૦૩**

|| પ્રાથમ્ય || સકારાત્મક દૃષ્ટિ
**» એસ.જી.પટેલ....................... ૦૭**

|| આપણો વૈભવ અને વારસો || (પદ્ય વિભાગ)
**» મૂળદાસ, મોરારદાસ ....................... ૦૯**

|| નવાં કાવ્યો ||
**» જિગર જોષી 'પ્રેમ', ગૌતમ વકાણી, રમેશ પટેલ, કિશોર બારોટ....................... ૧૦**

|| આપણો વૈભવ અને વારસો || (ગદ્ય વિભાગ) આજનો દિવસ
**» ફાધર વાલેસ....................... ૧૧**

|| લઘુકથા || પ્રણામ
**» ભગીરથ બ્રહ્મભટ્ટ....................... ૧૧**

|| ચિંતન || ભારતીય પ્રજાનું રાષ્ટ્રીય ચારિત્ર્ય
**» નરેશ વેદ ....................... ૧૨**

|| અભ્યાસ || The fort of Gwalior
**» Sagar Desai ....................... ૧૬**

|| અનુવાદ || ''The Long Exile''નું સંક્ષિપ્ત રૂપાન્તર
**» હરિત પંડ્યા ....................... ૨૦**

|| ચિંતન || જીવનસંધ્યાનો ઉજાસ
**» રમણભાઈ પી. પટેલ....................... ૨૪**

|| કૃષિજગત || ખેત રસાયણોના માપસરના ઉપયોગથી થતા ફાયદાઓ
**» જલ્પેશ એસ. પટેલ, ગૌરવ એસ. દવે અને અરવિંદ પરમાર....................... ૨૬**

|| વાર્તા || અમ્મા
**» લતા હિરાણી....................... ૨૮**

|| આયુર્વેદ || આધુનિક આહાર દ્રવ્યો : ભાગ-૧
**» સાગર એમ. ભીંડે ....................... ૩૦**

|| રમત-જગત || હૉકીના જાદુગર મેજર ધ્યાનચંદ
**» પી.ડી. શર્મા....................... ૩૨**

|| વિદ્યાવૃત્ત ||
**» ૨૫, ૩૧, ૩૩, ૩૪, ૩૫**

# Educational Development in Independent India

**Dr. Bhavesh Patel**

The first National Education Policy was announced in the year 1968 (with radical restructuring proposal for education) followed by another one in 1982 (Special emphasis on the removal of disparities and to equalize education opportunity) and then in 1992 (Common Entrance exam for Professional & Technical Education) with in-between some changes in policies.

In this article, we will not write about these policies, but we will take note of major actions in the educational arena for strengthening India in a holistic fashion along with other much needed steps despite resource crunch. The concern for laying a strong foundation of education in India started much before attaining independence because quite a few India's freedom fighters, thought-leaders and shresthis (business leaders) were interested in developing the educational backbone of India anticipating that India will someday get independence and that without education India cannot prosper. With the Government of Indian Act 1935 giving provincial autonomy, marking a point of no return in the history of constitutional development in India, this movement got momentum. This zeal continued even after independence, without waiting for new formal education policy to be drafted.

While Briton achieved her goal of access to natural resources and cheap labour in India during their 190-year rule over India, India was left extremely poorer in terms of natural resources, agriculture, industry, education, and health care when they left. British never bothered to calculate per capita income or national income or GDP, according to one estimate the Indian's contribution to the world GDP was 47% when British came to India and when they left India's GDP growth was just one percent on the extremely low base. Education was deliberately redesigned to make babus and intellectual capital development was killed by Maculae's education system.

Still, let us see what did our leaders and business people do when India and her people did not have enough money and no foreign money was flowing in. Rational allocation of money, support from philanthropists and help from international agencies like the World Bank. The Central Government had recognised that without a strong base of agriculture, industry, communication, research, and education India cannot prosper. Therefore, the Central Government (and even before that Provincial Government, and even before that some foresighted intellectual people) comprehensively initiated several steps to address this multi-pronged problem with short-term, medium-term and long-term goals of being self-sufficient in food, security, and economic growth. First, we will take a snapshot of steps taken for providing a solid foundation for agriculture, defence, science research before we look at the broad points in the area of education.

**Agriculture:**

Agriculture ecosystem is complex but important in any nation, in India, at the time of independence it was extremely the important sector from GDP perspective as well as from an employment perspective. Agriculture needed to maximize the cost efficiency of input like seeds, fertilizers, irrigation water, pesticides, and energy. The sector also needed mechanization for improved productivity. The sector also needed a reduction of drudgery, post-harvest technology and value addition, waste utilization for generating income and employment in rural areas.

India launched the first river valley project, the Damodar Valley Corporation (1949) to tackle the problems of soil and water conservation in Bihar and West Bengal

(source: http://www.yourarticlelibrary.com/agriculture/the-developments-of-indian-agriculture-after-independence/11359) . Then set up her first fertilizer plant (1951) and enacted the Seed Act (1966) with various goals related to developing seeds and promoting them to the farmers. India also established the first Agro-Economic Research Centre (1968 in Andhra University)(Source: https://andhrauniversity.edu.in/academics/research-centres/centre-for-agro-economic-research). Central Soil and Water Conservation Research Institute was established at Dehra Dun.

**Industry:**

India also invested heavily in the core sectors like steel (SAIL, January 1954), invested in the first aluminium plant (1938), Indian Telephone Industries (ITI 1948), Bharat Electronics Limited (BEL - 1954) and many more for providing a strong foothold to the industry as well as communication sector. These are just a few examples.

**Defence:**

India knew the importance of defence if she wanted to maintain her sovereignty. The attack by Pakistan on Kashmir in a few months after independence was a learning event. Hindustan Aeronautics Limited (HAL) was established in 1940. India strengthened her ordinance factories after independence (today 41 such factories), nine Defence Public Sector Undertakings (DPSUs) today. India established Defence Research & Development Organisation, DRDO (1958) with 50-odd defence research and development (R&D) laboratories today. Setting up BARC for nuclear research and development for military and commercial use is yet another example of foresightedness.

**Communication:**

First Subscriber Trunk Dialling (STD) facility was set up in 1960 between Lucknow and Kanpur. Radio broadcasting was initiated in 1927 but became state responsibility only in 1930. In 1937, it was given the name All India Radio and since 1957, it has been called Akashvani. Limited duration of television programming began in 1959, and complete broadcasting followed in 1965. These are just examples of initiatives on the communication side.

**Science Research:**

**ISRO**

The Indian National Committee for Space Research (INCOSPAR) was set up by Dr.Vikram Sarabhai in 1962 to formulate the Indian Space Programme. At the time, the committee was part of the Tata Institute of Fundamental Research. INCOSPAR set up Thumbha Equatorial Rocket Launching Station. Then based on Dr. Sarabhai's vision Indian Spare Research Organisation was established in 1969 superseding INCOSPAR.

**CSIR**

CSIR (1942) today has 38 laboratories under its wings, which have on their name 14,000 patents worldwide. Several people (for example C. V. Raman, A. R. Mudaliar, Bhatnagar and Pandit Jawaharlal Nehru) and Provincial Governments (Bombay, Madras, Bihar and Orissa)contributed in finally setting up CSIR. First Board of Scientific and Industrial Research (BSIR, 1940) was created and then Industrial Research Utilisation Committee (IRUC) was established (1941) and finally, CSIR came into existence in 1942 and its first research Institute in 1945. Today it has 38 laboratories/institutes, 39 outreach centres, 3 Innovation Centres and 5 units as in 2013. CSIR is ranked 84th among 4,851 institutions worldwide according to the Scimago Institutions Ranking World Report 2014 and 17th rank in Asia.(Source: https://www.imtech.res.in/about/csir)

**BARC**

Dr. Homi Jehangir Bhabh aideated the Nuclear Program in India. Dr. Bhabha established the Tata Institute of Fundamental Research (TIFR, 1645) for carrying out nuclear science research. Dr.Bhabha established the Atomic Energy Establishment, Trombay (AEET, 1654) for a multidisciplinary research program essential for the ambitious nuclear program of India, so that the nation can get the benefits of nuclear energy. After the sad demise of Bhabha in 1966, AEET was renamed Bhabha Atomic Research Centre (BARC).

Dr.Bhabha established the BARC Training School to cater to the manpower needs of the expanding atomic energy research and development program. Dr.Bhabha emphasized self-reliance in all the fields of nuclear science and engineering. Today, BARC is the mother of the R&D institutions such as IGCAR, RRCAT, VECC, etc., which carry out pioneering research on nuclear and accelerator technologies and industrial establishments such as NPCIL, NFC, ECIL, etc., spearheading nuclear power production, materials technology, electronics & instrumentation. (Source: http://www.barc.gov.in/about/index.html accessed on 20th November 2019)

***Education:***

**School Systems**

India has primarily four boards of school education, namely State boards, ICSE, CBSE, and IB. Each state has established the State Board for designing syllabus and conducting examinations for 11$^{th}$-grade students (now with the adoption of 10+2+3 system these boards are conducting examinations for 10$^{th}$-grade and 12$^{th}$-grade students). Rajasthan state board is also conducting examination for 8$^{th}$ grade students. The State Board schools offer syllabus with local flavour and requirements and an option to study in the vernacular language.

The University of Cambridge established in India the CISCE Board in 1958. It prescribes the curriculum for three examinations, one for the 10$^{th}$-grade Students (Indian Certificate Secondary Education), another for the 12$^{th}$-grade students (Indian School Certificate) and for 12$^{th}$-grade students who study vocational courses (Certificate of Vocational Education). This board lays equal focus on languages, science and arts, and expects students to select diverse topics.

The Central Government established CBSE Board in 1962. It lays focus on the application of maths and science-related subjects. The wards of central government employees as well as employees who are transferable, can now continue to study with the same curriculum and with write exams of the same Board. Currently, there are approximately 9,000 CBSE affiliated schools across India and in 21 nations.

The International Baccalaureate Organisation (IBO), a non-profit educational organisation based in Geneva, Switzerland started the India programme in 1968, which is known as International Baccalaureate (IB). However, its presence is limited to 18 IB World Schools in 11 cities of India. IB programme focusses on innovative curriculum, stress-free teaching methods, all-round development of pupils and has worldwide acceptance.

**Vocation Education System**

The first Industrial Training Institutes (ITI) was established in 1950 to promote vocational education in India. ITIs and ITCs (Industrial Training Centres) offer vocational training for 130 different trades, which are either job-oriented or self-employment oriented.

**Higher Education System**

On the higher education arena, the post-independence government, with the initiative and suggestions of many intellectual people like Dr.Vikram Sarabhai and some industrialists, set up wonderful institutions with autonomy and liberal Government funding, with a view to provide the backbone of social infrastructure so that a solid foundation for social and economic growth can be laid.

First among them is the Indian Institute of Science (IISc), established in 1909 for carrying out fundamental investigations and the solution of practical problems in such a setting. This was a brainchild of Jamshedji Nusserwanji Tata, a successful businessman and philanthropist. Though J. N. Tata passed away in 1904; Burjorji Padshah, an educationist, worked hard on Tata's plan. Finally, with the help of the Indian Government, with the funds of J. N. Tata, IISc came into existence in 1909 in the southern city of Bengaluru on 371 acres of land donated by the Mysore Durbar.

B.Sc. Agricultural Engineering Programme at Allahabad Agricultural Institute during 1942 and later in IITs and other places was started.

The Central Government realised the need for good technocrats and managers for efficiently running businesses in India. Towards this goal, Central Government established the first Indian Institute of Technology in Kharagpur (1951) and later more, all of which were brought under the Institutes of Technology Act, 1961.

The Central Government established Indian Institute of Management, Ahmedabad on 11 December 1961with the initiative of Dr.Vikram Sarabhai, Kasturbhai Lalbhai and others. Subsequently, more IIMs came up.

The central government set up the Regional Institute of Technology (RIT) in each state. The first one came up in Jamshedpur (1960). These RITs are now called the National Institute of Technologies (NITs).

The foundation for Electronics and Telecommunications was laid in 1947 with starting of the first Electronics & Telecommunications Engineering department at the Government Engineering College, Jabalpur.

The above does not capture the full efforts, but perhaps apt enough to convey the vision and gigantic tasks performed in odd situation. We must take note that despite scarce financial and intellectual resources, the initial Central Government of India demonstrated a great vision for shaping the future of India, invested in the social sector like education in a very thoughtful way, and executed the plans with the help of experts and shresthis. We commend them for the vision and skillful of execution.

---

Bhavesh Patel, Ph. D.

(Note that this article just gives a snapshot of gigantic challenges faced by the early post-independence Government of India, and how it did along with some visionaries and philanthropists developed a clear vision of future India and undertook several actions in an effective way. Author does not intend to make any comparison, but just wants to appreciate the work done in a difficult situation.)

॥ પ્રાથમ્ય ॥

## સકારાત્મક દૃષ્ટિ

**એસ. જી. પટેલ**

એક મેનેજરે તેના સાથીઓની મીટિંગ બોલાવી અને છેલ્લા અઠવાડિયામાં થયેલા કામકાજ અંગે છણાવટ કરી. આમ કેમ? આવું કેમ? જેવી ઘણી પ્રશ્નોત્તરી થઈ પરિણામે તેના સ્ટાફના માણસો બીનજરૂરી પ્રશ્નોથી હેરાન થઈ ગયા. બધા સમજી શકતા હતા કે મેનેજરે તેના યુનિટના વડા તરીકે ઉપલા અધિકારીને કામકાજનો પ્રગતિસૂચક અહેવાલ આપવો પડે. પણ એ માહિતી ભેગી કરવાનો અભિગમ વ્યાજબી નહોતો, જ્યારે સાથી કર્મચારીઓ ઘણા વર્ષોના અનુભવને લીધે ઠરેલ હતા છતાં મેનેજરને તેના સાથીઓમાં વિશ્વાસની ઉણપ હતી. આ બધું તેની મીટિંગમાં થયેલ ચર્ચા પરથી ફલિત થતું હતું.

સમયના વહેણ સાથે સ્ટાફ મિત્રો આ વાતાવરણથી કંટાળી ગયા હતા. તેથી સ્ટાફ મીટિંગમાં મેનેજરની સામે જ જવાબો આપવા લાગ્યા. પ્રમાણમાં થોડા વરિષ્ઠ સભ્યો ગંભીર બની આ બધું જોયા કરતા હતા અને મેનેજર ક્ષોભજનક સ્થિતિમાં મૂકાઈ જતાં પેલા આવેશમાં આવી ગયેલા મિત્રોને શાંત પાડતાં મેનેજરને પૂછ્યું કે સાહેબ અમો તમને મીટિંગ પછી તમારી કેબીનમાં મળી શકીએ? પરિસ્થિતિ અને સમય પારખી લેતાં મેનેજરે પેલા વરિષ્ઠ સભ્યોને મળવા સંમતિ આપી.

વરિષ્ઠ મિત્રો મેનેજરની કેબીનમાં ગયા અને મેનેજરની સામેની ખુરશીઓમાં સ્થાન લીધું. તેમણે મેનેજરને પ્રેમપૂર્વક જણાવ્યું કે, ''આપના જેવા નામાંકિત મેનેજર સાથે કામ કરવાનું અમને ગૌરવ છે. અમે સમજીએ છીએ કે મેનેજરને દરેક બાબતની જાણકારી હોવી જોઈએ–માઈક્રોમેનેજીંગ આવશ્યક છે. પણ સાહેબ, આપણું યુનિટ અનુભવી માણસોવાળું છે. તેઓ જાણે છે કે તેમણે શું કરવાનું છે. તેમને તોફાની છોકરાંની જેમ ઊંચા અવાજે વાત કરવાથી સફળતા મળે નહીં.'' આવી સમજણપૂર્વક વાત કરતાં જણાવી દીધું કે કામદારોની કૌશલ્યની કદર કરો અને એમનું સૌજન્ય સાચવો. એવું નથી કે આપણે એમને માન આપીએ જ છીએ પણ એમને અનુભૂતી થવી જોઈએ. તમને ઘણી વખત તેમના કામના નિરીક્ષણ દરમ્યાન એમના કામને બિરદાવવાની તક મળતી હોય છે એનો ભરપૂર ઉપયોગ કરો. ત્યાર પછી તમને ઈચ્છા થાય એવા પ્રશ્નો પૂછો તો એમના દિલની વાતો જાણી શકાશે.

આપણા બધા કર્મચારીઓ ઉત્સાહી છે. તમો બુદ્ધિશાળી છો. જ્યારે પેલા બધા કૌશલ્ય ધરાવે છે. બંનેનો સુભગ સંગમ થતાં ઘણાં સારાં કાર્યો દ્વારા સફળતા મળશે જ. તે વિષે ચિંતાનુ કોઈ કારણ જ નથી–એ બધા સર્જનાત્મક, વફાદાર અને મહેનતુ છે. તેમનામાં વિશ્વાસ મૂકો. તેમના ઉપર સવાર થઈ જોહુકમ ન કરો. તમારામાં અને એમનામાં વિશ્વાસ સંપાદન કરો. દરેક બાબતને સકારાત્મક દૃષ્ટિથી મૂલવી એમની કાર્યક્ષમતામાં વધારો કરાવો શંકાશીલતા, અસલામતી જેવા ભયજનક વાતાવરણથી તેમની કાર્યક્ષમતામાં સતત ઘટાડો થશે. અમો બધા પણ આ કામદારોમાંના જ છીએ. જો નકારાત્મક્તા વધશે તો અમારા બધાનું મનોબળ તૂટવા લાગશે. ચાલો, આપણે વિસંગતતાઓ ભૂલી સંગતતા દ્વારા હૂંફાળા વાતાવરણને તાજગીસભર બનાવીએ. તમારી ભલમનસાઈનાં કિરણો એમના સુધી પહોંચવા દો. એટલે આપોઆપ તમારામાં અને કામદારોમાં પરસ્પર વિશ્વાસનું વાતાવરણ સર્જાશે.

આ બધી વાતો મેનેજરે ધ્યાનપૂર્વક સાંભળી અને પેલા વરિષ્ઠ મિત્રો સાથે હસ્તધૂનન કરી સંતોષની લાગણીથી ભરપૂર થઈ ઘર તરફ પ્રયાણ કર્યું. તેણે નિર્ણય કર્યો કે મારે હવે મારો સ્વભાવ બદલી બધા સાથે સ્નેહપૂર્વક વર્તી કામ કરવું જોઈએ. એકાદ માસ પછી પેલા વરિષ્ઠ સભ્યો નિવૃત્ત થતા હતા ત્યારે મેનેજરે વિદાયમાન સમારંભમાં આ પ્રસંગનું નિરૂપણ કર્યું અને સૌએ તાળીઓનો ગડગડાટથી વધાવી લઈ આનંદ વ્યક્ત કર્યો.

દોસ્તો, આપણે સૌ પ્રેમ, માયાળુ અને વિશ્વાસના ચાહક રહ્યા છીએ. જેમ મોટા થઈએ છીએ એમ આપણને આશાવાદમાં ઘટાડો અને પડકારોના વધારાનો સામનો કરવો પડે છે. આનાથી નિરાશાનાં વાદળો ઘેરાવા લાગે છે. પણ, હતાશ થઈ જવાથી ડગી જવાની જરૂર નથી. આ રહ્યા વિશ્વાસ સંપન્ન કરવાના કેટલાક ઉપાયો.

**બાળકો સાથે સમય વિતાવોઃ** જો નિયમિતપણે તમારી સાથે બાળકો નથી તો આ દુનિયાની નવાઈ પમાડનાર નવી આતુરતા અને સર્જનાત્મક દૃષ્ટિથી તમો વિમુખ થઈ જાવ છો. બાળકો હમેશાં વિશ્વની સમસ્યાઓ અને અપેક્ષાઓ કે અન્યાયથી અલિપ્ત રહે છે. બાળકોની દુનિયામાં ખોવાયેલ રહેવાથી તેમની રમતિયાળ વૃત્તિ અને નિર્દોષ આનંદમય રહેવાની ખેવનાથી તમો પણ બાળ સહજ સંકલ્પનાઓમાં તરબોળ થઈ ખુશીના દરિયામાં ડૂબકી મારતા થઈ જાવ છો. બાળકો સાથે બાળક જેવા બનતાં જાણી જોઈને બીજાને

નુકસાન કે મુશ્કેલી ઊભી કરવાની વિચારસરણીથી બચી જવાય છે. કંઈક નવું પામવાની ઘેલછા ઉત્પન્ન થતાં જુદા જુદા વિચારો, લોકો અને દુનિયાને સ્વીકારવાની મોકળાશ ઊભી થાય છે.

લોકો પાસેથી એમની સુખદ ક્ષણો વિષે જાણો: દરેક મનુષ્યને તેમના જીવનની યાદગાર પળો વાગોળવાનું બહુ જ ગમતું હોય છે. પણ તે વાતો ખુલ્લી મૂકવા યોગ્ય સમય અને સંજોગો મળવા મુશ્કેલ હોય છે. લોકોને શું ગમે છે? કઈ વાતથી પ્રેરણા મળે છે?– એવી વાતો કરવા માટે આપણા પરિવારમાં સ્નેહીજનો સાથે સમય કાઢવાથી એમને અને તમને ફાયદો થશે.

બોધજનક વાર્તાઓ સાંભળો અને સંભળાવો કે જેનાથી મમતા અને સદ્‌ગુણોનો આવિષ્કાર થાય. વિશ્વમાં સત્કર્મો દ્વારા પ્રેરણાસ્રોત બનનારી અનેક ઘટનાઓ થયા કરતી હોય છે. છતાં આપણાં દૈનિક પત્રોમાં માત્ર ''દિવ્ય ભાસ્કર'' જ સકારાત્મક સોમવાર આપે છે. ઘણા જ ઓછા સમાચાર માધ્યમો સકારાત્મક વાર્તાઓ સ્વીકારે છે. સોશ્યલ મીડિયામાં પણ માત્ર 1. Good News Network 2. Happy News 3. The Huffington post 4. Daily Good News એવા છે કે જે હમેશાં પ્રેરણાત્મક વાતો વહેવડાવે છે.

ઉત્કૃષ્ટ સેવાભાવી સંસ્થાઓનો ઓનલાઈન અભ્યાસ કરો અને તેમના સ્ટાફ-સ્વયંસેવકો જે સત્કર્મો કરે છે તે વાંચો. રેડ ક્રોસ સોસાયટી, ડોક્ટર્સ વીધાઉટ બોર્ડર્સ, નેચર ક્લબ, રોટરી ક્લબ, લાયંસ ક્લબ, જેસીસ ક્લબ જેવી સંસ્થાઓના કાર્યક્રમોમાં જ્યારે તક મળે ત્યારે સામેલ થાવ અને એમની પ્રવૃત્તિઓથી માહિતગાર થાવ તો ખબર પડે કે ઘણાં લોકો પોતાના લાભ કરતાં વધારે અન્યના લાભાર્થે તન-મન અને ધનનો સદુપયોગ કરતા હોય છે. નામાંકિત વ્યક્તિઓના જીવન ચરિત્રો, આત્મકથાઓ તથા સદ્‌ગુણો દ્વારા જીવન વિકાસ થાય એવાં પુસ્તકોના નિયમિત પઠનથી સ્વનિર્વાહની સાથે કેવી રીતે સેવાકાર્ય થાય તેના પાઠો શીખવા મળશે.

તમારા કરતાં ઓછા ભાગ્યશાળી લોકોને મદદ કરવામાં સમય આપો. માત્ર કમભાગી લોકો વિષે વાંચવા કરતાં એવા લોકો સાથે સહૃદયી સ્વયંસેવક બની જોડાયેલ રહેવાથી તેમને કેવા પ્રકારની કઠિનાઈનો સામનો કરી પ્રમાણિકપણે મહેનત કરી કેવી રીતે જિંદગી આનંદમયી બનાવે છે. સામાન્ય રીતે ધર્મશાળા, દવાખાના, દિવ્યાંગ બાળકોની શાળા, આપત્તિ રાહત કેમ્પ જેવા સ્થળોની મુલાકાત હૃદયપૂર્વક લેવાથી અન્ય લોકોની સરખામણીએ આપણે કેટલા સુખી છીએ તેનો ખ્યાલ આવે અને આપણી સ્થિતિ પ્રમાણે શું કરી શકીએ તેનો વાસ્તવિક ખ્યાલ આવે.

એવી બાબતોનો વિચાર કરો કે લોકો તમારા માટે કંઈક કરે કે જેથી તમો એમના ગંભીરતાપૂર્વક આભારી બનો. જો તમો વિચાર કરો કે આપણે કોના ગુણાનુરાગી છીએ તો સંખ્યાબંધ કિસ્સાઓ જોવા મળશે. દા.ત. રસ્તા પર ચાલીએ ત્યારે વાહન ચાલક આપણને હડફેટે લેવાના બદલે કુનેહપૂર્વક સાચવી લે છે. અજાણી જગાએ કોઈકનું સરનામું શોધતા હોય ત્યારે વટેમાર્ગુ તમને સાચો રસ્તો બતાવી અપેક્ષિત સ્થળે પહોંચાડી દે. મુસાફરી કરતા હોઈએ ત્યારે વાહનચાલક આપણને સહીસલામત લક્ષ્યાંકના સ્થળે પહોંચાડી દે. કાર અકસ્માત વખતે અજાણ્યો માણસ મદદે આવી તમને તરત જ હોસ્પિટલે પહોંચાડે, આગમાં સપડાઈ ગયા હો ત્યારે સાહસ કરી તમને બચાવી લે... આવા તો અનેક પ્રસંગોનુ વર્ણન કરી શકીએ. સમજવાનું એટલું જ છે કે આપણે એકલા કદી જીવન માણી શકતા નથી આપણા ઉપર અનેક લોકોના ઉપકાર છે તે જાણો અને માણો.

તમારા મોબાઈલમાં ''Gratitude Journals'' અથવા ''Good News Stories'' ટાઈપ કરી ગુગલમાં સર્ચ કરો તો ઘણી સારી વાતો જાણવા મળશે. તમારા જીવનમાં ઉપયોગી થયા હોય એવા લોકોની યાદી બનાવી, તેમનામાં રહેલી સદ્‌ભાવનાઓ બિરદાવો અને આપણા જીવનમાં એવા લક્ષણોનું ઉર્ધ્વીકરણ થાય એવા સંકલ્પો કરતા રહો. તમારા સાથી કાર્યકારોમાં તમારા વિચાર-વાણી-વર્તનથી વિશ્વાસનું વાતાવરણ વિસ્તારો. જ્યાં તક મળે ત્યાં માયાળુપણાનો ભાવ ફેલાવો. સહાનુભૂતિપૂર્ણ વ્યવહાર કરો. માનવતાની સારપ દેખાઈ હોય તેવી વાતો બીજાને કહો કે જેથી તેમનામાં માનવીય ગુણોનું સંવર્ધન થાય. તમારા પોતાનામાં વિશ્વાસ સ્થાપિત કરો તો આપોઆપ અન્યમાં વિશ્વાસ જન્મશે. એટલે જ કહેવાય છે-Charity begins at Home.

---

માનદ્ મંત્રી, ચારુતર વિદ્યામંડળ, વલ્લભ વિદ્યાનગર

## અનુભવીને એટલું કે, આનંદમાં રે'વું રે..

**મૂળદાસ**

અનુભવીને એટલું કે, આનંદમાં રે'વું રે,
ભજવા પરિબ્રહ્મને, બીજું કાંઈ ન કે'વું રે..
-અનુભવીને એટલું કે, આનંદમાં રે'વું રે...૦

એક જ જાણી આતમા, કોઈને દુઃખ નો દેવું રે
સુખ દુઃખ આવે સહેજમાં, ઈ તો સહીને રે'વું રે..
-અનુભવીને એટલું કે, આનંદમાં રે'વું રે...૦

વેદ જોયા, પુરાણ જોયા, સહુ જોયા તપાસી રે,
રામના નામથી કાંઈ ન મોટું, સંત ઉપાસી રે..
-અનુભવીને એટલું કે, આનંદમાં રે'વું રે...૦

સદ્ગુરુને સેવતાં, જો મનડું મોહ્યું રે,
કૃષ્ણજી કેરા મહાપદમાં, ચિતડું પ્રોયું રે..
-અનુભવીને એટલું કે, આનંદમાં રે'વું રે...૦

જાપ અજપા જાપ જપે, ત્રણ લોકમાં તેવું રે,
મૂળદાસ ક્યે મોહ માયા મૂકી, મહાપદમાં રે'વું રે..
-અનુભવીને એટલું કે, આનંદમાં રે'વું રે...૦

## મારી લેહ તો ભજનમાં લાગી, મૈયા! મારો મનવો ભયો હે વેરાગી....

**મોરારદાસ**

મારી લેહ તો ભજનમાં લાગી, મૈયા! મારો મનવો ભયો વૈરાગી, રે વૈરાગી..
-મારી લેહ તો ભજનમાં લાગી...૦

જગ વેવાર હું સરવે વિસરીયો, બેઠો સંસારીયો ત્યાગી, રે મનવો ભયો વૈરાગી..
-મારી લેહ તો ભજનમાં લાગી...૦

કામ ને કાજ મું ને કડવું લાગે, મારા મનડાની મમતા ભાંગી, રે મનવો ભયો વૈરાગી..
-મારી લેહ તો ભજનમાં લાગી...૦

મંત્ર સજીવન શ્રવણે સાંભળીયો, માંહી મોરલી મધુરી વાગી, રે મનવો ભયો વૈરાગી...
-મારી લેહ તો ભજનમાં લાગી...૦

રજ મોરારને રવિ ગુરુ મળિયા, મુક્તિ ચરણની માગી, રે મનવો ભયો વૈરાગી...
-મારી લેહ તો ભજનમાં લાગી...૦

## વૈરાગ્યના પદને વિઘન આડાં ઘણાં..

**મૂળદાસ**

વૈરાગ્યના પદને વિઘન આડાં ઘણાં, કઠણ બંધ કામના કોક છૂટે;
કનક ને કામીની ચોકી આડી શ્યામની, રામની રમતમાં એ જ લૂંટે..
-વૈરાગ્યના પદને વિઘન આડાં ઘણાં...૦

ભગતિ ભૂલી ગયો, પ્રકૃતિ વશ થિયો, નારીએ નેણને બાણ માર્યો;
જોગ લીધા પછી ભોગ ઈચ્છા કરી, જીતેલી બાજી એમ જીવ હાર્યો...
-વૈરાગ્યના પદને વિઘન આડાં ઘણાં...૦

કામનું મૂળ તે જાણવી કલ્પના, ક્રોધ એ ભરમની ગાંઠ બાંધે,
શીલ સંતોષના ચોબા દીધા વિના, જનમને મરણનો રોગ વાધે...
-વૈરાગ્યના પદને વિઘન આડાં ઘણાં...૦

મૂળ વૈરાગ્યમાં મન જેના ગળ્યાં, અચળ એ વાસનામાં ન ડોલે;
કહે મૂળદાસ જે સંત સમજ્યા ખરું, વેદના વાક્યમાં ચિત્ત જોડે...
-વૈરાગ્યના પદને વિઘન આડાં ઘણાં...૦

## લાવો લાવો કાગળિયો ને દોત...

**મોરારદાસ**

લાવો લાવો કાગળિયો ને દોત, લખીએ હરિને રે;
એવો શિયો રે અમારલો દોષ, નો આવ્યા ફરીને રે...
-લાવો લાવો કાગળિયો ને દોત...૦

વહાલા! દૂધને સાકરડી પાઈ, ઉછેર્યા અમને રે;
હવે વખડાં ઘોળો મા, મા'રાજ! ઘટે નહીં તમને રે...
-લાવો લાવો કાગળિયો ને દોત...૦

હે જી હરજી! હીરને હીંચોળે રાજ, હીંચોળ્યાં અમને રે,
હવે તરછોડો મા, મા'રાજ! ઘટે નહીં તમને રે...
-લાવો લાવો કાગળિયો ને દોત...૦

હે જી હરજી! પ્રેમના પછેડા રાજ! ઓઢાડેલ અમને રે,
હવે ખેંચી લિયો મા, મા'રાજ! ઘટે નહીં તમને રે...
-લાવો લાવો કાગળિયો ને દોત...૦

હે જી વ્હાલીડા! ઊંડેરા કૂવામાં આજ, ઉતાર્યા અમને રે,
હવે વરત વાઢો મા, મા'રાજ! ઘટે નહીં તમને રે...
-લાવો લાવો કાગળિયો ને દોત...૦

ગુણલા ગાય છે રવિ-ગુરુ ભાણ, ત્રિકમ બેડી તારો રે,
એવી પકડો મોરારની બાંય, ભવસાગર ઉતારો રે...
-લાવો લાવો કાગળિયો ને દોત...૦

## ધુમ્મસ ધુમ્મસ

**જિગર જોષી 'પ્રેમ'**

સુખની ઈચ્છા કરવી એ તો રમવું ધુમ્મસ ધુમ્મસ
કોઈ ન જાણી શકતું સામે દુઃખ, ઊભું-લઈ ફાનસ

જીવન સામે ઊભું રહેતું 'છેતરતું અજવાળું'
ખૂબ થતો કચવાટ મનોમન શું છોડું શું માણું?
એક્કે રીતે ઊકલે નહીં આ એવી છે અસમંજસ

આમ વરસતા વાદળ કિંતુ આમ ન થઈએ ભીના
ત્યારે સાલ્લુ ભાન થતું કે સઘળા શ્વાસ 'ઉછીના'
કાગળ જેવું જીવન આપ્યું; આપી સાથે બાકસ

જળમાં જન્મ્યો; જળમાં જીવ્યો; જળમાં વાગી ઠેશ!
આમ જુઓ તો એક્કે રીતે રાશ ન આવ્યો દેશ
અંતે હારી થાકી જઈને બેસી જાતો માણસ

૫૯/ગંગોત્રી પાર્ક, સવાણી કિડની હોસ્પિટલ સામેનો
વિસ્તાર, યુનિ.રોડ, રાજકોટ-૫, મોઃ ૯૯૨૫૧૫૭૪૭૫

## હવે!

**રમેશ પટેલ**

જન્મો જન્મના
પાપ ધોવા માણસ ગયો
નદીએ ન્હાવા.
નદી
માણસથી ગઈ દૂર...દૂર...દૂર...
વહી ગઈ
ભળી ગઈ
દરિયે.
હવે-
આંખમાંથી ટપકતાં....
આંસુના ટીપાંથી ભીંજાયો ગાલ.
હું બની ગયો-
હવે બાળક.
સાવ નિર્દોષ બાળક!
બસ-
વહાલ વરસાવતો
હવે છું;
હું
માણસ!

'પ્રાંજલ', ૩૦, આનંદ વાટિકા સોસાયટી,
અડાજણ રોડ, સૂરત-૩૯૫૦૦૯,
મો. ૯૮૨૫૧૦૦૨૫૫

## કરામત હોય છે

**ગૌતમ વકાણી**

માર્ગમાં એની જ સંગત હોય છે
હું અને મારી મુસીબત હોય છે

જ્યાં હવા અનુકૂળ બને નૌકા ઠગે
હર સફરની એ તો રંગત હોય છે

તો ય એ કરવું પડે આનંદથી
ટેવથી જે સાવ અસંગત હોય છે

જાય તૂટી પણ તરી કો' જાય છે
હોંશ ભીતરની સલામત હોય છે

છે ભયાનક, જો ચડે મસ્તક ઉપર
આમ તો 'ડર' તુચ્છ બાબત હોય છે

તરકીબોનું નામ બીજું છે જીવન
મોત તો છેલ્લી કરામત હોય છે

૨૪, ક્રિષ્ના બંગલોઝ-૩, રાધેશ્યામ પાર્ટી પ્લોટ
પાછળ, સાંગોડપુરા રોડ, આણંદ
મો. ૯૪૨૭૧૭૮૭૨૧

## ગઝલ

**કિશોર બારોટ**

હું મને કાયમ મળું છું. હું જ મારો દોસ્ત થઈ.
ગોઠડી મીઠી કરું છું. હું જ મારો દોસ્ત થઈ.

મન કદી લલચાઈને ચાલે લપસણા માર્ગ પર,
હાથ હું આડો ધરું છું હું જ મારો દોસ્ત થઈ.

ભીતરે ધરબેલ પીડા આંસુ થઈને અવતરે.
હું મને ખભ્ભો ધરું છું. હું જ મારો દોસ્ત થઈ

મારી એકલતા સદા એકાંત થઈને મઘમઘે
આયખુ અત્તર કરું છું. હું જ મારો દોસ્ત થઈ.

જેમને મંદિર અને મસ્જિદ મહીં શોધે જગત
એજ 'હું' ભીતર જડું છું. હું જ મારો દોસ્ત થઈ.

૧૭, રતન બંગલોઝ, રાધાસ્વામી સત્સંગહોલ પાછળ
લકુલેશ નગર સામે, આજવા રોડ, વડોદરા,
મો. ૯૯૨૫૨૫૨૨૨૯

આપણો વૈભવ અને વારસો

।। ગદ્ય વિભાગ ।।

## આજનો દિવસ

**ફાધર વાલેસ**

હમણાં બેએક કલાક પહેલાં ઊઠ્યા, નાહી-ધોઈને તૈયાર થયા, ચા પીધી, છાપું વાંચ્યું, ભગવાનનેય યાદ કર્યા; મનમાં ને મનમાં સંકલ્પ કર્યો કે કોઈ સારું કામ થાય અને કોઈ પુણ્ય મળે. પછી દિવસમાં ઝંપલાવવા તૈયાર થયા, અને એમાં પ્રશ્ન થયોઃ આજનો દિવસ કેવો જશે? કેવો જાય તો મને સંતોષ થાય, આનંદ રહે, કૃતકૃત્યતા લાગે?

કેટલાક લોકો એવી પ્રતિજ્ઞા લે છે કે રોજ કોઈ એક સુકૃત્ય કરવું, જેથી કંઈ નહીં તો એટલું સારું સ્મરણ દિવસમાં રહે અને શુભ કાર્યના પુણ્યથી આખો દિવસ સારો ગયો એમ કહી શકાય. દિવસ ગમે તેવો ગયો હોય, પણ તેને માથે એક સુકૃત્યનો ચાંલ્લો આવ્યો એટલે આખો દિવસ પવિત્ર બન્યો.

એ ભાવના છે અને ભાવના સુંદર છે. પણ આજે મારો વિચાર કંઈક જુદો છે. સુકૃત્યો તો જરૂર કરીએ; પરંતુ જાણે દિવસને મામૂલી બનતો અટકાવવા માટે નહીં. એકાદ સુકૃત્યથી નમાલા દિવસ ઉપર ઓપ ચડાવવાનો સવાલ નથી. આખો દિવસ પવિત્ર જોઈએ - પછી ચાંલ્લો કરીશું, પછી પવિત્ર મંદિર ઉપર કળશ ચડાવીશું.

એટલે કે આખો યે દિવસ પવિત્ર છે જ. એ મામૂલી, સામાન્ય દિવસ પવિત્ર છે. એ કેવી રીતે? મંદિરના પથ્થરો પવિત્ર છે, એ રીતે. એ તો પથ્થર જ છે - પણ પોતાને સ્થાને છે, પોતાનું કામ કરી રહ્યા છે, પોતાનો પથ્થર-ધર્મ પાળે છે, એટલે પવિત્ર છે. શરીરનાં અંગો પવિત્ર છે, એ રીતે પણ. એ તો હાથ-પગ છે, હાડમાંસ છે, ગંદાં-મેલાં થાય; પણ પોતાને સ્થાને છે, પોતાનું કામ કરે છે, પોતાનો ધર્મ પાળે છે, એટલે પવિત્ર છે.

ચાંલ્લો આવે તે પહેલાં, કળશ આવે તે પહેલાં જ, દેહ પવિત્ર છે, મંદિર પવિત્ર છે - અને દિવસ પણ પવિત્ર છે. એનાં બધાં કૃત્યો - ઊઠવાનું ને બેસવાનું, ઊંઘવાનું ને જાગવાનું, ઑફિસનું કામ ને ઘરના પ્રસંગો ને મિત્રોની મુલાકાતો - બધાંનું સ્થાન છે, બધાંનું કામ છે, બધાંનો ધર્મ છે અને તેથી એ બધાંથી બનેલો આખો દિવસ પવિત્ર છે.

કોઈ વિશિષ્ટ કૃત્યની જરૂર નથી, કોઈ સોનાની ઈંટની જરૂર નથી; હોય તો સારું છે, પણ એ ન હોય તોય દિવસને મંગળ કહીશું. દરેક કાર્ય હોવું જોઈએ તેવું હોય, એટલું જ જરૂરી છે. ખાવાનું તો ખાવાનું અને વાંચવાનું તો વાંચવાનું. વાતચીત તો વાતચીત અને પ્રાર્થના તો પ્રાર્થના. દરેક પોતાના સમયે થાય, પોતાની રીતે થાય, આનંદથી થાય. દરેકમાં ધ્યાન અને દરેકથી સંતોષ. એ રીતે સારો દિવસ થાય. એ રીતે સારું જીવન જિવાય. આજનો દિવસ એવો જીવીએ!

('અરધી સદીની વાચનયાત્રા' માંથી સાભાર)

।। લઘુકથા ।।

## પ્રણામ

**ભગીરથ બ્રહ્મભટ્ટ**

તમારે ત્યારે મારી બેંકમાં ખાતું ખોલાવાનું હતું. માંડવીની સ્કૂલમાં નવાંનવાં શિક્ષિકા થઈને આવેલાં. મેં ફોર્મ ભરતાં પૂછ્યું-આપનું નામ? આપે કહ્યું-'અંબિકા' મારાથી સહજ બે હાથ જોડાઈ ગયેલા. તમે સ્મિત કરેલું. ત્યારે પણ તમારાં ધવલ સ્વચ્છ વસ્ત્રો અને ચમકતો ગૌર ચહેરો જ મારા હૃદય મંદિરમાં ખાતું ખોલાવી ગયો હતો. પગાર થાય એટલે માત્ર એકવાર તમે બેંકમાં આવતાં હું હાથ જોડતો. તમે એમ જ સ્મિત કરી. આંખોથી હાથ ન જોડવા કહેતાં.... એ ક્રમ સાતેક મહિના ચાલ્યો હશે-પછી તો મારી બદલી થઈ ગઈ અમદાવાદ.

મારી એક પિતરાઈબેન તમારા 'નારીકલ્યાણ કેન્દ્ર'માં પ્રવેશ પામી હળવી થઈ ત્યારે તેણીએ તમારું નામ આપેલું. તમારી કર્મઠતા અને પ્રમાણિકતાનો પરિચય કરાવેલો.. મને પણ તમને મળવાની ઈચ્છા થઈ.. મેં આપને બે હાથ જોડી પૂછ્યું-'ઓળખ્યો?' આપનો ચહેરો કંઈક યાદ કરવાની કોશિશમાં હતો અને મેં કહ્યું-'માંડવી ? દેના બેંક!' પુનઃ તમારું એ જ સ્મિત.. મેં પુનઃ હાથ જોડ્યા.. તમે એ ત્રીસ વર્ષ પૂર્વેની અદાથી ચહેરો હલાવી ઈનકાર કર્યો ત્યારે મેં કહ્યું-'આજે હું તમારા નામને નહિ, તમારા કામને પ્રણામ કરું છું.'

'ગ્રેસ' બંગલો પ્લોટનં ૮૩૬ મનીષ કોર્નરની પાછળ,
વલ્લભવિદ્યાનગર-૩૮૮૧૨૦, મોઃ-૯૮૭૯૫૨૩૨૭૬

॥ ચિંતન ॥

# ભારતીય પ્રજાનું રાષ્ટ્રીય ચારિત્ર્ય

**નરેશ વેદ**

દેશમાં ફેલાયેલા સંગ્રહાખોરી, દાણચોરી, કરચોરી, આતંકવાદ, ભ્રષ્ટાચાર વગેરે દૂષણોની ચર્ચા કર્યા બાદ આખરે લોકો એક તારણ ઉપર પહોંચે છે કે આ બધાં દૂષણોનાં મૂળમાં મુખ્ય કારણ છે રાષ્ટ્રીય ચારિત્ર્યના પતનનું (The fall of national character). ત્યારે મનમાં પ્રશ્ન ઊઠે છે કે રાષ્ટ્રીય ચારિત્ર્ય એટલે શું ? વ્યકિતના ચારિત્ર્ય વિશે આપણે સાંભળ્યું છે પણ રાષ્ટ્રીય ચારિત્ર્ય હોય ખરું? વર્ષોના સંપર્ક, પરિચય અને સહવાસ પછીય કોઈ વ્યક્તિના ચારિત્ર્ય વિશે નક્કરપણે આપણે કશું કહી શકવાની સ્થિતિમાં હોતા નથી; તો પછી કરોડો વ્યક્તિઓથી બનેલા રાષ્ટ્રના ચારિત્ર્ય વિશે કઈ રીતે આપણે કશું જાણી શકીએ? રાષ્ટ્રીય ચારિત્ર્ય એ કોઈ શેખચલ્લીના મગજનો કોઈ તરંગ છે કે પછી વિશ્વના પ્રબુદ્ધ વિચારકો અને વૈજ્ઞાનિકોએ સ્વીકારેલો અને અપનાવેલો સંપ્રત્યય છે?

આવા પ્રશ્નો કોઈના મનમાં ઊઠે તો એના ઉત્તરો છે: હા, જેમ વ્યક્તિને તેનું વ્યક્તિત્વ તેમ જ ચારિત્ર્ય હોય છે તેમ પ્રત્યેક રાષ્ટ્રને પણ તેનું આગવું વ્યક્તિત્વ અને ચારિત્ર્ય હોય છે. એ કોઈ મનસ્વી માનવીનો તરંગ નથી પણ વર્તનવાદી વિજ્ઞાનીઓ, રાજકીય વિશ્લેષકો અને ઇતિહાસવિદ્યાના વિશારદોએ સ્વીકારેલી સમૃદ્ધ અને અનેક રાષ્ટ્રોએ વ્યવહારિક સ્તર પર સ્વીકારેલી અવધારણા છે. આંતર રાષ્ટ્રીય સંબંધ (International relation) અને વિદેશ પ્રજ્ઞાના નિષ્ણાત એવા (foreign intelligence) સંદર્ભમાં ઉપયોગી માની પોત-પોતાના રાષ્ટ્રની શિક્ષણનીતિમાં એને આમેજ કરી અભ્યાસક્રમમાં દાખલ કરેલો અધ્યયન-વિષય પણ છે. વ્યક્તિના ચારિત્ર્યસ્ખલનની માફક રાષ્ટ્રના ચારિત્ર્યપતનની વિચારણા સ્વતંત્રપણે અવશ્ય થઈ શકે. આવી વિચારણા વ્યવસ્થિત રીતે થઈ શકે એ માટે આપણે આ લેખમાં ચાર મુદ્દાઓ ક્રમશઃ છણીશું (૧) રાષ્ટ્ર એટલે શું? (૨) ચારિત્ર્ય એટલે શું? (૩) રાષ્ટ્રીય ચારિત્ર્ય એટલે શું? અને (૪) ભારત એક રાષ્ટ્ર છે કે નહીં તથા (૫) એક રાષ્ટ્ર તરીકે એનું ચારિત્ર્ય કેવું છે? આ બધી બાબતોની સ્પષ્ટતા આપણે શૈક્ષણિક કે વિદ્વતામૂલક ધોરણે અમુકતમુક વિદ્વાનોની વ્યાખ્યાઓ અને વિચારો ટાંકીને નહીં કરીએ, પરંતુ સામાન્ય લોકોને પણ સમજાય એવી સાદી સરળ અને વ્યવહારુ ભૂમિકાએ કરીશું.

રાષ્ટ્રની સંકલ્પના કરતાં ભૂમિવિસ્તાર, રાજકીય શાસન વ્યવસ્થા, જાતિ, ધર્મ, ભાષા, ઈતિહાસ, સંસ્કૃતિની એકતા અને સમાનતાનાં તત્ત્વો લક્ષમાં લેવાય છે. એને આધારે રાષ્ટ્રની સામાન્ય સમજૂતી આપણે આ રીતે આપી શકીએ: કોઈ વિસ્તૃત કદના પણ સુબદ્ધ ભૌગોલિક વિસ્તારમાં સ્વેચ્છાથી વસતો, એક જ રાજ્યશાસન હેઠળ જીવતો, સમાન સાંસ્કૃતિક જીવનધરોહર ધરાવતો, જાતિ, ધર્મ, ભાષા અને પરંપરાઓની વિભિન્નતા છતાં પોતા વચ્ચે પારસ્પરિક આત્મીયતા અને સહૃદયતા સ્થાપતો પ્રજાસમુદાય એટલે રાષ્ટ્ર.

મનુષ્યનો શારીરિક, વાચિક અને બૌદ્ધિક દેખાવ એનું વ્યક્તિત્વ પ્રગટ કરે છે, પણ ચારિત્ર્ય એટલે મનુષ્યના માનસિક (mental) અને નૈતિક (moral) પક્ષો (aspects)નો સમ્મુચય. આપણા દેશમાં આપણે એને ‘શીલ’ અને ‘દામન’ એવી સંજ્ઞાઓથી ઓળખવાનું વધુ પસંદ કરીએ છીએ અને એનો સંબંધ સદાચાર (સત્ આચાર) સાથે જોડીએ છીએ. ભારતીય પ્રજાને મન આ શીલ અથવા ચારિત્ર્યનું મહાત્મ્ય ઘણું છે. એક અંધ, દુષ્ટ, ધૃષ્ટ અને ખલ રાજસત્તાએ એક સતીના શીલ અથવા સ્વમાનની અવમાનના કરી અને એને કારણે કુરુક્ષેત્રનું ધમસાણ યુદ્ધ થયું હતું. પશ્ચિમી પ્રજાએ પણ એક સૂકિત બનાવી જ છે ને? When money is lost nothing is lost, when health is lost Something is lost, but when character is lost everything is lost. અંગ્રેજી ભાષાની આ character સંજ્ઞા ચરિત્ર અને ચારિત્ર્ય ઉભયની પરિચાયક છે. ભારતીય પ્રજા, ચારિત્ર્યને વ્યક્તિનો સર્વોચ્ચ ગુણ, અમીરી અસ્મત ગણે છે, પણ બીજી બાજુ કોઈ વ્યક્તિના ચારિત્ર્ય વિશે વાત કરતાં દૂધીનું ડીટિયું કાપવા જેટલી સહજતાથી કોઈના ચારિત્ર્ય વિશે અભિપ્રાય પણ ઉચ્ચારે છે! આમ, ચારિત્ર્ય એટલે માણસની ટેવ-કટેવ કે તેની કાળીધોળી વ્યક્તિતા નહીં પરંતુ તેનો આંતરિક ગુણધર્મ. એનું ઘડતર શિક્ષણ વડે થાય અને એની ઓળખ એ માણસ એના જીવનના નાના મોટા પ્રસંગોથી માંડી કપરી કસોટી કે તીવ્ર કટોકટીમાં કઈ રીતે વર્તે છે એને આધારે થાય છે. ‘કાજળની કોટડીમાં જાય પણ કાજળનો ડાઘ ન લાગે’ એવી ઉક્તિ પાછળ આ વાતનું ધ્વનન છે. આટલી ચર્ચાનો સાર એ કે ચારિત્ર્ય એટલે માણસનું આંતર-સત્ત્વ (inner substance). ચારિત્ર્ય વિશે કોઈએ કશું કહેવાની જરૂર પડતી નથી. જેમ ફૂલમાંથી ફોરમ આપોઆપ વહે છે તેમ શીલની સુવાસ આપોઆપ પ્રસરતી રહે છે.

પણ આ તો વ્યક્તિના ચારિત્ર્યની વાત થઈ, રાષ્ટ્રનું-ચારિત્ર્ય એટલે શું? એની ઓળખ કેવી રીતે થાય? વ્યક્તિના જૂથથી જેમ સમાજ બને છે તેમ સમાજોના જૂથથી રાષ્ટ્ર બને છે. જેમ ટ્રેડ્યુનિયન, કિસાનસંઘ, મેડિકલ એસોસિએશન વગેરે જૂથો અમુક સમાન હિતો-આશયો કાજે અસ્તિત્વમાં આવે છે તેમ રાષ્ટ્ર પણ અસ્તિત્વમાં

આવે છે. આ જાતનાં જૂથો, સંઘો, સમાજોને જેમ એમના વ્યક્તિત્વ અને ચારિત્ર્ય હોય છે તેમ રાષ્ટ્રને પણ પોતપોતાનાં વ્યક્તિત્વ અને ચારિત્ર્ય હોય છે. જો એમ ન હોય તો આપણે અમુક પ્રાંતના કે રાષ્ટ્રના પ્રજાસમુદાય વિશે લક્ષણદર્શક અભિપ્રાયો ઉચારીએ છીએ તે ન ઉચ્ચારતા હોત. જેમ કે, બંગાળીઓ આળસુ, મીઠાઈપ્રિય, મધુરભાષી, મરાઠાઓ ખડતલ, મહેનતુ, ઝઘડાળું, ગુજરાતીઓ શાંતિપ્રિય, વેપારી માનસવાળા વગેરે. ફ્રેંચ પ્રજાની ઓળખ રસિકતાથી, જર્મન પ્રજાની શિસ્તપ્રિયતાથી, અંગ્રેજ પ્રજાની અતડાપણાથી, અમેરિકન પ્રજાની નિખાલસતાથી ઓળખ આપીએ છીએ તે શું બતાવે છે? છે તો આ બધા અમુક કે તમુક પ્રાંતના કે રાષ્ટ્રના પ્રજાસમૂહો પણ એની નિરનિરાળી ઓળખ હોય છે. એ વસ્તુ જ બતાવે છે કે પ્રત્યેક રાષ્ટ્રને પણ આગવું વ્યક્તિત્વ અને ચારિત્ર્ય હોઈ શકે. જેમ વ્યક્તિના અસલી ચારિત્ર્યનો અધિકૃત પરિચય એની કસોટી કે કટોકટીભરી પરિસ્થિતિમાં થાય છે તેમ રાષ્ટ્રના ચારિત્ર્યનો પરિચય પણ એના ઉત્થાન અને પતનની પરંપરા દરમ્યાન થાય છે.

ભારત હજારો વર્ષોથી અસ્તિત્વ ધરાવતો દેશ (country) હતો પણ રાષ્ટ્ર (nation) તરીકે તો એ અસ્તિત્વમાં બહુ મોડો આવ્યો. અંગ્રેજોના આગમન પહેલા એ અનેક ટુકડાઓમાં અનેક શાસકોના શાસનતળે વેરવિખેર હતો. અંગ્રેજોએ આ બધા ટુકડાઓને સાંકળીને સમાન રાજકીય અને શાસકીય વ્યવસ્થા હેઠળ એને આણ્યો. આઝાદી બાદ એને પોતાનું રાષ્ટ્ર બંધારણ ઘડ્યું અને વહીવટી, સરકારી અને ન્યાયિક વ્યવસ્થાતંત્ર અપનાવી રાષ્ટ્ર તરીકે વિકસાવ્યો. આજે એ ચીન, જાપાન, ફ્રાંસ, બ્રિટન, અમેરિકા જેવું જ એક રાષ્ટ્ર છે અને આ બધાં રાષ્ટ્રો સાથે તેને રાજકીય સંબંધો પણ છે. જો ભારત એક રાષ્ટ્ર છે તો એનું ચારિત્ર્ય કેવું છે? ભારતીય પ્રજાના ચારિત્ર્યના સબળા અને નબળા અંશો ક્યા છે?

ભારતીય પ્રજાના ચારિત્ર્ય વિશે વાત કરીએ સૌ પ્રથમ યાદ આવે એની સમન્વયશીલતાની. હજારો વર્ષોથી આ દેશમાં બહારથી અન્ય પ્રજાઓ આવતી રહી છે. અહીં આર્યો, ગ્રીકો, હૂણો, અંગ્રેજો, પોર્ટુગીઝો, પારસીઓ- એમ કેટલીકય પ્રજાઓ બહારથી આવતી રહી છે. ભારતીય પ્રજાએ એ બધી જાતિઓને પોતાનામાં ઉદારભાવે સમાવી છે. આર્યો અને પારસી જેવી જાતિઓ તો આ રાષ્ટ્રની મૂળભૂત પ્રજા (aboriginal race) જોડે દૂધ-સાકર સંબંધથી જોડાઈ ગઈ છે. આ બધી જાતિઓની સભ્યતા અને સાંસ્કૃતિકતાનો સુભગ સમન્વય રચી ભારતીય પ્રજાએ એક સમન્વિત સંસ્કૃતિ (composite culture) વિકસાવી છે.

કોઈ રાષ્ટ્રની પ્રજા બહારથી ચડી આવતી પ્રજાને આટલી સુકરતા અને ઉદારતાથી પોતાનામાં સમાવે નહીં. ભારતીય પ્રજાએ સમાવી છે તેનું કારણ તેના ચારિત્ર્યનો બીજો ગુણ છે શાંતિચાહના. ભારતીય પ્રજા શાંતિચાહક પ્રજા છે. ઝનૂની, ઝઘડાળુ અને આક્રમણખોર પ્રકૃતિવાળી નથી. 'જીવોને જીવવા દો' એ ભાવના ભારતીય પ્રજાજનને ગળથૂથીમાં મળેલી છે. વિરોધ, ઘર્ષણ થાય, થયાં પણ છે. પરંતુ અનધિકાર ચેષ્ટાથી અણહક્કનું, કોઈનું કાંઈ ઝૂંટવી કે પડાવી લેવાની એની પ્રકૃતિ નથી. આ શાંતિઝંખનાને કારણે તો આ રાષ્ટ્રએ ક્યાંય કોઈ અન્ય રાષ્ટ્ર પર લશ્કરી આક્રમણો કરી યુદ્ધો કર્યા નથી. સન ૧૯૬૨, ૧૯૬૫ અને ૧૯૭૨માં ચીન અને પાકિસ્તાને આક્રમણો કરી એને યુદ્ધમાં ઊતરવાની ફરજ પાડી ત્યારે એ યુદ્ધમાં સામેલ થયું છે. એટલું જ નહીં યુદ્ધમાં પાકિસ્તાનનો સર કરેલો પ્રદેશ અને કેદ કરેલા પંચોતેર હજાર જેટલા યુદ્ધકેદીઓ બિનશરતી પરત કર્યા છે. દુનિયામાં જેનો જોટો ન જડે એવું વિરલ આ દૃષ્ટાંત છે. ચીન અને પાકિસ્તાન જેવાં રાષ્ટ્રો દેશમાં માફિયા અને ભાંગફોડિયાઓ ઘૂસાડી ભાંગફોડ અને ત્રાસવાદની પ્રવૃત્તિઓ કરે છે, કેટલીક વખત સરહદો પર સશસ્ત્ર સૈન્ય જમાવટ કરી ઉશ્કેરણી કરે છે, કેટલીક વખત આપણા સરહદી પ્રજાજનો અને સીમા સુરક્ષાદળો પર વિનાકારણ ગોળીબારી કરે છે. એને વળતો મુંહતોડ જવાબ વાળવા ભારત પણ આવી હીન પ્રવૃત્તિ કરી શકે. પણ ભારતે એવું કદાપિ કર્યું નથી. ઊલટું ચીન સાથે એણે પંચશીલના કરારો કર્યા હતા. પાડોશી રાષ્ટ્રો સાથે શાંતિમય સહઅસ્તિત્વની નીતિ સ્વીકારી છે. આજુબાજુનાં રાષ્ટ્રો સાથે પ્રશ્નો ઊભો થાય તો પરસ્પર ચર્ચા-વિચારણા અને વાટાઘાટો વડે ઉકેલવાનું જ હમેશાં તેણે પસંદ કર્યું છે. રાષ્ટ્રના વિભાજન સમયે જે કત્લેઆમ થઈ હતી અને આઝાદીના પચીસ વર્ષો દરમ્યાન દેશની અંદરના ગદ્દારો અને વિદેશી વિદ્યાર્થીઓની હરકતોને કારણે કોમીરમખાણો થયાં છે તે પણ આ પ્રજાએ તરત જ કાબૂમાં લઈ લીધાં છે. આંતર વિગ્રહમાં દેશને ધકેલાઈ જવા દીધો નથી. અંગ્રેજ સલતનતને પણ સત્યાગ્રહ અને સવિનય કાનૂનભંગ જેવી અહિંસક પદ્ધતિ વડે અહીંથી વિદાય કરી હતી, લોહિયાળ યુદ્ધો વડે નહીં. એ બતાવે છે કે ભારતીય પ્રજા શાંતિચાહક પ્રજા છે. વૈર, ઝેર, વિખવાદ, વિગ્રહ, યુદ્ધ, હિંસામાં એને શ્રદ્ધા નથી.

ભારતીય પ્રજા શાંતિચાહક છે એ તો ખરું જ પણ એ સહિષ્ણુ પણ ઘણી છે. અન્ય રાષ્ટ્રોનાં આક્રમણો એણે સહ્યાં છે. બહારથી અહીં આવેલી અને સ્થિર થયેલી પ્રજાએ પોતપોતાના રીતરિવાજો, ટેવો-ખાસિયતો લઈને આવી હતી એ પણ એણે સહન કર્યા છે. ઉપખંડ જેવા આ દેશમાં ભાષા, ધર્મ, ખાનપાન, રીતરિવાજ, રહેણીકરણીનું

અપાર વૈવિધ્ય છે. અહીં એક જ કુટુંબમાં જુદા જુદા ધર્મો પાળનાર સભ્યો એક જ ઘરમાં સાથે રહે છે. પરણીને સાસરે આવતી કુળવધૂનો પિયરમાંનો ધર્મ સાસરિયાથી જુદો હોય, સાસુ-વહુ અથવા પતિ-પત્ની અલગ અલગ ધર્મમાં આસ્થા ધરાવતા હોય, અને છતાં સૌ એક જ રસોડે જમતા હોય છે. એક જ કુટુંબમાં મોટોભાઈ મુસ્લિમ ધર્મ અને નાનોભાઈ હિંદુધર્મ પાળતો હોય છે. હિન્દુ-મુસ્લિમ, હિન્દુ-ખ્રિસ્તી, હિન્દુ-પારસી, જૈન-વૈષ્ણવ, ધર્મ-સંપ્રદાયોના સભ્યો આંતરધર્મી લગ્નો કરી પોતપોતાના લગ્નજીવનમાં સુખશાંતિથી જીવે છે. અહીં હિન્દુ, જૈન અને બૌદ્ધ ધર્મ તો હતા જ, પાછળથી એમાં ઈસ્લામ, ક્રિશ્ચયન, જરથોસ્તી, યહૂદી, ઝેન, તાઓ, શિયામ વગેરે ધર્મોમાં આસ્થા ધરાવતી પ્રજા ઉમેરાઈ. એ બધા ધર્મો-સંપ્રદાયો અને માર્ગો પંથોમાં એકમેકથી અલગ અનેક બાબતો છે છતાં ભારતીય પ્રજા હજારો વર્ષોથી સંપીજંપીને પરસ્પરમાં હળીભળી પરસ્પરને ચાહી-સ્વીકારીને જીવી શકી છે એનું કારણ એની સહિષ્ણુતા છે.

ભારતીય પ્રજાના ચારિત્ર્યમાં ધૈર્ય (forbearance) અને તિતિક્ષા (endurance)ના ગુણો પણ છે. વેપાર કરવાના ઈરાદે આવી સત્તાધીશ થઈ પોતાના ઉપર આધિપત્ય જમાવી બેઠેલી અંગ્રેજ સત્તાને હાંકી કાઢવા પ્રથમ વિપ્લવ ૧૮૫૭માં કર્યા બાદ ગુલામીની ધૂંસરીમાંથી મુક્ત થઈ સ્વતંત્રતાની મુક્ત હવા ઝંખતી આ પ્રજાએ ૧૯૪૭ સુધી-એટલે કે નવ નવ દાયકા સુધી ધીરજ ધરી એ સત્તા સાથેની પોતાની અસહમતિ પ્રગટ કરતા રહી હિંસક યુદ્ધ છેડ્યા વિના એને વિદાય કરવાની તાકાત બનાવી હતી. ધીટ, ધૂર્ત, મુત્સદી અંગ્રેજોના આવડા મોટા સામ્રાજ્યને પોતાની બેઠી તાકાતથી વિદાય કરી શકનાર ભારતીય પ્રજાને માટે દીવ-દમણ અને ગોવામાં સત્તાધીશ થઈ બેઠેલી પોર્ટુગીઝ પ્રજાને હાંકી કાઢવાનું સહેજે મુશ્કેલ ન હતું. પરંતુ આઝાદી બાદ ભારતીય પ્રજાએ એના ઉપર હુમલો કર્યા વિના ચૌદ ચૌદ વર્ષો સુધી એના નિર્ગમનની રાહ જોઈ હતી. એ પ્રજા નાસમજ થઈ ત્યારે લાચાર થઈ તેની લાલ આંખ બતાવી હતી. ભારતીય પ્રજા પર યુગોથી વિદેશી અને વિધર્મીઓના આક્રમણો, જેવી સુલતાની અને દુષ્કાળ, ભૂકંપ, જળરેલ જેવી આસમાની આફતો અને આપત્તિઓ અનેક વખત આવી છે છતાં ભારતીય પ્રજા ક્ષુભિત કે વિચલિત થઈ નથી. હતાશ, નિરાશ, નાસ્તિક થઈ નથી. સુખમાં અને દુઃખમાં, આપત્તિ કે વિપત્તિમાં એ અવિચળ અને સ્વસ્થ રહી શકી છે એની ધૈર્યશીલતા અને તિતિક્ષાવૃત્તિને કારણે, એણે અંગ્રેજ અને પોર્ટુગીઝ સરકારોનો વિરોધ કર્યો હતો. અંગ્રેજ અને પોર્ટુગીઝ લોકોનો નહીં. અંગ્રેજ સરકારે દમનનો કોરડો વીંઝયા પછીય એણે મોટા સત્તાધારીઓની નૃશંસ હત્યાનો માર્ગ લીધો ન હતો. બ્રિટિશ શાસન વખતે બંગાળમાં કારમો છપનિયો દુકાળ પડ્યો હતો. છતાં નહોતા અનાજના ગોદામો લૂંટાયા, નહોતા રોટીરમખાણો ફાટી નીકળ્યાં. પહેલા વિદેશી અને પછી દેશી સત્તાધીશોએ ક્યારેક અન્યાય અને અપમાન અત્યાચાર કર્યા હશે, એને સુખી અને સમૃદ્ધ કરવાનાં વચનો આપી કશું કર્યા વિના છેતરપીંડી કરી હશે, એમ છતાં આ પ્રજાએ એ બધું મૂંગે મોંએ સહન કરી લીધું છે. ક્યારેય ધૂંધવાઈ, અકળાઈ, ઊકળી જઈ કાનૂન તોડી લોહિયાળ ક્રાન્તિ નથી કરી એ આ કારણે.

અન્ય વ્યક્તિ-જાતિ કે સમાજના ગમા- અણગમા, આચાર-વિચારનાં ધારાધોરણો, ક્રિયાકાંડો અને વિધિવિધાનોને જીરવીને જીવવાનું ઘણું કપરું હોય છે. છતાં ભારતીય પ્રજા પોતાની ઉદાર સમતા દૃષ્ટિ વડે એ બધું જીરવીને જીવી શકી છે.

કારણ કે એની મનોવૃત્તિ ગમ ખાવાની, જતું કરવાની, સમાયોજન સાધી લેવાની અને એ રીતે અણગમતી, અનપેક્ષિત, બાબતને સહન કરી લેવાની ધીરજ અને તિતિક્ષા છે. અને આ ભારતીય પ્રજાનો મોટો ગુણ છે.

આપણી પ્રજાના ચારિત્ર્ય વિશે વાત કરતાં આપણે જેમ એનાં ઉજળાં અંશો જોયા, તેમ એના નબળા અંશો પણ જોવા જોઈએ. એ રીતે જોઈ-વિચારીએ તો આપણી પ્રજાનાં ચારિત્ર્યગત અપલક્ષણો પણ કાંઈ ઓછાં જોવાં મળતાં નથી. આપણે વધુ પડતાં આત્મસંતોષી છીએ. ભૂમામાં સાચું સુખ છે; એવું માનતા હોવા છતાં મોટી આશાઓ અને આકાંક્ષાઓમાં રસ ધરાવવાને બદલે અલ્પથી; નાનીનાની વાતથી સંતુષ્ટ થઈ જઈએ છીએ. મોટાં સ્વપ્નાં, મોટી ઝંખનાઓ રાખતાં નથી, અને એ પ્રાપ્ત કરવા મથતા નથી. આવું જ બીજું અપલક્ષણ છે આપણી પ્રજાની શાહમૃગીવૃત્તિ (refusal to face the truth). આપણી પ્રજા સામે જ્યારે જ્યારે કસોટીઓ આવે ત્યારે એનો જોરદાર મુકાબલો કરવાને બદલે, ભાગ્યમાં એવું લખાયું હશે, એવું વિચારી સ્વીકારીને આંખ આડા કાન કરે છે. જેમ આંધી કે તોફાન સમયે શાહમૃગ પોતાનું માથું ધૂળમાં છુપાવી લે છે તેમ. એ જ તો કારણ છે કે આપણે અન્યાય અને દોંગાઈને પ્રારબ્ધવાદી માનસથી બરદાસ્ત કરી લઈએ છીએ. આવા પ્રસંગે આપણું લોહી ઉકળી ઊઠવું જોઈએ, પણ આપણું લોહી ઊકળી ઊઠતું નથી. કારણ કે આપણે ઠંડા લોહીવાળી (low arousal) પ્રકૃતિવાળી પ્રજા છીએ.

આવાં જ બીજાં આપણાં બે અપલક્ષણો છે: અસ્વચ્છતા અને સમયમૂલ્યની અબુધતા. સ્વચ્છતાનું મૂલ્ય અને સમયનું મૂલ્ય આપણી પ્રજા સમજતી નથી. નથી સમયનું પાલન કરતી, નથી સ્વચ્છતાનું. સરકાર

સ્વચ્છતાના ગમે તેટલાં અભિયાન ચલાવે પણ આપણે એને અનુમોદન આપતા નથી. આપણે મુખ્ય વક્તા હોઈએ ત્યાં નિશ્ચિત સમયે પહોંચતાં નથી, મોડા પહોંચીએ છીએ. એટલું જ નહીં 'ઇન્ડિયન સ્ટાન્ડર્ડ ટાઈમ અનુસાર તો હું સમયસર આવ્યો ગણાઉં' એવી મશ્કરી અને શેખી કરે છે!

આવું જ એક અપલક્ષણ છે ખોટાં સોગન (perjury) ખાવાનું. સાચી વ્યક્તિના દિલોદિમાગમાં આપણી વાત ઠસાવવા આપણે આપણા પોતાના, સગાંસ્વજનના કે ભગવાનના ખોટાં સોગન ખાઈએ છીએ. એમ કરતાં જરાય અચકાતા નથી.

એવાં બીજાં બે અપલક્ષણો આપણા ચારિત્ર્યમાં છે: નિયમિતતાનો અભાવ અને પ્રામાણિક વ્યવહારની ઊણપ. સમયમૂલ્ય સમજતાં ન હોવાને કારણે અને આળસુ તથા પ્રમાદી હોવાને કારણે આપણાં કામમાં, પ્રવૃત્તિમાં અને ફરજમાં જરાય નિયમિતતાનું પાલન કરતાં નથી. દેશવિદેશ સાથે વ્યાપાર કરીએ છીએ, પરંતુ આરંભમાં યોગ્ય અને સારો માલ મોકલીએ અને પછી નબળો અને નકામો માલ મોકલવા લાગીએ છીએ. આપણા વ્યવહારમાં આપણે પ્રામાણિકતા જાળવતા નથી.

દુષ્ટાચાર (Venality) અને ભ્રષ્ટાચાર (Corruption) આપણા ચારિત્ર્યની બીજી ખામીઓ છે. આપણે ધર્મમાં અને કર્મમાં, સેવામાં અને વહીવટમાં દુષ્ટ અને ભ્રષ્ટ આચાર કરતાં ખચકાતા નથી. લાંચરુશ્વત લેતાં અને દેતાં, અનૈતિક અને ગેરકાનૂની વર્તણૂક કરતાં સ્હેજ પણ થોથવાતા કે ડરતા નથી.

આપણી પ્રજાના ચારિત્ર્યમાં આવાં જ બીજાં બે દુર્ગુણો છે. સુસ્તપણું અને ઢીલાપણું (lethargy) અને (sloppiness). આપણે ઉત્સાહી, ઉમંગી અને સાહસિક પ્રજા નથી. જે કાંઈ પ્રવૃત્તિ કરીએ એમાં થકાવટનો, થાથાં પણાનો, નિરાસક્તિનો, નરમાશનો કે પછી કઢંગાપણાનો આપણને અનુભવ થાય છે.

આપણી પ્રજામાં જન્મજાત બુદ્ધિમત્તા હોવા છતાં શાણપણમાં ઊણપ દેખાયા કરે છે. મતબલ કે આપણી પ્રજા દુનિયાની કોઈ પ્રજા કરતાં સમજમાં કે બુદ્ધિમાં ઊણી ઉતરતી નથી. છતાં કહેવું પડે છે કે we have innate intelligence but we are absysmally low in wisdom. એ કારણે આપણે ત્યાં કોઈનો ચારિત્ર્યવધ રાષ્ટ્રીય રમત (character assassination is our national sports) બની ગઈ છે. એ જ રીતે જાતિ (Cast) અને સંપ્રદાય (Creed) ફૂટબોલ કે વૉલીબોલની રમતની જેમ ખેલાઈ રહ્યા છે! કોઈની જાતિ વિશે, સંપ્રદાય વિશે કે ચારિત્ર્ય વિશે દૂધીનું ડીટિયું કાપવા જેટલી સહજતાથી આપણે બેજવાબદાર અભિપ્રાયો ઉચ્ચારતા હોઈએ છીએ!

વ્યક્તિપૂજામાંથી હજુ આપણે બહાર આવ્યા નથી. ઠેરઠેર કોઈને કોઈનું પૂતળું મૂક્તાં રહીએ છીએ. કોઈ વ્યક્તિ કે વંશની અંધભક્તિ કર્યા કરીએ છીએ. વ્યક્તિ નહીં, જીવન મહત્ત્વનું છે. વ્યક્તિપૂજા (hero worship) માંથી છૂટી આપણે અણમોલ જીવનપૂજા (life and work worship) બાજુ વળવું જોઈએ.

કોમીવિદ્વેષ (communal hatred), ભાષાકીય ઝનૂન (linguistic) અને સાંપ્રદાયિક ઝનૂન (religions fundamentalism) તથા પ્રાદેશિક વફાદારી (regional loyalty) પણ આપણી ચારિત્ર્યગત ખામીઓ છે. વિભાજકતા (divisiveness) અને અકર્મણ્યતા (timidity)- એ આપણા રાષ્ટ્રને ભરખી જતો કેન્સર જેવો મોટો વ્યાધિ છે.

આપણા રાષ્ટ્રીય ચારિત્ર્યનો ખરેખરો ચિતાર મેળવવા માટે આપણે નિર્મમ બની આપણું આત્મનિરીક્ષણ અને આત્મપૃથક્કરણ કરવું જરૂરી છે. આજે જે કાંઈ સમસ્યાઓનો રાષ્ટ્ર સામનો કરી રહ્યું છે, એ રાષ્ટ્રીય ચારિત્ર્યના પતનને કારણે છે. પતનમાંથી ઉગરવું હોય તો રાષ્ટ્રના ચારિત્ર્યનું ઘડતર, આ વર્ણવી એવી બધી ઊણપો નિવારીને, આપણે કરવું જોઈએ.

---

'કદમ્બ' બંગલો, ૩૫, પ્રોફેસર્સ સોસાયટી, મોટા બજાર,
વલ્લભ વિદ્યાનગર, ફોન નં : ૦૨૬૯૨-૨૩૩૭૫૦
સેલ નં : ૦૯૭૨૭૩૩૩૦૦૦

# The fort of Gwalior

**Sagar Desai**

**Abstract**

The fort of Gwalior is a small story of a carved stone in a weary land. This has been nurtured in the presence of ceaseless violence, great tolerance and sanity.

The fort of Gwalior speaks about men like Ramsingh Tomar who possessed brave hearts and sharp swords, whom nothing became more in their life than the living of it. It also speaks about people like Mansingh who were rare amongst many; they would compete their own shadows and still come out as outstanding heroes. They used different kinds of weight and spaces and also experimented with plastic forms.

The Jaina Gods discovered Yoga which transformed Prana into a powerful physical body. In the sinuous, swaying, feminine and vegetative shapes, the flow of life has been shown with a tangible, tactile quality. The space in the temples compels the eyes to browse again and again inside the dark kernel. The famous quotes inside the walls says

What men or gods are these? What maidens loth?

What mad pursuit? What struggle to escape?

What pipes and timbrels? What wild ecstasy?

Thanks to these myriad men, there grew, on this huge hill, cragged and steep, an art, a literature and a culture, in which forms were vehicles and not letters of the cosmic rhythm of life. They worked for the integration of the person and his nature and immortalized in their work, their faith in the unity of creation. No wonder, that various warring races and cultures dashed themselves against fort, in the endless eddies, to be only integrated in a choral comprehension. `And into the gate they shall enter and in that house they shall dwell, where there shall be no cloud nor sun, but one equal light, no noise nor silence, but one equal music, no foes nor friends, but one equal communion and identity, no ends nor beginnings, but one equal eternity.

**Introduction**

There is an inscription of the year 525 AD found on the site of a sun temple built by one Matricheta in the 15th year of reign of King Mihirkula. A Vishnu temple was built by Raja Bhoj not the Parmara King but a powerful monarch who ruled for 50 years in the 9th century.

The most popular myth is that Suraj Sen, a Rajput Chieftian from Kutwar Village, about 25 miles north of Gwalior, became separated from his attendants, when he was hunting near the hill. He climbed up and asked a Sadhu seated by a cave near a spring, for a hand-cup-full of water. The ascetic gave the chief permission to drink. The Prince was suffering from some skin disease and found himself cured. He asked the Sadhu how he could recompense the divine for the favour. The sage asked his new disciple to build a tank around the spring and come to stay on the hill. Suraj Sen di as he was told. And he named the hill, Gwalior after the name of the Sadhu, Galava Rishi or Gwalipa Siddh.

**1.1 Strategic Position**

Excluding certain original settlers, the later occupants were aware of the strategic position of the Gwalior Fort. It is two hundred miles down Delhi, a natural halting place for armies going from north to south: the Ganga-Yamuna doab is to the north east and Rajasthan is to the West: and it was the obvious defense post of the northern capital as well as the departure point for the assaults on the Deccan.

## 1.2 Teli temple

The Teli temple, built on the prototype of the Gupta brick temple of Bhitargaon (near Kanpur) and somewhat like the Bhuvaneshwar temples; with a round barrel shaped Sikhara, is said to be the oldest. It is ascribed to the $8^{th}$-$9^{th}$ century rule of Adivaraha Mihir Bhoj of Kannauj. The stories of an oilman building it, or a royal patron from south India, are apocryphal. Oblong in shape, with large beams and roof slabs of stone, one wonders how they were put up there, as one always wonders about the dexterity of placing stones weighing several tones do far above plinth. The Ganga Yamuna dwarpal figures were shaped by loving hands. The various relief panels around the shrine were carved with the characteristic finesse of the early mediaeval period.

## 1.3 Sas-Bahu temple

The two Sas-Bahu temples adjoining each other, the Sas big and Bahu small, resemble the Sas-Bahu shrines near Udaipur, Mewar. Built after prescriptive conventions they show excellent toutine carving skill of time. Also, they are two large stone slabs, with undated inscriptions, narrating how the shrines were built, by which sculptor-architect, and how much they cost.

## 1.4 Man Mandir

The Glory of the Gwalior Fort is epitomized in the resplendent Man Mandir. Raja Man Singh obviously, heightened a tradition of building, which had been refurbished for a century by his ancestors.

## 1.5 Gujari Mahal

Raja Man Singh Tomar got built a palace for his beloved Mrignaynai, the Gujri Mahal, which stands below, by the Hindola gate. This is a four square structure, with open terraces for musical festivals.

## 1.6 Badal Mahal

Badal Mahal is the ruin of a palace built by the Uncle of Raja Man Singh, on which the colored tiles of the medieval Sultanates had already been used, to introduce delicacy into the rough surroundings. The Hindola or Swinging gate, near the Badal Mahal, retains the air of the mixed Hindu-Muslim of fanasis and geometrical measurements.

## 1.7 Jehangiri Mahal

Beyond the Gargaj Darwaza and the Dhondapur Darwaza, up broken staircases, is the Jehangiri Mahal, a ramshackle high walled building used as a prison by the later Mughals. The nine dark cells on the way to Jehangiri Mahal are also for the victims of the ruling warths, specially of the bigot Aurangzeb, who confined his brother Murad, his own eldest son, Muhamad Sultan, and some nephews, and let them die here.

## 1.8 Art and Architecture

The gates: *There* are three main entrances to the Fort, one in the east and two in the west. At the southern end, there is a postern known as Jhil-mil-Khirkuor a latticed wicket which leads from the foot of the precipice to the inner fort by a series of subterranean steps cut in the rock.

On the eastern side, the channeled steps have been replaced by a continuous upward sloping ramp, going above 2500 ft. This has been the main entrance throughout guarded by six gates.

Alamgiri The Alamgiri Darwaja is the lowest gate, constructed by Motamid Khan, the Governor of Gwalior, in 1680 AD containing a Kacheri or a court.

Hindola*:* The Badalgarh Por, known also as Hindola-por, is a fine specimen of Hindu architecture in the ornate style of Man Mandir. It is usually attributed to the reign of Kalyanmal, the uncle of Raja Mansingh, in the 15th century AD.

Bhairon: The Bhairon gate comes next and it is sometimes ascribed to the early Kachhwaha general Bhairon Pal. The sloping towers on either side are Txuko-Afghan and there is an inscription, dated one year before the accession of Mansingh.

*Ganesh:* The Ganesh gate that follows is reported to have been erected by Dungar Singh in mid 16th century. Outside this gate to the east is the Kabutar Khana or pigeon house containing the tank Noor Sagar.

*Laxman:* After this we have the Laxman gate. It is considerably older in the wooden and stone portion, than the inscription of 1465 AD referring to a small rock-cut tank on the right. It is attributed by Cunningham to Bajradaman, the Kachhwaha conqueror of Gwalior.

Hathi Concluding the series is the Hathi por, the elephant gate built by Raja Man Singh.

This gate derived its name from the life size figure of an elephant mounted by the mahout and the king.

*Dhonda:* On the north western side there are three gates. One of them is the Dhonda, Attributed to an early Kachhwaha king Dhondapal or Dholashah, a son of Virsingh Deo, who was entrusted with the defense of this gate like his brother Laxman was charged with guarding the gate named after him on the eastern side.

*Ghargaraj:* On the south west is the Ghargaraj, so called from the Baori receiving the gurgling water, splashing down on the rock.

*The water sources:* Gwalior Fort is remarkable for its numerous tanks, baoris, wells and cisterns. Some of these appear to have been sites from which stone had been quarried and carted to construct the building and the walls of the Fort.

*Suraj* From north to south die earliest tank is the Suraj Kund, the solar reservoir measuring 350 ft. x 150 ft It is noted as the work of Surajpal, who dedicated it to the all-purifying sun in gratitude for die miraculous cure from leprosy granted to him by Gwalior after a drink from the bed of this spring.

*Jauhar:* The name of Jauhar-tal is variously attributed to die bardic tale of Roshan, the Muslim girl who was burnt with her lord, Raja Bhim of Gohad, in 1755 AD.

*Mansoravor,Ranital and Cherital:* They appear to have been constructed during the time of Raja Mansingh. Part of the Mansarovar was ruined by making it into a quarry. The Rani-tal, near the Shivaji parapet, provides a sheltered swimming pool for the ladies, while the Gheri-tal might have been used by the servants.

Karan-Mandir: The Karan-Mandir at the northern end of the Fort opposite the Dhonda Gate is actually the Kirti Mandir.

*Man Mandir:* is the noblest and the most spectacular monument in Gwalior Fort Even today, a visitor is entranced by this palace, in the same way as Emperor Babur was, when he visited in 1528 AD, only about 20 years after its completion. The painted tiles are in a variety of scintillating blue, yellow, red and green colours, the rows of painted images of crocodiles, swans, lions, elephants and plantain leaves admired by Babur, can still be seen partially. However, the flaring coat of white stucco, covering the palace front and the gilt copper plates, adorning the domes have fallen off since then, leaving the fine buff-grey tint of Gwalior sandstone, bare and visible. Despite his stiff upper lip, when it came to appreciation of Hindu architecture, Babur gave his reluctant and yet unstinted praise to the incomparable beauty of the construction of the palace.

*The external facade:* The main entrance gate is the Hathi Por. It is a bold and striking structure, made of four ornate pillars supporting a fine dome with a massive bracket-arch having rich corbels.

*Inside the Palace:* first courtyard is it square of 33ft. To the west of that is the music and dance hall measuring 33ft. % 20.5 ft., surrounded by a circum-bulating corridor on three sides.

On the southern side, there is a rectangular room-measuring the length of the northern side surrounded by an antechamber and connected by a passage.

On the eastern aide there is a living room opening towards the inner courtyard but closed towards the outer one, with aside room, having a stone screen.

The inner and the larger courtyard is a 37ft, square. On the west and the east of this courtyard, are the royal apartments, the western room measuring 15ft. x 12 ft. and the two eastern rooms measuring 20ft. x 20ft and 18ft. x 911.

From the south-eastern side one goes down a staircase to gain entrance to a circular room, about 39ft, in diameter; held up by 8 circular pillars.

*Ceilings:* Then there are different kinds of ceilings. First of all, there is the flat ceiling.

### 1.9 Administrative structure and political theory:

The different inscriptions in the fort gives us an idea about the formal administrative structure, and the theory of kingship prevalent in those days. The evidence of inscriptions is substantiated by literary evidence.

*An impersonal bureaucracy:* Gwalior saw, as a military stronghold must, the growth around itself, of a mercenary, faceless, military and civil bureaucracy.

*Towards Muslims:* In music and literature, in art and architecture, in war and peace, in domestic and international relations, the Hindu kings of Gwalior consistently pursued this policy of Catholicism. Dungarendrasingh and Kirtisingh accepted the invitation of king Jainul Abedin of Kashmir for an incessant cultural celebration and sent him gifts, not of horses, elephants or jewels, but one his to believe it, of musical books.

### 1.10 Political History of Gwalior Fort.

*Strategic importance:* Gwalior Fort has been a great natural fortress of tremendous strategic importance. It commanded the route to the Deccan as well as to Delhi. Sultans and Emperors of Delhi considered its possession as extremely important for their security and they could not rest in peace until they commanded this Fort. Gwalior remained a prize in the incessant warfare of Delhi Jaunpur, Kalp and Malwa. The Gurjara Pratiharas of Kanauj, the later Prathiharas of Panchanada, the Kacchapaghsts of Kuntalpur and Sighapaniya, and the Tomars of Aisah (claiming descent from the Tomars of Delhi) ruled for a fairly long time, while they lost the Fort at one time or the other to the Turko-Afghans of Delhi. The Mughal used this Fort as an important military station and after the Mughals the Fort again fell a prey to the sorties' and counter-sorties of the Scindhias, the King of Gonad and the British. The Fort changed hands more than twenty times in its turbulent and chequered history.

### Bibliography

(n.d.). Retrieved from wikipedia.

B.F, C. (1923). *The Illustrated Guide to Gwalior and Shivpuri.* Gwalior.

D.R, P. (1952). *The cultural Heritage of Madhya Bharat.* Gwalior.

H.H, C. (1884). *Preservation of National Monuments.* Agra.

M.H., B. (1940). Bombay: Gwalior today.

---

502-Angan vishala Apt., Near indoor stadium,
Ghod-dod road, Surat-395007, Mo.: 9925280887

|| અનુવાદ ||

## રશિયન લેખક ટોલસ્ટોયની વાર્તા ''The Long Exile''નું સંક્ષિપ્ત રૂપાન્તર

**હરિત પંડ્યા**

**આજીવન કારાવાસઃ-**

વ્લાદીમીરમાં એક વેપારી રહેતો. વેપારી ઈવાન યુવાન હતો. એની પોતાની બે દુકાનો હતી. પોતાનું ઘરેય હતું. એ ફૂટડો યુવાન હતો. એના વાળ વાંકડિયા હતા. ખુશમિજાજી ઈવાનને સંગીતનોયે ભારે શોખ હતો. ઉનાળામાં યોજાતા મેળામાં જવા ઈવાને મનસૂબો કર્યો. મેળામાં જતાં પહેલાં એ એની પત્નીને મળ્યો ત્યારે પત્નીએ એને કહ્યું,

''ઈવાન, તું આજે મેળામાં ના જઈશ. આજે રાત્રે મને એક ખરાબ સ્વપ્ન આવેલું.''

''તને એમ લાગે છે કે મેળામાં જઈને હું આડેધડ ખરીદી કરતો રહીશ?'' ઈવાને સહેજ હસીને પત્નીને કહ્યું.

''ના, પણ મને એટલી ખબર છે કે સ્વપ્ન ખરાબ હતું. સ્વપ્નમાં મેં જોયું કે મેળામાંથી તું પાછો ફર્યો ત્યારે તારા વાળ રાખોડી રંગના થઈ ગયા હતા.''

''એ તો શુભ શુકન કહેવાય. તું જોજેને મેળામાં હું મારો બધો સામાન વેચી નાખીશ અને તારે માટે મજાની ભેટ પણ લેતો આવીશ.'' ઈવાને કહ્યું અને એ મેળામાં જવા નીકળી પડ્યો. માર્ગમાં એને એક પરિચિત વેપારીનો ભેટો થઈ ગયો. બન્નેએ એક વીશીમાં રાત્રી રોકાણ કર્યું. સૂતાં પહેલાં બન્નેએ સાથે બેસીને ચા પીધી. પછી જોડાજોડ આવેલા બે ઓરડાઓમાં બેય સૂઈ ગયા.

ઈવાન મોડે સુધી સૂઈ રહેવા ટેવાયેલો નહીં. સવારે વહેલા ઊઠીને એણે વીશીના માલિકને રૂમનું ભાડું ચૂકવી દીધું, પછી ઘોડાગાડીના ચાલકને ઘોડા જોતરવા કહ્યું. ગાડીએ ઘોડા જોતરાયા એટલે એ આગળની સફરે નીકળી પડ્યો.

પચીસેક માઈલની સફર કર્યા પછી આરામ કરવા એ એક વીશીમાં રોકાયો. વીશીના નોકરને ચાનો ઓર્ડર આપ્યા પછી એણે એના સામાનમાંથી ગિટાર કાઢીને એ વગાડવા માંડ્યો.

એટલામાં, ઘંટડીઓનો રણકાર કરતી એક ઘોડાગાડી ત્યાં આવી પહોંચી. એક અધિકારી અને બે સૈનિકો ગાડીમાંથી ઊતરીને એની પાસે આવ્યા અને પોતે કોણ છે અને ક્યાંથી આવે છે. એમ પૂછવા માંડ્યા. ઈવાને પ્રશ્નોના જવાબો આપ્યા તથા અધિકારીને પોતાની સાથે ચા પીવાનું આમંત્રણેય પાઠવ્યું. અધિકારીએ ચાનું આમંત્રણ ન સ્વીકાર્યું એ તો ઈવાનને પૂછતો રહ્યો.

''ગઈ રાત્રે તમે ક્યાં હતા? તમે એકલા હતા કે તમારી સાથે બીજો કોઈ વેપારી પણ હતો? પરોઢ પહેલાં તમે વીશીમાંથી કેમ ચાલ્યા ગયેલા?''

અધિકારી આ બધા પ્રશ્નો પોતાને કેમ પૂછી રહ્યો છે એનું ઈવાનને આશ્ચર્ય થયું. એણે, એ રાત્રે જે બન્યું હતું એ બધું અધિકારીને કહી સંભળાવ્યું. પછી એણે અધિકારીને પૂછ્યું,

''સાહેબ, હું જાણે ચોર કે લૂંટારુ હોઉં એમ આ બધા પ્રશ્નો મને કેમ પૂછી રહ્યા છો? હું તો મારા ધંધાર્થે મેળામાં જઈ રહ્યો છું. મને આવા પ્રશ્નો પૂછવાની શી જરૂર?''

''હું આ જિલ્લાનો પોલીસ ઓફિસર છું. અને તમને આ પ્રશ્નો એટલા માટે પૂછું છું, કારણ કે, ગઈ રાત્રે તમે વીશીમાં જે વેપારી સાથે રોકાયેલા એ વેપારીનું ખૂન કરી નાખવામાં આવ્યું છે. અમારે તમારો સામાન તપાસવો પડશે.'' કહી અધિકારી ઈવાનનો સામાન તપાસવા માંડ્યો. સામાન તપાસતાં અધિકારીની નજર એક ખંજર પર પડી. ખંજર જોતાં જ એણે ઈવાનને પૂછ્યું,

''આ ખંજર કોનું છે?''

પોતાના સામાનમાંથી લોહીથી ખરડાયેલું ખંજર મળતાં જ ઈવાન ગભરાઈ ગયો.

''તારા ખંજર પર લોહીના ડાઘા ક્યાંથી આવ્યા?'' અધિકારીએ પૂછ્યું.

''સાહેબ મને..મને કશી ખબર નથી આ ખંજર મારું નથી'' ઈવાને કહ્યું.

''વેપારીનું ખૂન કરનાર તારા સિવાય બીજું કોઈ નથી. રૂમ અંદરથી બંધ હતો. બહારથી કોઈ અંદર આવી શકે એમ હતું નહીં. વળી તારા સામાનમાંથી લોહીના ડાઘાવાળું ખંજર પણ મળી આવ્યું છે. તારું વર્તન પણ ગુનાની ચાડી ખાય છે. તેં એને શાથી મારી નાંખ્યો તથા એના કેટલા રૂબલ તેં ચોર્યા છે એ કહે.'' અધિકારીએ કહ્યું.

પોતે અધિકારીનું ખૂન નથી કર્યું એમ ઈવાન અધિકારીને કહેતો રહ્યો. એણે એમ પણ કહ્યું કે એની પાસે માત્ર એક હજાર રૂબલ જ છે જે એના પોતાના છે. લોહીથી ખરડાયેલું ખંજર એનું નથી એમ પણ એ રટતો રહ્યો. એમ કહેતાં

એ ધ્રુજતો રહ્યો. એ ગુનેગાર હોય એમ એનો ચહેરોય ફિક્કો પડી ગયો.

એની વાત પર કશું ધ્યાન આપ્યા વિના પોલીસ અધિકારીએ ઈવાનને બાંધીને ગાડીમાં ચડાવી દીધો. સૈનિકોએ એના પગ બાંધી દીધા. ઈવાન ભગવાનને પ્રાર્થના કરતો રહ્યો. એનાથી રડી પડાયું. એના સામાન તથા હજાર રૂબલેય જપ્ત કરવામાં આવ્યા અને નજીકના નગરની જેલમાં એને પૂરી દેવામાં આવ્યો.

ઈવાનના વતનના રહીશોને પોલીસે એના વિશે પૂછપરછ કરી. જવાબમાં લોકોએ જણાવ્યું કે પહેલાં એ ખૂબ શરાબ પીતો તથા કશું કામ કરતો નો'તો, પણ એ ભલો માણસ હતો.

કોર્ટમાં ઈવાનનો કેસ ચાલ્યો. એક વેપારીનું ખૂન કરીને એના વીસ હજાર ચોરી લેવા બદલ એને આજીવન કેદની સજા ફરમાવવામાં આવી.

ઈવાનના જેલવાસના સમાચાર સાંભળતાં જ એની પત્ની હતાશાની ગર્તામાં સરી પડી. એનાં ત્રણેય બાળકો નાનાં હતા. એકતો માંડ છ-આઠ મહિનાનું હતું એ ઈવાનને મળવા જેલમાં ગઈ. જેલમાં અન્ય ગુનેગારો ભેગો પતિને જોતાં જ એ બેભાન થઈ ગઈ. એ ક્યાંય સુધી ભાનમાં આવી શકી નહીં. થોડી વારે એક સૈનિકે એને ત્યાંથી ચાલ્યા જવા કહ્યું. ઈવાને છેલ્લી વાર એની પત્નીને ''આવજે'' કહ્યું. એણે જ વેપારીનું ખૂન કર્યું હશે એમ એની પત્નીનેય લાગ્યું, એવું જ્યારે એને જણાયું ત્યારે એને ભારે આઘાત લાગ્યો.

પોતે નિર્દોષ છે એ મતલબની અરજીઓ એ ઊપરી અધિકારીને કરતો રહેલો, પણ એનું કશું પરિણામ ન આવતાં એણે અરજીઓ કરવાનું માંડી વાળેલું. એ ભગવાનને પ્રાર્થના કરતો રહેલો.

એને ચાબૂકના ફટકા મારવામાં આવતા, તથા એની પાસે તનતોડ મજૂરી કરાવવામાં આવતી. પછી તો એને સાયબીરિયા ભેગો કરી દેવામાં આવ્યો. એ અહીં છવ્વીસ વરસ રહ્યો. એના વાળ સફેદ થઈ ગયા. એની દાઢીય લાંબી થઈ ગયેલી. એનો રમૂજી સ્વભાવ બદલાઈ ગયેલો. એ કમરમાંથી બેવડ વળી ગયેલો.

જેલમાં એ જોડા બનાવતાં શીખ્યો. જોડા બનાવીને એ થોડા રૂબલ કમાઈ લેતો. એની કમાણીમાંથી એણે 'સંતોનું જીવન' પુસ્તક ખરીદ્યું. દર રવિવારે એ દેવળમાં જતો અને બાઈબલ વાંચતો તથા ચર્ચના ગાયક વૃંદ ભેગો ગાતોય ખરો. એ સારું ગાઈ શકતો.

જેલના અધિકારીઓને ઈવાનનો નમ્ર સ્વભાવ ગમતો. અન્ય કેદીઓ એને દાદા અને સંત કહેતા. કોઈ કેદીને કશી બાબતે અરજી કરવાની હોય તો એ લખી આપતો. કેદીઓ વચ્ચેના ઝઘડાની પતાવટ પણ એ કરતો રહેતો.

ઈવાનને એના પરિવારના કોઈ સમાચાર મળતા નહીં. એની પત્ની તથા બાળકો જીવે છે કે મૃત્યુ પામ્યાં છે એનીય એને ખબર નો'તી.

એક દિવસ થોડા નવા કેદીઓ એની જેલમાં આવ્યા. તેઓ ક્યાંથી આવે છે તથા એમણે શો ગુનો કરેલો એ બાબતે જૂના કેદીઓ એમને પૂછતા રહેલા. સાઈઠેક વર્ષનો એક ઊંચો, કદાવર કેદી પોતાના ગુના વિશે વાત કરવા માંડ્યો.

''એક ઘોડાની ચોરીના ગુના બદલ હું જેલવાસ ભોગવી રહ્યો છું. મેં જો કે ઘોડો ચોરેલો નહીં. મારે જલદી ઘેર પહોંચવું હતું, એટલે મેં ઘોડો લીધેલો. ઘોડો મારા મિત્રનો જ હતો, પણ એણે તો મારી સામે પોલીસને ફરિયાદ જ કરી દીધી. પોલીસે મારી વાત માની નહીં અને મને જેલ ભેગો કરી દીધો. વર્ષો પહેલાં મેં એક ગંભીર ગુનો કરેલો. ત્યારે હું પકડાયેલો નહીં અને જ્યારે મેં કોઈ ગુનો કર્યો જ નથી ત્યારે હું જેલવાસ ભોગવી રહ્યો છું.''

''તું ક્યાંથી આવે છે?'' એક કેદીએ એને પૂછ્યું.

''વ્લાદીમીરથી. મારું નામ સેમ્યોનિચ.''

''સેમ્યોનિચ, તું વ્લાદીમીરના એક્સીનોવ નામના વેપારીને ઓળખે છે?'' ઈવાને પૂછ્યું.

''હા. એની પાસે ઘણી મિલકત છે. એનો બાપ અહીં સાઈબીરિયામાં જેલવાસ ભોગવી રહ્યો છે. દાદા. તમે શો ગુનો કરેલો?'' સેમ્યોનિચે ઈવાનને પૂછ્યુ.

ઈવાનને પોતાની કમનસીબી વિશે વાત કરવાનું ગમ્યું નહીં. એણે માત્ર એટલું જ કહ્યું, ''હું મારા પાપે અહીં છવ્વીસ વર્ષોથી પીડાઈ રહ્યો છું.''

''તમે શાં પાપ કરેલાં એ તો કહો.'' સેમ્યોનિચે કહ્યું.

ઈવાને કશો જવાબ ન આપ્યો પણ બીજા કેદીએ વિગતે વાત કરી. એણે કહ્યું કે કોઈક એક વેપારીની હત્યા કરીને

લોહીવાળું ખંજર ઈવાન દાદાના સામાન ભેગું મૂકી દીધેલું. આમ દાદા ખોટી રીતે ગુનેગાર ઠરેલા.

''એ તો નવાઈની વાત કહેવાય.'' સેમ્યોનિચે કહ્યું.

''દાદાના ગુનાની વાત સાંભળીને તને શાથી નવાઈ લાગી? આ પહેલાં તું દાદાને મળેલો?'' એક કેદીએ સેમ્યોનિચને પૂછ્યું.

ઈવાનને લાગ્યું કે વેપારીનું ખૂન કોણ કરેલું એ કદાચ સેમ્યોનિચ જાણતો હશે. એણેય સેમ્યોનિચને કહ્યું,

''આપણે અગાઉ ક્યારેય મળેલા? વેપારીના ખૂનની ઘટના વિશે તેં કદાચ સાંભળ્યું હશે.''

''હા. એ ઘટના વિશે મેં સાંભળેલું ખરું, પણ અત્યારે કશું યાદ નથી''

''વેપારીનો ખૂની કોણ છે એય તું જાણતો હોઈશ.''

''એ તો, જેના સામાનમાંથી લોહીવાળું ખંજર મળ્યું એણે જ વેપારીનું ખૂન કર્યું હશે ને. જો કોઈએ ખૂન કરીને ખંજર તમારા સામાન ભેગું મૂકી દીધું હોય તોય ખૂની જ્યાં સુધી પકડાય નહીં ત્યાં સુધી તમે જ ગુનેગાર ગણાવને.'' સેમ્યોનિચે હસીને કહ્યું.

એની વાત સાંભળ્યા પછી ઈવાનને ખાતરી થઈ ગઈ કે વેપારીનો ખૂની સેમ્યોનિચ જ છે.

એ આખી રાત ઈવાન ઊંઘી શક્યો નહીં. એના દુ:ખનો પાર ન રહ્યો. ભૂતકાળનાં અનેક દૃશ્યો એની નજર સમક્ષ ઉપસ્થિત થતાં રહ્યાં. એની પત્ની એની સમક્ષ હાજર હોય એવું એને લાગ્યું. એની પત્ની એની સામે જોઈને હસી રહી હતી. એનાં બાળકોય એને દેખાયાં. એના નિવાસના પોર્ચમાં બેસીને નિરાંતે ગિટાર વગાડતો એ પોતાને જોઈ રહ્યો. પોલીસ અધિકારીએ એની કરેલી ધરપકડ, એને મારવામાં આવેલા ચાબૂકના ફટકા એને પહેરાવવામાં આવેલી બેડીઓ, એણે જેલમાં વિતાવેલાં વરસો... એ બધું રાત્રીના અંધકારમાં એની નજર સમક્ષ રમતું થઈ ગયું. આ બધું જોતાં એને પોતાના જીવનનો અંત લાવી દેવાનું મન થયું.

આ બધું પેલા શેતાનને કારણે મારે સહેવું પડ્યું છે. એ વિચારી રહ્યો. એના કરતૂતોનું વેર લેવા એ તલસી રહ્યો. આખી રાત એ ભગવાનને પ્રાર્થના કરતો રહ્યો, તોય એના મનને શાંતિ મળી નહીં.

આમ ને આમ એક પખવાડિયું વીતી ગયું.

એક દિવસ રાતના સમયે એ એની કોટડીની બહાર આંટા મારી રહ્યો હતો. ત્યાં, એક કોટડીની છાજલી પરથી માટી પડતી એણે જોઈ. આ વળી શું છે, એ જાણવા એ ત્યાં રોકાયો. એણે સેમ્યોનિચને છાજલી પરથી નીચે ઊતરતો ભાળ્યો. સેમ્યોનિચ સહેજ ગભરાયો. એ ઈવાન ભણી જોઈ રહ્યો. એના તરફ કશું ધ્યાન આપ્યા વિના ઈવાન ત્યાંથી ચાલવા માંડ્યો. સેમ્યોનિચે એનો હાથ પકડીને એને ઊભો રાખ્યો અને એને કહ્યું, કે એણે એની કોટડીની એક દીવાલમાં બાકોરું પાડ્યું છે. ઈવાનને ધમકી આપતાં એણે કહ્યું,

''એ બુઢ્ઢા, સાંભળ મારી વાત. બાકોરાવાળી વાત કોઈને કરીશ નહીં. ચૂપ રહેજે. આ બાકોરા દ્વારા મારા ભેગો તુંય અહીંથી ભાગી જઈ શકીશ. જો તું બાકોરા વિશે જેલના અધિકારીને કહીશ તો, મારું તો જે થવાનું હશે એ થશે, પણ તને તો હું પતાવી જ દઈશ.''

સેમ્યોનિચની વાત સાંભળતાં ઈવાન ગુસ્સે થઈ ગયો. એણે સેમ્યોનિચની પકડમાંથી પોતાનો હાથ છોડાવીને એને કહ્યું,

''મારે અહીંથી ભાગી જવું નથી. અને તારે મને મારી નાખવાની જરૂર નથી. વર્ષો પહેલાં તેં મને મારી નાખ્યો છે. મારો ભગવાન મને સુઝાડશે એમ હું કરીશ.''

બીજે દિવસે જેલના પહેરેગીરોએ એક કોટડીની બહાર માટી ઠલવાયેલી જોઈ. એ કોટડીની તપાસ કરતાં સેમ્યો નીચે દીવાલમાં પાડેલું બાકોરું એમની નજરે પડ્યું. જેલના અધિકારીએ બધા કેદીઓને ભેગા કરીને પૂછ્યું,

''આ બાકોરું કોણે પાડ્યું છે?''

એ બાબતે પોતે કશું જાણતા નથી એમ બધાએ કહ્યું. આખરે અધિકારીએ ઈવાનને પૂછ્યું. અધિકારી જાણતો હતો કે ઈવાનને ખબર હશે તો જરૂર બાકોરું પાડનાર કેદીનું નામ જણાવશે.

''ઈવાન, તું સત્યવાદી છે. ઈશ્વરને માથે રાખીને કહે, આ બાકોરું કોણે પાડ્યું?''

ઈવાન જાણે સૂધબૂધ ખોઈ બેઠો હોય એમ અધિકારી સામે જોઈ રહ્યો. એણે સેમ્યોનિચ સામે જોયું નહીં. એ ગભરાટનો માર્યો ધ્રૂજતો હતો.

ઈવાન મનોમન વિચારી રહ્યો, જેણે મારી જિંદગી બરબાદ કરી નાખી છે એને મારે શા માટે બચાવવો જોઈએ!

એને કારણે મેં જે સહન કર્યું છે એની સજા એ ભલેને ભોગવે. પણ હું એનું નામ દઈશ તો એનું આવી બનવાનું. હું કદાચ એના પર ખોટી રીતે વહેમાતો હોઉં અને એને પકડાવી દેવાથી મને શો લાભ થવાનો!

અધિકારીએ ઈવાનને ફરી પૂછ્યું.

''બાકોરું પાડવાનો ગુનો કરનાર કોણ છે? તું જાણતો હોય તો કહે.''

''સાહેબ, આ ગુનો કરનારનું નામ હું આપને આપું એમ મારો ભગવાન નથી ઈચ્છતો. એ માટે આપે મને જે શિક્ષા કરવી હોય તે કરો.'' ઈવાને કહ્યું.

અધિકારીએ ઘણા પ્રયત્નો કરવા છતાં ઈવાને બાકોરું પાડનારનું નામ જાહેર કર્યું નહીં. પછી તો એ વાત પડતી મુકાઈ.

એ રાત્રે ઈવાન એની કોટડીમાં સૂતો હતો ત્યાં, કોક એની કોટડીમાં પ્રવેશીને એની બાજુમાં બેઠું. અંધકારમાંય એણે સેમ્યોનિચને ઓળખ્યો.

''સેમ્યોનિચ, અત્યારે તું મારી કોટડીમાં કેમ આવ્યો? શું જોઈએ છે તારે?'' એણે સેમ્યોનિચને પૂછ્યું. એણે કશો જવાબ ન આપ્યો.

''તું ચાલ્યો જા અહીંથી, હમણાં ને હમણાં, નહિ તો મારે જેલરને બોલાવવો પડશે.''

''ઈવાન મને માફ કરો.'' સેમ્યોનિચે કહ્યું.

''માફ કરું ? કઈ બાબતે''

''પેલા વેપારીનું ખૂન મેં જ કરેલું-ખૂન કર્યા પછી લોહીવાળું ખંજર તમારા સામાન ભેગું મેં મૂકી દીધેલું. હું તો તમને પણ મોતને ઘાટ ઉતારી દેવા માગતો હતો. પણ વીશીની બહાર કશોક અવાજ થતો મેં સાંભળ્યો એટલે હું બારી વાટે ત્યાંથી ભાગી ગયો.'' સેમ્યોનિચે કહ્યું.

શું બોલવું એ ઈવાનને સૂઝયું નહીં. એને પગે પડીને સેમ્યોનિચે કહ્યું,

''ભગવાનને ખાતર મને માફ કરી દો. અને વેપારીનું ખૂન મેં કરેલું, એ હું પોલીસ અધિકારી સામે કબૂલ કરીશ એટલે તમે જેલમાંથી મુક્ત થઈ શકશો.''

''જેલમાંથી મુક્ત થઈને હવે મારે શું કરવું છે? તારે કારણે મારે છવ્વીસ વર્ષ જેલવાસ ભોગવવો પડ્યો છે. મારી પત્ની મૃત્યુ પામી છે. મારાં બાળકો મને ભૂલી ગયાં છે. હું ક્યાંયનો રહ્યો નથી.'' કહેતાં ઈવાનનો અવાજ તરડાઈ ગયો.

સેમ્યોનિચે જમીન પર માથું ટેકવીને ઈવાનને કહ્યું, ''ઈવાન મને માફ કરી દો. જેલમાં મને ચાબૂકના ફટકા મારતા ત્યારે મને જે વેદના થતી એથી વધારે વેદના તમારા હાલ જોઈને મને અત્યારે થઈ રહી છે. મેં તમારી આવી દશા કરી છતાંય તમે મને બચાવ્યો. હું પાપી છું. હું તમારો ગુનેગાર છું. મારા પર દયા કરીને મને માફ કરી દો.'' કહેતો સેમ્યોનિચ રડી પડ્યો. એને ધ્રૂસકે ને ધ્રૂસકે રડતો ભાળીને ઈવાનથીય રોઈ પડાયું.

''ભગવાન તને માફ કરશે. તારા કરતાં હું કદાચ વધારે પાપી હોઈશ.'' આમ કહેતાં ઈવાને થોડી રાહત અનુભવી. એને હવે ઘર ભેગા થવાની ઈચ્છા રહી નો'તી. એ એની અંતિમ ઘડીની રાહ જોતો રહ્યો.

ઈવાનને કહ્યા મુજબ સેમ્યોનિચે જેલના અધિકારી સમક્ષ પોતાનો ગુનો કબૂલી લીધો. ત્યાર બાદ ઈવાનની મુક્તિનો હુકમ લઈને જેલનો કર્મચારી ઈવાનની કોટડીમાં પ્રવેશે એ પહેલાં તો એ આ ફાની દુનિયા છોડીને અનંતની યાત્રાએ રવાના થઈ ચૂક્યો હતો.

---

૨૧, મેઘાનગર, પવનચક્કી રોડ, નડિયાદઃ૩૮૭૦૦૨,
મો. ૯૪૨૮૬૯૯૮૫૪

---

**॥ ભુલસુધાર ॥**

નવેમ્બર ૨૦૧૯ના અંકમાં પાના નંબર ૨૪ પર છપાયેલ **'ડમરી'(વાર્તા સંગ્રહ)**ના ટુકા પરીચયમાં લેખિકા **આરતીબા ગોહિલ 'શ્રી'** નો ઉલ્લેખ શરતચુકથી રહી ગયેલ હતો. જેના માટે ક્ષમાપ્રાર્થી છીએ.

-તંત્રી વિ-વિદ્યાનગર

।। ચિંતન ।।

## જીવનસંધ્યાનો ઉજાસ

રમણભાઈ પી. પટેલ

આયુષ્યયાત્રાની અંતિમ અવસ્થા એટલે વાર્ધક્ય અવસ્થા. દીર્ઘજીવનયાત્રાનો અંતિમ પડાવ. આ અવસ્થાએ પહોંચેલા એમ માને છે કે ''ચાલો, હવે ઘરડા થયા, બધી જવાબદારીઓમાંથી નિવૃત્ત થઈ હવે આરામ, આનંદ અને ભગવદ્ભજનમાં સમય પસાર કરી નિરાંત-સંતોષ-પુણ્ય પામ્યાનો અનુભવ કરીશું. પરંતુ વૃધ્ધ એટલે ઘરડા થવું નહિ પણ વધવું-વૃદ્ધિ પામવું અર્થાત્ અનુભવમાં વૃધ્ધત્વ એ દૃષ્ટિએ જીવનપર્યંતના દીર્ઘ અનુભવોનો વૃદ્ધિ-સમૃદ્ધિનો સમયકાળ 'વૃધ્ધાવસ્થા' છે, એટલે જ તો વૃધ્ધોનું 'સિનિયર સિટિઝન્સ'થી સમાજ માન-સન્માન કરે છે.

માનવી વૃધ્ધાવસ્થાને ઉંબરે પ્રવેશતાં; વર્ષો પસાર થાય તેમ; શારીરિક-માનસિક નિર્બલતાને લીધે દુઃખ દાયક સ્થિતિનો અનુભવ શરૂ થાય એ જીવનની નક્કર વાસ્તવિકતા છે. કૌટુંબિક-સામાજિક માન-મોભો-મહત્ત્વ ઓછાં થતાં એકલતાની-પરવશતાની પીડા અનુભવાય પણ છે. શારીરિક-માનસિક આધિ-વ્યાધિ-ઉપાધિ આરંભાય છે. હવે નજીકના સમયમાં ગમે ત્યારે આવનાર મૃત્યુના કાલ્પનિક ભયથી વિશેષ દુઃખદાયક સ્થિતિનો અનુભવ-અહેસાસ થાય છે.

પરંતુ....પરંતુ....વૃધ્ધાવસ્થાની આવી પ્રાપ્ત સ્થિતિ-પરિસ્થિતિની વાસ્તવિકતાને સ્વીકારી, આપણો અભિગમ હકારાત્મક હોય, આપણાં વૃત્તિ-વલણો-જીવનશૈલીમાં બદલાવ હોય તો વાર્ધક્યનો વૈભવ આનંદ માણી શકાય તેમ છે. પાનખર અવસ્થામાં વસંતનો વૈભવ-આનંદ પ્રગટાવી શકાય તેમ છે જરૂર છે આપણી ઈચ્છાશક્તિની, દૃઢ મનોબળની. એમ થાય તો જીવનસંધ્યાએ અંધકારનો નહિ પણ ઉજાસનો-પ્રકાશનો અનુભવ થઈ શકે.

સૌથી પ્રથમ તો જીવનયાત્રાની આ અંતિમ અવસ્થા-વાર્ધક્ય અવસ્થા સુધી આપણે પહોંચી શક્યા અને એનાં પરમ આનંદ-સંતોષ પામી શક્યા એ માટે પ્રથમ તો ઈશ્વરનો આભાર માનવો જોઈએ કારણ કે, આ ઈશ્વરદત્ત જીવન ૬૧ વર્ષ પછી પ્રત્યેક વર્ષ બોનસ, ૭૧ વર્ષ પછી પ્રત્યેક મહિના બક્ષિસ અને ૮૧ વર્ષ પછીના પ્રત્યેક કલાક પ્રસાદી છે. જો આ સમજાય તો આ અવસ્થાનો કશો વસવસો યા ખરખરો ન રહે.

બીજું, આ અવસ્થાની વ્યક્તિએ પોતાના આગ્રહો અત્યાગ્રહો; પૂર્વગ્રહો-માન્યતાઓ, ભૂતકાળનાં પદ-માન-મોભાને બાજુ પર મૂકી દઈ કુટુંબ-સમાજ તથા એના સમયને અનુકૂળ-અનુરૂપ થઈ સંવાદિતાભર્યું જીવન વ્યતીત કરવાનો અભિગમ કેળવવો જોઈએ. 'ભાવશે-ગમશે-ફાવશે'ને જીવનસૂત્ર બનાવી, તેને અપનાવી હકારાત્મક અભિગમ કેળવીએ તો સુખ-શાંતિનો અનુભવ થઈ શકે. ઉપરાંત હું પદ, અભિમાન, અતડા-અક્કડપણું, મોહ-માયા-નિંદાને હવે છોડીને સ્વાદચટાકાથી મુક્ત થઈ દેહને અનુકૂળ સાદા હળવા ખોરાક સાથેનું સાદગીભર્યું જીવન વ્યતીત થાય તો તન અને મનથી પ્રફુલ્લિત અને સ્વસ્થ-સ્વાસ્થ્યયુક્ત રહી શકાય.

વૃધ્ધાવસ્થા એટલે નિવૃત્તિની-નવરાશની અવસ્થા છે એમ માનવું ભૂલ ભરેલું છે. કેવળ આરામ કરવાનો ઊંઘવાનો, ટોળે વળી નિરર્થક ટોળટપ્પાંભરી વાતો કરી સમય પસાર કરવાનો આ સમય નથી. પરંતુ જીવનના અંતિમકાળે મળેલા સમયનો સદુપયોગ કરવાનો અને જીવનને સાર્થક કરવાનો આ સમય છે. જેમકે-

વિવિધ રંગી દીર્ઘ અનુભવ મેળવેલ વરિષ્ઠ નાગરિક પોતાની આવડતનો કુટુંબ-સમાજને કોઈક રીતે ઉપકારક બની નિવૃત્તિમાં પણ પ્રવૃત્તિ દ્વારા સેવાવ્યસ્ત રહી શકે. જરૂર જણાય ત્યાં-ત્યારે પોતાનાં મૂલ્યવાન સલાહસૂચનો દ્વારા 'ફ્રેન્ડ-ફિલોસોફર ઍન્ડ ગાઈડ'ની ભૂમિકા પણ નિભાવી શકે. પરીવારનાં બાળકો સાથે પ્રેમપૂર્વક વ્યવહાર કરી તેમને જીવન પ્રબોધક વાર્તા-દૃષ્ટાંતો સંભળાવી નવી પેઢીના સંસ્કાર ઘડતરમાં સહયોગી થઈ શકે. પરિવારને ગૃહ અને તેના વ્યવસાય ક્ષેત્રે યથાશક્તિ-મતિ મદદરૂપ બની શકે. ટૂંકમાં આ કાળે મનગમતી પ્રવૃત્તિ દ્વારા પોતાની આવડત અને દૃષ્ટિશક્તિનો લાભ કુટુંબ-સમાજ-રાષ્ટ્રને આપી પોતાના જીવનને જીવંત અને ગતિશીલ બનાવી શકાય.

આજની સદીનો વરિષ્ઠ નાગરિક ગઈ સદીના વરિષ્ઠ નાગરિક કરતાં સમય સાથે અનેક રીતે-રૂપે અપ-ડેટ-સજ્જ થયેલો જોવા મળે છે. પરિણામે આજનો વરિષ્ઠ નાગરિક દીર્ઘ અનુભવની સાથે અનેક પ્રકારની આવડત અને જીવન-જગતની વિશાળ માહિતી અને જ્ઞાન-વિજ્ઞાનથી પરિચિત છે. તેથી આજનો વરિષ્ઠ નાગરિક નકામો સમય વેડફવાને બદલે ટી.વી., મોબાઈલ, કૉમ્પ્યૂટર જેવા યાંત્રિક ઉપકરણોના ઉપયોગની આવડત ધરાવતો હોવાથી એનો યોગ્ય ઉપયોગ કરી એનો લાભ સ્વ અને સમાજને આપતો થયો છે. ઉપરાંત યોગ, વ્યાયામ, વૈચારિક પ્રવૃત્તિથી આજનો વરિષ્ઠ નાગરિક વિશેષ સભાન-સક્રિય હોવાથી, અગાઉના પ્રમાણમાં, તેનું લાંબુ આયુષ્ય કુટુંબ-સમાજ માટે, દીર્ઘ સમય માટે ઉપયોગી બની રહે છે.

અલબત્ત, માનવજીવન એટલે શારીરિક રીતે કેવળ પસાર કરેલાં દીર્ઘ વર્ષોનાં ગાણિતિક સરવાળો નહિ, પરંતુ, એ સાથે પસાર કરેલાં દીર્ઘ વર્ષોમાં 'સ્વ સાથે સર્વ માટે' કેટલું જીવંત જીવન ઉમેરાયું-વૃધ્ધિ પામ્યું તે છે, એ દૃષ્ટિએ કેટલાં વર્ષો જીવ્યાં એ કરતાં જીવેલાં વર્ષોમાં કેટલા 'જીવંત' રહ્યા, તેનું મૂલ્ય છે, મહત્ત્વ છે. એ ભૂલવું ન જોઈએ.

સમગ્ર રીતે જોઈએ તો, માનવજીવનની-બાલ્યાવસ્થા, યુવાવસ્થા, પ્રૌઢાવસ્થા, વૃધ્ધાવસ્થા-વિવિધ અવસ્થાઓમાં આવતા અનેક અલ્પવિરામોના પડાવોની ગતિ આખરે તો વાર્ધક્યકાળના અંતિમ અને છેલ્લા પડાવના પૂર્ણવિરામે વિરામ પામે છે. પરંતુ સાંપ્રત સમયમાં 'સિનિયર સિટિઝન્સ'-વરિષ્ઠ નાગરિકથી સમાજમાં માન-મોભો-પ્રતિષ્ઠા ધરાવતા વિશાળ વડલાસમા વડીલો અનેકોના જીવનમાં છાયો આપી શકે તેમ છે. જીવનસંધ્યાના આ ઉજાસકાળે નાનકડું કોડિયું બની કોઈકના જીવનમાં ઉજાસ-અજવાળું પાથરી શકે તેમ છે. ત્યારે તેઓ અતીતના સ્મરણોના વૈભવમાં કેવળ વ્યસ્ત ન રહેતાં જિંદગીના છેડાને ત્રિભેટેથી જીવનસરવૈયું થકી પોતાની ભૂલો-ખામીઓથી નવી પેઢી દૂર રહે એ માટે દિશાદર્શક બની, વર્તમાનને આવકારી, મનગમતી પ્રવૃત્તિમાં વ્યસ્ત રહી જીવન વૃધ્ધિ-સમૃધ્ધિ પ્રાપ્ત કરે એવી અભ્યર્થના સાથે તેમના તંદુરસ્ત દીર્ઘાયુષ્ય માટે પ્રાર્થના છે, વંદના છે.

માનદ્ નિયામક, શ્રી રામકૃષ્ણ સેવા મંડળ, આણંદ

---

॥ વિદ્યાવૃત્ત ॥

## આઈસ્ટાર કૉલેજ ખાતે સરફેસ કોટીંગ ટેક્નોલોજી ડિપાર્ટમેંટમાં એક્સપર્ટ ટોકનું આયોજન

ચારુતર વિદ્યામંડળ સંચાલિત આઈસ્ટાર કૉલેજના સરફેસ કોટીંગ ટેક્નોલોજી ડિપાર્ટમેંટમાં કોરોસન અને પેઈન્ટ એપ્લીકેશન પર એક્સપર્ટ ટોકનું આયોજન કરવામાં આવેલ. જેમાં દીપક મારૂ (NACE લેવલ-૨), ટેકનોક્રેટ સોલ્યુસન, વાપી અને સુગ્નેશ પટેલ, કોટીંગ ઈન્સ્પેક્ટર ઓમાન ડ્રાય ડોક, ઓમાન, દ્વારા વિદ્યાર્થીઓને કોરોસન અને પેઈન્ટ એપ્લીકેશન પર વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું. બંને તજજ્ઞોએ પોતાના અનુભવો અને વિચારો રજૂ કરી વિદ્યાર્થીઓને કોરોસનના લીધે ઉદ્‌ભવતી સમસ્યાઓ અને તેના નિરાકરણ હેતુ વપરાતી પદ્ધતિઓથી માહિતગાર કર્યા હતા. આ ઉપરાંત ઔદ્યોગિક કંપનીઓની વિદ્યાર્થીઓ પાસેથી જરૂરી ટેક્નીકલ સ્કીલની અપેક્ષાઓ ઉપર વિચારો રજૂ કર્યા હતા. તેમના જણાવ્યા પ્રમાણે ભારતમાં આવનાર સમયમાં પેઈન્ટ અને કોટીંગની ખૂબજ વધારે ડીમાંડ હોય તે માટે વિદ્યાર્થીઓએ કોટીંગ વિષય પર વધારે અભિરૂચી કેળવી અને જરૂરી સ્કીલ વિકસાવે તો આવનાર સમયમાં ભવિષ્ય ઉજળું રહેશે. સરફેસ કોટીંગ ટેક્નોલોજી ડિપાર્ટમેંટના વડા ડૉ. કલ્પેશ પટેલ દ્વારા વિદ્યાર્થીઓની પ્રગતિ હેતુ આ વ્યાખ્યાનનું આયોજન કરેલ, જેને આઈસ્ટાર કોલેજના પ્રિન્સિપાલ પ્રો. નિર્મલકુમાર દ્વારા બિરદાવવામાં આવ્યું હતું.

# ખેત રસાયણોના માપસરના ઉપયોગથી થતા ફાયદાઓ

જલ્પેશ એસ. પટેલ, ગૌરવ એસ. દવે અને અરવિંદ પરમાર

ખેતીપાકોનું મહત્તમ ઉત્પાદન લેવા માટે કૃષિ રસાયણોનો ઉપયોગ લગભગ અનિવાર્ય બની ગયેલ છે. કીટનાશક, રોગનાશક અને નીંદણનાશક રસાયણ અનુક્રમે કીટક, રોગકારક જીવાણુ અને નીંદણના નિયંત્રણ માટે વાપરવામા આવે છે. જે તે પાકમાં જીવાત, રોગ કે નીંદણને ઓળખી તેને અનુરૂપ જંતુનાશક રસાયણની પસંદગી કરવી જોઇએ. કૃષિ વૈજ્ઞાનિકો સંશોધનના પરિણામોને આધારે જે તે પાકમાં કૃષિ રસાયણો વાપરવાની માત્રા નક્કી કરી ભલામણ કરતા હોય છે. આવા કૃષિ રસાયણોની અસરકારકતાનો આધાર તેની માત્રા પર જ નહિ પરંતુ તેનો ઉપયોગ ક્યારે, કેવી રીતે અને કઈ પરિસ્થિતિમાં કરવામાં આવે છે તેના પર રહેલો છે.

જૈવિક ફૂગનાશકનો મહત્તમ/કાર્યક્ષમ લાભ મેળવવા માટે જમીનમાં પૂરતો ભેજ અને સેન્દ્રિય તત્વ હોવા જરૂરી છે. તેની સાથે જમીનનું તાપમાન પણ નીચું હોય તે આવશ્યક છે.

આધુનિક ખેતીનાં પાકમાં નુકસાનકારક નીંદણના નિયંત્રણ માટે ખેડૂતો નીંદણનાશક રસાયણો વાપરતા થયા છે. જંતુનાશક રસાયણોની જેમ નીંદણનાશક રસાયણોની અસરકારક્તા કે સફળતાનો આધાર તેને ક્યારે, કેવી રીતે, કેટલા પ્રમાણમાં અને કઈ પરિસ્થિતિમાં ઉપયોગ કરેલ છે તેના પર રહેલા છે. ભલામણ કરતા વધારે માત્રામાં નીંદણનાશક વાપરવામા આવે તો ઊભા પાકમાં તેની વિપરીત અસર થતી હોય છે. જમીનમાં તેના અવશેષો લાંબા સમય સુધી પડી રહે તો પછીના પાકના ઉગવા પર તેની અસર જોવા મળે છે. તેનાથી ઉલટુ ભલામણ કરતા ઓછી માત્રામાં નીંદણનાશક રસાયણોનો ઉપયોગ થાય તો અસરકારક નીંદણ નિયંત્રણ થતું નથી જેને લીધે હાથથી નીંદામણ કરવાની જરૂર પડે છે પરિણામે ખેતી ખર્ચ વધે છે.

સામાન્ય રીતે પાન, ફૂલ અને ફળ ને ખરતા અટકાવવા, ફળનું કદ વધારવા, ફળોને વહેલા કે મોડા પકવવા એમ વિવિધ હેતુઓ માટે વૃદ્ધિ નિયંત્રકોની કાર્યપધ્ધતિ સમજ્યા વગર માત્ર ફળોનું કદ વધારવા માટે કરતા હોય છે. કેટલીક વખત એવું પણ જોવા મળે છે કે પાકમાં સમજ્યા વગર વૃદ્ધિ નિયંત્રકનો ઉપયોગ કરવાને લીધે પાકની વાનસ્પતિક વૃદ્ધિમાં વધારો થાય છે અને ઉત્પાદનમાં ઘટાડો થાય છે. આથી વૃદ્ધિ નિયંત્રકના છંટકાવનો સમય તેમજ માત્રા ખૂબજ અગત્યની હોય, તેને તેના કાર્ય અનુરૂપ જે તે પાકની ચોક્કસ અવસ્થાએ નિયત માત્રામાં જ વાપરવા જોઈએ.

વળી ખેતી ઉત્પાદનનો મોટા ભાગનો ખર્ચ રાસાયણિક ખાતર તેમજ જંતુનાશક દવાઓ પાછળ થતો હોય છે. રાસાયણિક ખાતરનો કાર્યક્ષમ ઉપયોગ કરવામાં ન આવે તો તેનો પુરતો લાભ મળતો નથી અને ખેતી ખર્ચ વધે છે એટલું જ નહિ પરંતુ જમીનની તંદુરસ્તી પર વિપરીત અસર થાય છે અને પ્રદૂષણમાં વધારો કરે છે. અલગ અલગ સાહિત્યમાં પ્રસિધ્ધ થયેલા અહેવાલો અનુસાર ખેતી પાકોમાં જે કોઈ રાસાયણિક ખાતરનો ઉપયોગ કરવામાં આવે છે તે પૈકી લગભગ ૩૦ થી ૪૦ ટકા જેટલો જ જથ્થો પાક લઈ શકે છે, જ્યારે બાકીનો જથ્થો અલભ્ય સ્વરૂપે જમીનમાં જકડાઈ જાય છે અથવા તો એક યા બીજી રીતે તેનો વ્યય થાય છે.

**રાસાયણિક ખેત પદાર્થોની જમીનની ફળદ્રુપતા તેમજ માળખા ઉપર થતી અસરોઃ**


ખેત રસાયણોનો વધુ પડતો ઉપયોગ કરવાથી રસાયણના ઝેરી તત્ત્વોની અસરના પરિણામ સ્વરૂપ જમીનની કાર્યક્ષમતા તેમજ ફળદ્રુપતામાં નોંધપાત્ર ઘટાડો જોવા મળેલ છે. આના પરિણામ સ્વરૂપ જમીનનું પવન તેમજ વરસાદ દ્વારા વધુ ને વધુ ધોવાણ થાય છે. આમ ઘટતી જતી ફળદ્રુપતાને કારણે જમીનની યાંત્રિક,રાસાયણિક તેમજ જૈવિક પ્રક્રિયાઓમાં અસંતુલન થવાથી છોડની વૃદ્ધિ તેમજ તેના વિકાસ ઉપર નોંધપાત્ર ઘટાડો જોવા મળેલ છે. જેની સીધી કે આડકતરી અસર ખોરાકની ગુણવત્તા તેમજ ઉત્પાદન પર થઈ છે. આમ વધુ ને વધુ રાસાયણિક તત્ત્વોનો ઉપયોગ કરવાથી જૈવવૈવિધ્યતા પર માઠી અસર પડી છે જે ચોક્કસ જૈવપ્રણાલીના પતન તરફ દોરી જશે.

**રાસાયણિક ખેત પદાર્થોની પોષકચક્ર ઉપર થતી અસરોઃ**



રાસાયણિક ખેતપદાર્થોનો વધુ પડતો ઉપયોગ કરતા આખરે તે પરિવર્તન પામી જમીનની અંદર જ સંચય થાય છે. આના પરિણામ સ્વરૂપે જમીનની અંદર રહેલા કેટલાક ઉપયોગી સૂક્ષ્મજીવો કે જે અગત્યના પોષકતત્ત્વોને છોડ માટે લભ્ય સ્વરૂપમાં પરિવર્તન માટે જરૂરી છે. તેમની સંખ્યા તેમજ કાર્યક્ષમતા પર નુકસાનકારક અસર થાય છે. ડીડીટી, મિથાઈલ પેરાથીયોન જેવા જંતુનાશકોના અતિશય ઉપયોગથી કેટલીક જૈવિક પ્રક્રિયાઓ કે જે નાઈટ્રોજનના સ્થાપન માટે જરૂરી છે તેના પર પણ માઠી અસર જોવા મળેલ છે.

**માનવજીવન પર રાસાયણિક ખેત પદાર્થોની અસરઃ**




જંતુનાશકો માનવ શરીરના સંપર્કમાં આવતા ચામડી દાઝી ગઈ હોય તેવી અસર જોવા મળે છે. જંતુનાશકો તેમજ રાસાયણિક ખાતરો મુખ્યત્વે ખોરાક તેમજ પાણી દ્વારા આપણા શરીરમાં પ્રવેશ પામે છે, જેમાં ખાસ કરીને ફળો અને શાકભાજીમાં તેનું પ્રમાણ વધારે જોવા મળે છે. આ રાસાયણિક ખેતપદાર્થોની લીધે માનવ શરીર પર ખોડખાંપણ, ઊંચાઈમાં ઘટાડો, શારીરિક નબળાઈ, ત્વચા પર ખંજવાળ, અંતસ્ત્રાવમાં બદલાવ અને કેન્સર જેવી ભયંકર બીમારીઓનો સામનો કરવો પડે છે.

આમ રાસાયણિક ખેતપદાર્થોનો વધુ પડતા ઉપયોગથી માત્ર પર્યાવરણ ને જ નહી પરંતુ પ્રાણીઓ અને માનવજીવનના આરોગ્ય પર પણ ખૂબ માઠી અસર થાય છે. આથી આપણે આપણા તેમજ આવનારી ભાવિ પેઢીના સ્વાસ્થ્યનો વિચાર કરી આવા રાસાયણિક ખેતપદાર્થોનો ઉપયોગ માપસર (વૈજ્ઞાનિકોએ કરેલ ભલામણ મુજબ) કરવો જોઈએ.

કોલેજ ઓફ બેઝિક સાયન્સ એન્ડ હ્યુમીનીટીઝ,
સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી
સરદારકૃષિનગર ૩૮૫૫૦૬, દાંતીવાડા, જી. બનાસકાંઠા

**વહેવારુ માણસ પોતાની આજની ફરજનો વિચાર કરશે, કાલનો વિચાર નહિ કરે. કારણ કે જો એ આજની કાળજી રાખશે તો કાલનો વિચાર એની મેળે થઈ જશે.**

**–સરદાર પટેલ**

॥ વાર્તા ॥

## અમ્મા

લતા હિરાણી

– અમ્મા, બહોત ભૂખ લગી હૈ, ખાના દો ન !! – થોડા ખેલકર આઓ, ફિર દેતી હૂં. – નહિ, તુમ રોજ ઐસા કરતી હો ! – અગર તુમ બાહર નહિ જાઓગે તો મૈં ખાના નહિ બનાઉંગી ! અને સાતેક વર્ષનો રહીમ સિત્તેર વર્ષના વૃદ્ધની જેમ લથડતો ઘરની બહાર નીકળ્યો.

એની ઝૂંપડીથી થોડે દૂર સામે જ મોટી ગટર પસાર થતી હતી અને એની બાજુમાં આઠ-દસ છોકરાંઓ મારામારી કરી રહ્યાં હતાં. એમાં રહીમના ભાઇ બહેન અસ્મા, સલીમ, ગુલામ ને સુલેમાન તો ખરાં જ, આજુબાજુની ઝૂંપડીઓના શેરુ, રાજુ, કનુ, સવલી ને કિશની પણ હતાં. રસ્તાથી પસાર થતાં કોઇ ગાડીવાળાએ આ રમતાં છોકરાંઓને એક બિસ્કિટનું પેકેટ આપ્યું અને એમાં બધી રામાયણ શરૂ થઇ. એક પેકેટ માટે ઝૂંટાઝૂંટ અને મારામારી. રહીમના પગમાં જોર આવી ગયું અને એ દોડ્યો પણ પહોંચ્યો ત્યાં સુધીમાં ખેંચાખેંચીમાં પેકેટ તૂટી ગયું અને તૂટેલા ટુકડા આમતેમ વેરાઇ ધૂળમાં ભળી ગયાં. કોઇના હાથમાં એકાદ બે ટુકડા આવ્યા તો એ બીજાને ડિંગો બતાવતા ભાગ્યા.

રહીમને પેલી બિસ્કિટના ભૂક્કાવાળી ધૂળ પણ ફાકવાનું મન થઇ ગયું. ત્યાં એની નજર દૂર ઊડીને પડેલા એક ટુકડા પર ગઇ. વળી એના પગમાં ચેતન આવ્યું, એ દોડ્યો પણ એના જેવા જ બીજા બે હાથના ધક્કાથી પડ્યો અને એવા જ એક ધક્કાથી બિસ્કિટનો ટુકડો જઇ પડ્યો ગટરમાં ! રહીમની આંખોમાંથી ભૂખ પ્રવાહી બનીને વહેવા લાગી. રહીમ થોડો મોડો પડ્યો હતો. એનાથી એક વર્ષ નાનો સુલેમાન, સુલેમાનથી દોઢ વર્ષ નાની અસ્મા, અસ્માથી બે વર્ષ નાનો ગુલામ અને રહીમથી એક વર્ષ મોટો સલીમ, આ બધાને કંઇક કંઇક હાથમાં આવ્યું હતું અને એ મોઢામાં નાખતા એ બધાં ખોલીમાં અમ્મા પાસે દોડી ગયાં.

ઘરમાં અમ્મા લમણે હાથ દઇને બેઠી હતી. ફાટેલા, ઘસાયેલા, મેલાઘેલા ગંદા છાપાં એની બાજુમાં પડ્યા હતાં ને એવાં જ એનાં કપડાં. કોરીધાકોર આંખોમાં લીંપાયેલી ભૂખની આગ કદાચ દિવસોથી ઠરેલા ચૂલાને ઝગાવવા પ્રયાસ કરી રહી હતી. બાળકો એને વીંટળાયા. એ જરાય હલી નહિ, ન એણે કોઇ પ્રતિભાવ આપ્યો. અસ્માએ અમ્મા, અમ્મા કહેતાં એને ઢંઢોળવા પ્રયત્ન કર્યો પણ અમ્માના હાથનો એક હડસેલો પામી ખસી ગઇ. સલીમે તપેલાંને લાત મારી અને બહાર ભાગ્યો. ગલીના નાકે રિક્ષા ઊભી રહેવાનો અવાજ આવ્યો.

એ રિક્ષા રહીમના અબ્બાની હતી. આમ તો અબ્બા પાસેથી ખાવામાં માર અને ગાળો જ મળતા તોયે રહીમ દોડીને નાકા સુધી પહોંચ્યો અને એમ જ ખમચાઇને ઊભો રહ્યો. મોટાભાગે બનતું એમ રહીમના અબ્બાના પગ લથડતા હતા. સામાન્ય રીતે રાત પડે આવું થતું પણ આજે હજી સાંજ પડવા આવી હતી તોયે...... રહીમ ધ્રુજી ગયો.

આજે હવે ઢોરમાર મળશે. કદીક આવી હાલતમાં અબ્બા ઘરમાં પગ મૂકતાં જ જાણે દાનવ બની જતા. કંઇ ખાવાનું હાથમાં આવે તો એ ચારે બાજુ ફેંકતા અને ગંદી ગાળો બોલતા. ન પોતે ખાતા, ન કોઇને ખાવા દેતા. અમ્મા પણ વિફરતી અને આખી ગલીમાં સંભળાય એમ બંન્ને વચ્ચે ઝઘડો થતો. ઝઘડવાનું કારણ એ જ...

– યે તેરે બચ્ચે શેતાન બન ગયે હૈ, સોને નહિ દેતે. – તુમ્હેં પીનેકે અલાવા કુછ સુઝતા હૈ ક્યા ? ઇતને બચ્ચે મેરી ગોદમેં ડાલ દિયે, મૈં કહાંસે સબકા પેટ પાલું ? – યે તેરે બચ્ચે હૈ, તું સંભાલ સબકો. – બચ્ચે પેડ સે નહિ ટપકે, યે તુમ્હારી ઔલાદ હૈ.....

અને પછી એકના એક દૃશ્યનું પુનરાવર્તન. આમ તો જોકે ઓછે વત્તે અંશે આજુબાજુની બધી જ ઝૂંપડીઓમાં આ જ મુદ્દા રિપીટ થતા. આવા જ ઝઘડા, આમ જ ગાળો.... શબ્દો જુદા પણ મૂળ વાત એક જ... પશુથીયે બદતર જિંદગી જીવતા માનવકંકાલો અને કાળી ભૂખ ઓઢીને રખડતા ઢગલો એક બાળકો. દારૂ પીને હેવાન બનતા પુરૂષો, વસતીની સ્ત્રીઓ અને બાળકો માટે સાવ સામાન્ય બાબત હતી પણ ભૂખ જ્યારે સીમા વટાવી દેતી અને બાપ આમ બધું ફેંકાફેંક કરતો ત્યારે રહીમને થતું, હાથમાં પિસ્તોલ આવે તો બાપને ઠાર કરી નાખું !

સામે મેદાનની પાર આવેલી એક સોસાયટીમાં રહેતા સનીને એના મમ્મી-પપ્પા કેવું વહાલ કરતા ! એની મમ્મી સનીને રોજ સ્કૂટર પર સ્કૂલે મૂકવા જતી. પોતાની વસતીના છોકરાંઓ માટે કોઇ સ્કૂલ હતી જ નહિ. બધાં માટે ખાવામાં થોડી રોટી ને ઝાઝો માર ને શીખવામાં ગંદી ગાળો. આમાં ને આમાં રીઢા થઇ ગયેલા બાળકોની રમતો પણ એવી જ રહેતી.

આજે જોકે અબ્બાને જરાય હોશ નહોતો. ઘરમાં જતાંવેંત એણે ખૂણામાં પડેલી જૂની પતરાની બેગને પગથી લાત મારી. બેગનો ખૂણો એમને જ વાગ્યો ને પગમાં થોડું લોહી નીકળ્યું. બે ચાર ગાળ ને એ ખૂણામાં ઢળી પડ્યા. અમ્મા પોતાની જગ્યાએથી હલી નહિ. બધા છોકરાંઓ બચી ગયાની હાશ અનુભવતા બહાર નીકળી ગયા.

રહીમ મડદાલ ચાલે પાછળ આવેલા તળાવ પાસે ગયો. જો કે ત્યાં તળાવ તો શું ગટર જ કહેવાય. કદીક એમાં સારું પાણી હશે પણ હવે તો એ મોટા ખાડામાં આજુબાજુની ગંદી નીકો ઠલવાતી હતી. કિનારા પર કીચડમાં ભૂંડ આળોટ્યા કરતા ને પાણી ઉપર મચ્છરોના ઝૂંડ ફર્યા કરતા. હા, ઉનાળામાં આ ગંદા તળાવ પરથી આવતો પવન આ ઝૂંપડાવાસીઓને જરા રાહતનો શ્વાસ આપી જતો ખરો પણ હજી શિયાળો પૂરો ગયો નહોતો. રહીમ એક મોટા પથ્થર પર બેસી પડ્યો ને એની આંખ ક્યારે મિંચાઇ ગઇ એને ખબર ન રહી.

રાત પડી ગઇ અને રહીમના ચીંથરા જેવા શર્ટની આરપાર ઠંડી લહેરખીઓ પસાર થવા લાગી. એના શરીરમાં ધ્રુજારી ફરી વળી ને તેની આંખ ખૂલી ગઇ. કોકડું વળી એ ઘર તરફ ચાલ્યો. ભૂખ અને થાક એના પગને સ્થિર નહોતા પડવા દેતા. જેમતેમ કરીને એ ઘર સુધી પહોંચ્યો.

અમ્માની આંખો સૂઝી ગઇ હતી. એ બધા બચ્ચાંને છાપાં પાથરી સુવાડતી હતી. રહીમનુંયે બાવડું ઝાલી અમ્માએ એને ચુપચાપ બધાની બાજુમાં સુવડાવી દીધો. સાંજના નાટક પછી અને અમ્માનો ભયાનક ચહેરો જોયા પછી હવે ખાવાનું માગવાની એની હિંમત નહોતી. એકબીજાંને ચોંટીને સાંકડમુકડ સૂતેલાં બચ્ચાંઓની ઉપર છાપાં નાખી ઉપર એકમાત્ર ફાટેલ ગાભા જેવી ગોદડી અમ્માએ ઓઢાડી દીધી. અબ્બા જ્યાં હતા ત્યાં જ કોથળાની જેમ પડ્યા હતા. આજે એમણે ખૂબ વધારે પીધો હતો.

હજી અંધારુ ઓછું નહોતું થયું. વહેલી સવારના ચારેક વાગ્યા હશે. અમ્માએ બધાંને ઉઠાડ્યા. રહીમને લાગ્યું, અમ્મા આખી રાત બેઠી જ રહી હતી. સૂતી નહોતી. ઘરમાં સ્ટ્રીટલાઇટનું થોડું અજવાળું આવતું હતું. અમ્મા એક પણ શબ્દ બોલ્યા વગર સૌને ઉઠાડતી હતી. અમ્માને જોઇને સૌ ડઘાઇ ગયાં. આજે એનો સ્પર્શ પણ ડરામણો બની ગયો હતો. કાચી ઊંઘમાં કોઇને ખબર ન પડી કે અમ્મા શું કરે છે ? અરધા ઊંઘમાં ને અરધા જાગતાં છોકરાંઓ અમ્માને અનુસર્યા. અમ્માની પાછળ પાછળ સૌ બહાર નીકળ્યા.

અમ્માએ ઇશારો કરીને બધાને પાછળ આવવા સમજાવ્યું. એનો ચહેરો પથ્થરનો ને આંખો કાચની બની ગઇ હોય એમ લાગતું હતું. આજે ત્રીજો દિવસ હતો, કશું ખાવાનું મળ્યું નહોતું. અમ્માની પાછળ આવતા છોકરાંઓને અસ્મા કંઇક કહેવા ગઇ પણ સલીમે એને ચૂપ કરી દીધી. ચુપચાપ ચાલતી અમ્માને તો પાંચેય છોકરાંઓ એની પાછળ આવે છે કે નહિ એ જાણવાની જાણે કોઇ પરવા જ નહોતી. રહીમે એક વાર બીતાં બીતાં પાછું વળીને પોતાના ઘર સામે જોયું. વાંસનો તૂટેલો ઝાંપો બાપના હૃદયની જેમ કઠોર જ રહ્યો. સુલેમાને ખાતરી કરી લીધી કે અબ્બા નામનો ડાયનોસોર ક્યાંક પાછળ તો નથી આવતો ને !

ઘરથી રેલવે સ્ટેશન ઝાઝું દૂર નહોતું. બધા છોકરાંઓના મનમાં ભય હતો જ પણ આ નવી પરિસ્થિતિમાં કંઇક આશાયે જન્મી હતી. બાપ સાથે નહોતો એની રાહતેય હતી. આમ એમના પગમાં ચાલવાની તાકાત આવી ગઇ હતી. સ્ટેશને પહોંચી અમ્મા ત્યાં ઊભેલી ટ્રેનના એક ડબ્બામાં ચડી ગઇ. પાછળ પાછળ બધાં છોકરાંઓ ચડી ગયા. સંડાસ પાસેની સાંકડી જગ્યામાં અમ્માએ યંત્રવત બધાંને બેસાડી પછી પોતાના બેય હાથ સૌને વીંટળાય એટલા વીંટાળી એ બેસી ગઇ. ચહેરો હજુ એમ જ ખડકવત હતો પણ બેય હાથ પોતાના સંતાનો ફરતી ભીંસ વધારતા જતા હતા.

ટ્રેનની વ્હીસલ વાગી ને ટ્રેન ઉપડી. પળવાર અમ્માના આંગળામાં ચેતન આવ્યું ને બે ચાર છોકરાંઓના માથે એનો હાથ ફર્યોયે ખરો. ક્યાં જવાનું છે એ વિશે કોઇને કશી ચિંતા નહોતી કેમ કે અમ્મા સાથે હતી. નાની અસ્માની આંખમાં બહાર જવાનું મળ્યાની ખુશીની નાનકડી લહેર પણ દોડી રહી હતી. પોતાના માથા પર આવેલા અમ્માના હાથને એણે પકડી લીધો. બીજી જ પળે ત્યાંથી ખસતાં, ઝાટકો મારી અમ્માએ હાથ છોડાવી લીધો. એ સાથે જ સુલેમાને પકડેલો અમ્માનો દુપટ્ટો પણ એના હાથમાંથી છટકી ગયો. સલીમ આ કશાની પરવા કર્યા વગર બારીની બહાર અંધારામાંયે કંઇક જોવાનો પ્રયાસ કરી રહ્યો હતો. જો કે ઊભા થઇને બારી સુધી જવાની એનીયે હિંમત ન ચાલી.

ટ્રેન ધીમે ધીમે આગળ વધી રહી હતી. સ્ટેશન છુટતાં જ ગાડીએ થોડી ગતિ પકડી. અમ્મા હળવેથી ઊભી થઇને ડબ્બાના બારણાં પાસે ગઇ. ત્યાં જ ઊભી રહી એ બહાર અંધારામાં તાકવા લાગી. ટ્રેનના પૈડાં પૂરાં ગતિમાં આવ્યા. અમ્માએ પળવાર પાછું વળીને એક નજર બચ્ચાંઓ પર નાખી લીધી ને બીજી પળે એણે બહાર કૂદકો મારી દીધો. કોઇને કંઇ સમજાય એ પહેલાં અમ્મા અંધારામાં ઓગળી ગઇ.

રહીમ ને અસ્માના ગળામાં જ ચીસ અટકી ગઇ..... અમ્મા.....

---

કોલેજ ઓફ બેઝિક સાયન્સ એન્ડ હ્યુમીનીટીઝ,
સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સીટી
સરદારકૃષિનગર ૩૮૫૫૦૬, દાંતીવાડા, જી. બનાસકાંઠા

## આરોગ્ય માટે નુકસાનકારક - આધુનિક આહાર દ્રવ્યો : ભાગ-૧

સાગર એમ. ભીંડે

મનુષ્ય જીવન માટે આહાર એ સર્વોપરી વસ્તુઓમાંની એક વસ્તુ છે.

अतश्च सर्वभूतानां आहारः स्थितिकारणम्।
-काश्यप संहिता

પરંતુ માનવજાતિમાં આહારનો વિકાસ ક્રમ જોઈએ તો હજારો વર્ષો પહેલાં આદિમાનવ પોતાનું પેટ ભરવા માટે પ્રાણીઓના માંસ અને અમુક ફળ, ફૂલ અને કંદ ઉપર જ આધાર રાખતા હતા. ત્યારપછી જ્યારથી અમુક પ્રાણીઓને શિક્ષિત કરતા શીખ્યો અને ભટકતી જિંદગીમાંથી થોડી સ્થાયી જિંદગી જીવતા શીખ્યો ત્યારથી અનાજ ઉગાડવાની શરૂઆત થઈ અને આહારમાં અનાજ અને દૂધ જેવા પ્રાણીજ આહાર દ્રવ્યોનો સમાવેશ થયો.

અગ્નિની શોધ સાથે વિવિધ વ્યંજનો બનાવતો થયો. પછીથી માનવજાતિ અનાજને પ્રોસેસીંગ કરતા શીખી અને ૧૯મી સદીના અંત સુધીમાં તો આહાર દ્રવ્યોનું આધુનિકરણના નામે કોમર્સ્યલાઈઝેશન પણ થવા માંડ્યું છે. એટલે કે આહાર એક વૈશ્વિક ધંધો બન્યો. ૨૧મી સદી આવતાં આવતાં આ ચરમ સીમા પર પહોંચ્યું અને હવે જે આધુનિક આહાર દ્રવ્યો મળે છે તે રંગ, રૂપમાં રૂપકડા પરંતુ સ્વાસ્થ્ય માટ મહદંશે હાનિકારક થવા માંડ્યા છે. અને તેનો પુરાવો છે WHO નો ૨૦૧૪ નો Global Status Report on non communicable disease - જેમાં દર્શાવ્યા મુજબ ૧૯૯૪થી હૃદયરોગના કારણે થતાં મૃત્યુમાં દર વર્ષે ઉમેરો જ થતો જઈ રહ્યો છે. હૃદયરોગ એ દુનિયા ભરમાં અકાળ મૃત્યુ માટેનું સૌથી મોટું કારણ બની રહ્યું છે. એ દર વર્ષે લગભગ ૧,૭૦,૦૦૦ લોકોનો ભોગ લઈ રહ્યું છે.

વળી, ડાયાબીટીસના દરદીઓની સંખ્યા પણ દિવસે ને દિવસે વધતી જ જાય છે. આવા બધા રોગો થવાનું મુખ્ય કારણ બેઠાડુ જીવન અને ભોજનમાં વધુને વધુ સેચ્યુરેટેડ ફેટ અને ટ્રાન્સફેટનો ઉપયોગ છે. આધુનિકરણની જ આ આડઅસર છે.

'જંક ફૂડ' નામનો દાનવ આ આધુનિકરણના 'રક્તબીજ' માંથી જ ઉત્પન્ન થયો છે જેમ જેમ આધુનિકરણ વધતું જાય છે તેમ તેમ જંકફૂડનો ઉપયોગ વધતો જ જાય છે અને આપણા શરીર વધુને વધુ રોગોના ઘર બનતા જાય છે.

સૌ પ્રથમ ૧૯૭૨માં માઈકલ જેકોબસને (જે સેન્ટર ઓફ સાયન્સ ઈન પબ્લીક ઈન્ટરેસ્ટ ના ડાયરેક્ટર હતા) જંકફૂડ એવું નામકરણ કર્યુ હતું અને જણાવ્યું કે 'જંકફૂડ એટલે એવો આહાર જેમાં સાવ નહિવત અથવા તો બિલકુલ જ પોષક તત્વો નથી હોતા, પરંતુ કેલરિ અને ફેટથી ભરપૂર હોય છે.'' જેને 'એમ્પ્ટી કેલરિ' પણ કહેવાય છે.

તો આવા જ અમુક જંકફૂડ, શું કામ આપણા સ્વાસ્થ્ય માટે નુકસાનકારક છે તે આપણે વિસ્તારથી જોઈએ. અસંખ્ય જંકફૂડમાંથી કેટલાકની ચર્ચા ક્રમિક અંકના રૂપમાં અહિં કરવામાં આવશે. કુલ મળીને આઈસ્ક્રીમ, મારજેરીન, મેંદો, ટોમેટો સોસ, ઠંડા પીણા વિશે ચર્ચા કરીશું.

આવા ખોરાકથી થતા આરોગ્યના નુકસાનનું જો સમાજના ધ્યાનમાં આવે અને આવો ખોરાક લેવાનું બંધ અથવા ખૂબ જ ઓછો કરી સ્વાસ્થ્ય તરફ અગ્રેસર થાય તો આ લેખની શૃંખલાનો ઉદ્દેશ્ય સફળ માનીશ.

**આઈસક્રીમ :-**

અરે રમેશ! જા તો શેરીના ખૂણાવાળી દુકાનથી એક આઈસક્રીમ લઈ આવ જોઉં! તારા પપ્પાને એસીડીટી થાય છે.

ચીંટુ! હવે રડવાનું બંધ કર! મારે ઑફિસનું બહુ કામ બાકી છે. ચાલ બેટા ચૂપ થઈ જા તો તને હું આઈસક્રીમ લઈ આપીશ.

આવી જ રીતના કેટકેટલાય આઈસક્રીમના મહિમા ગાન આજે ઘરેઘરમાં સાંભળી શકાય છે. પરંતુ આ નર્યું અજ્ઞાન જ છે. જો કોઈ કંપની એકદમ શુધ્ધ દૂધમાંથી આઈસક્રીમ બનાવતા હોઈ (જે શક્ય નથી) તો પણ એ કેટલું નુકસાનકારક છે એ આપણે જોઈએ.

૧/૨ કપ વેનીલા આઈસક્રીમમાં ૯ ગ્રામ ફેટ હોય છે. આમ તો ફેટ દ્વારા જ શરીરમાં અમુક હોર્મોન બને, કોષોની દીવાલ બને, રોગપ્રતિકારક શક્તિ વધે પરંતુ જરૂર કરતા

વધારે પ્રમાણમાં ફેટ, હૃદય રોગનું મુખ્ય કારણ બને છે. ૨૦૦૦ કેલરી વાળા ખોરાકમાંથી ૨૦થી૩૫ % કેલરી ફેટમાંથી મળવી જોઈએ એટલે કે આશરે ૭૮ ગ્રામ જેટલું ફેટ દરરોજ જોઈએ. પરંતુ ૧/૨ કપ વેનિલામાંથી દરરોજની જરૂરિયાતનું ૧૦% થી પણ વધુ ફેટ મળી જાય છે. વળી આજ કાલ લગ્નપ્રસંગ કે પાર્ટીમાં લોકો ૧ સર્વિંગથી ક્યાં સંતોષ માને છે? આ ઉપરાંત દરરોજનો રેગ્યુલર ખોરાક તો લેતા જ હોય છે. અને આ રીતે શરીરમાં જરૂર કરતા વધારે ફેટ જમા થવા લાગે છે. વારંવાર આવી રીતે આઈસક્રીમ ખાવામાં આવે તો હૃદયની નળીઓમાં ફેટ જમા થઈને નાની ઉંમરે પણ અન્ય પરીબળો સાથે મળીને હાર્ટએટેક આવી શકે છે.

વળી, લગભગ દરેક આઈસક્રીમ બનાવતી કંપની તેની સામગ્રીમાં સ્પષ્ટ લખે જ છે કે આમાં દૂધ તથા અન્ય સામગ્રીની સાથે સાથે મીઠું પણ છે. આયુર્વેદની દૃષ્ટિએ દૂધ કે દૂધની બનાવટ સાથે મીઠું ખૂબ જ વિરૂધ્ધ આહાર કહેવાય છે જે અનેક રોગોનું મૂળ બને છે. વળી, હાલના સમયમાં આઈસક્રીમ અને અન્ય મીઠાઈને પણ આધુનિકરણના પગલે જમ્યા પછી ખાવાનો ટ્રેન્ડ ચાલે છે. જે પણ આયુર્વેદ પ્રમાણે વિરૂદ્ધ છે.

स्निग्धं च पूर्व मधुरं च भोज्यं
मध्ये शीत द्रवमधोविचित्रम् ।
तीक्ष्णोष्णसक्षाणी लघुनी पश्चात
भोज्यानुपूर्वी खलु सात्म्यतश्च ।। (काश्यप)

અર્થાત જમવાની શરૂઆતમાં સ્નિગ્ધ અને મધુર પદાર્થો (જેમકે મીઠાઈ, આઈસક્રીમ) વચમાં પ્રવાહી, ઠંડી તાસીરવાળા અને વિવિધ વ્યંજનો લેવા અને અંતમાં તીખા ગરમ તાસીર વાળા, લુખા, પચવામાં હલકા આહાર દ્રવ્યો લેવા. તો અંતમા એટલું જ કહીશ કે આઈસક્રીમને દૂધની અવેજી ન ગણવું, ખાવો હોય તો બને તેટલો ઓછો ખાવો, આઈસ્ક્રીમ જમ્યા પછી ન ખાવો આઈસક્રીમની પહેલા કે પછી લગભગ દોઢ કલાક સુધી કાંઈ ખાવુ પીવુ નહી.

અસ્તુ.

આસીસ્ટન્ટ પ્રોફેસર, આઈ પી જી ટી આર એ. જામનગર
કૌમારભૃત્ય વિભાગ

---

**।। વિદ્યાવૃત્ત ।।**

**ચારુતર વિદ્યામંડળની સ્થાપનાના ૭૫માં વર્ષની ઉજવણીના ભાગરૂપે તેમજ પર્યાવરણના જતન અને સંવર્ધન માટે ચારુતર વિદ્યામંડળના ચેરમેનશ્રી, ઉપ-પ્રમુખશ્રી, માનદ્ મંત્રીશ્રી તથા માનદ્ સહમંત્રીશ્રીઓ દ્વારા વલ્લભ વિદ્યાનગર ખાતે વૃક્ષારોપણ કરવામાં આવ્યું.**

ચારુતર વિદ્યામંડળની સ્થાપનાના ૭૫માં વર્ષની ઉજવણીના ભાગરૂપે તેમજ પર્યાવરણના જતન અને સંવર્ધન માટે વૃક્ષારોપણની અગત્યતાનો સંદેશ પ્રસરાવવાના શુભ આશયથી ચારુતર વિદ્યામંડળના મોવડી મંડળ દ્વારા વૃક્ષારોપણનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ચારુતર વિદ્યામંડળના ચેરમેનશ્રી માનનીય એન્જિનિયર શ્રી ભીખુભાઈ બી. પટેલ સાહેબ તથા સી.વી.એમ.નાં ઉપ-પ્રમુખ શ્રી મનીષભાઈ પટેલ, માનદ્ મંત્રીશ્રી ડો. એસ. જી. પટેલ, માનદ્ સહમંત્રી શ્રી મેહુલભાઈ પટેલ, માનદ્ સહમંત્રી શ્રી ખોડાભાઈ પટેલ, માનદ્ સહમંત્રી શ્રી વિશાલભાઈ પટેલ તથા પ્રિ. ડો. ભાવેશભાઇ પટેલ, વી. પી. સાયન્સ કોલેજ દ્વારા સી.વી.એમ.નાં પ્રાંગણમાં, વલ્લભ વિદ્યાનગર બસ સ્ટેશન - શાસ્ત્રીમેદાન પાસે તથા સેરલીપ સંસ્થા પાસે વૃક્ષારોપણ કરવામાં આવેલ છે. વૃક્ષારોપણ દરમિયાન સી.વી.એમ.ના માય કેમ્પસ ક્લીન કેમ્પસ ફોરમના સભ્યો સર્વશ્રી પ્રા. કાર્તિક જગતાપ, તેજસ ઠક્કર, ડો. ધનંજય ધ્રુવ ઉપસ્થિત રહ્યા હતા. તેમજ સી.વી.એમ.-એન.એસ.એસ. અને માય કેમ્પસ ક્લીન કેમ્પસના કો-ઓર્ડિનેટર ડૉ. પરેશ મોરધરા તથા બીજેવીએમ કોમર્સ કોલેજના વિદ્યાર્થી સ્વયંસેવકોએ વૃક્ષારોપણ માટે જરૂરી વ્યવસ્થા તેમજ ઉમદા સેવાઓ આપેલ હતી.

## હૉકીના જાદુગર મેજર ધ્યાનચંદ

**પી.ડી. શર્મા**



વિશ્વમાં હૉકીમાં જે સમ્માન ભારતના મેજર ધ્યાનચંદને પ્રાપ્ત થયું છે તેટલું આજદિન સુધી કોઈને મળ્યું નથી. આજે સમગ્ર વિશ્વ તેમને 'હૉકીના જાદુગર' તરીકે ઓળખે છે. આજે વિશ્વના દરેક હૉકીના ખેલાડી માટે તેમજ હૉકી પ્રેમી માટે શ્રી ધ્યાનચંદની રમત એક આદર્શ અને પ્રેરણારૂપ ગણાય છે. મજબૂત કાંડાઓ અને સુંદર 'હૉકી સ્ટીકવર્ક' માટે શ્રી ધ્યાનચંદની રમત આજે પણ વખણાય છે.

### સામાન્ય કુટુંબમાં જન્મ

શ્રી ધ્યાનચંદનો જન્મ સામાન્ય રાજપુત કુટુંબમાં ૨૯ ઓગષ્ટ, ૧૯૦૫ના રોજ ઈલ્હાબાદમાં થયો હતો. પરંતુ થોડા સમય પછી તેમનું કુટુંબ ઝાંસી આવી ગયું હતું અને આ રીતે શ્રી ધ્યાનચંદનું વાસ્તવિક ઘડતર ઝાંસીમાં થયું નાનપણમાં તેમનામાં હૉકીના શ્રેષ્ઠ ખેલાડી બનવાના કોઈ વિશેષ લક્ષણો ન હતા. એટલે ખેલાડીઓ જન્મજાત પેદા થાય છે તે વાત ખોટી સિદ્ધ થાય છે. પરંતુ પરિશ્રમ, કઠોર સાધના, લગન, સંકલ્પ અને સતત અભ્યાસથી ધ્યાનચંદ વિશ્વના શ્રેષ્ઠ હૉકી ખેલાડી બની શક્યા.

### સેનામાં દાખલ

સામાન્ય શિક્ષણ પ્રાપ્ત કર્યા પછી ફક્ત ૧૬ વર્ષની નાની વયે તેઓ સેનામાં સામાન્ય સૈનિક તરીકે દાખલ થઈ ગયા. શરૂઆતમાં હૉકી રમવામાં ધ્યાનચંદને કોઈ વિશેષ રસ ન હતો. પરંતુ તેમનામાં હૉકી પ્રત્યે રસ જાગૃત કરવા માટેનો શ્રેય તેમની રેજીમેંટના સુબેદાર મેજર તિવારીને ફાળે જાય છે. મેજર તિવારી પોતે પણ હૉકીના સારા ખેલાડી હતા. તેમના માર્ગદર્શન હેઠળ ધ્યાનચંદે હૉકી રમવાની શરૂઆત કરી અને ધીમે ધીમે તેઓ હૉકીમાં વિશ્વના શ્રેષ્ઠ ખેલાડી ગણાવા લાગ્યા.

### ૧૯૨૮ એમસ્ટર્ડમ ઓલિમ્પિક્સ

ભારતે પ્રથમવાર ૧૯૨૮માં એમસ્ટર્ડમ મુકામે યોજાયેલ ઓલિમ્પિકમાં હૉકીમાં ભાગ લીધો હતો. આ ઓલિમ્પિક દરમ્યાન ભારતે હૉકીમાં ખૂબ જ સારો દેખાવ કર્યો હતો અને ફાઈનલમાં હોલેન્ડને ૩-૦ગોલથી હરાવીને પ્રથમવાર 'સુવર્ણ ચંદ્રક' પ્રાપ્ત કર્યો હતો, જેમાંથી ૨ ગોલ તો ફક્ત ધ્યાનચંદે કર્યા હતા. ૧૯૩૨માં લોસ એન્જેલ્સ ખાતે રમાયેલ ઓલિમ્પિકમાં પણ ધ્યાનચંદનો સમાવેશ કરવામાં આવ્યો હતો. ત્યાં સુધી તેઓ વિશ્વના શ્રેષ્ઠ 'સેન્ટર ફોરવર્ડ' તરીકે પ્રખ્યાત થઈ ગયા હતા. આ ચાર વર્ષોમાં એટલે કે ૧૯૨૮ થી ૧૯૩૨ દરમ્યાન ભારતે કુલ ૨૬૨ ગોલ કર્યા હતા જેમાંથી ફક્ત ધ્યાનચંદે ૧૦૧ ગોલ કર્યા હતા. ૧૯૩૨ના ઓલિમ્પિક ફાઈનલમાં ભારતે અમેરિકાને ૨૪-૧ ગોલથી હરાવીને ઈતિહાસ સર્જ્યો હતો. એટલા ગોલથી જીત આજ સુધી ઓલિમ્પિક્સમાં કોઈ પણ દેશે હૉકીમાં પ્રાપ્ત નથી કરી. ૧૯૩૨ ઓલિમ્પિક્સમાં પણ સર્વશ્રેષ્ઠ પ્રદર્શન શ્રી ધ્યાનચંદનું રહ્યું હતું.

### ૧૯૩૬ બર્લિન ઓલિમ્પિક્સમાં સફળ સુકાની તરીકે

૧૯૩૬માં ઓલિમ્પિક રમતોત્સવનું આયોજન જર્મનીમાં બર્લિન શહેરમાં કરવામાં આવ્યું હતું. આ વખતે તેમની શ્રેષ્ઠ રમતને આધારે ભારતની ટીમના 'સુકાની' તરીકે પસંદગી થઈ હતી. આ ઓલિમ્પિક રમતોત્સવ દરમ્યાન ભારતે હંગેરીને ૪-૦ ગોલથી, અમેરિકાને ૭-૦ ગોલથી, જાપાનને ૯-૦ ગોલથી અને ફ્રાંસને ૨-૦ ગોલથી હરાવીને ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો. ફાઈનલમાં ભારતનો મુકાબલો યજમાન દેશ 'જર્મની' સાથે હતો. અગાઉ મૈત્રી-મુકાબલામાં જર્મનીએ ભારતને હાર આપી હતી. એટલે ભારતની ટુકડીનો આત્મવિશ્વાસ થોડો ઓછો થઈ ગયો હતો અને સાથે સાથે જર્મનીને 'હોમ ગ્રાઉન્ડ'નો પણ લાભ હતો. છતાં ધ્યાનચંદના નેતૃત્વ હેઠળ સમગ્ર ભારતીય ટીમે યુદ્ધની જેમ સંપૂર્ણ સંઘભાવનાથી રમત રમી હતી અને તેના ફળસ્વરૂપે ભારતે ૪-૧ ગોલથી વિજય મેળવ્યો હતો. સમગ્ર મેચ દરમિયાન દડો ધ્યાનચંદની હૉકી સાથે ચોંટીને જ રહેતો હતો. એટલે જર્મન અધિકારીઓને લાગ્યું કે ધ્યાનચંદજીની સ્ટીકમાં કોઈ 'જાદુ' કે 'ચુમ્બક' હોવું જોઈએ. એટલે હૉકી સ્ટીક બદલવાની ફરજ પાડી. ધ્યાનચંદજીએ બીજી હૉકીથી પણ એવી જ સરસ રમત દર્શાવી અને ત્યારથી તેઓ 'હૉકીના જાદુગર' તરીકે સમગ્ર વિશ્વમાં પ્રખ્યાત થઈ ગયા. ફાઈનલ મેચ જોવા

'હિટલર' પણ આવ્યા હતા અને તેઓ પણ ધ્યાનચંદજીની રમતથી ખૂબજ પ્રભાવિત થયા હતા. ૧૯૩૬ના બર્લિન ઓલિમ્પિક્સમાં ભારતે કુલ ૩૨ ગોલ કર્યા હતા તેમાંથી ફક્ત ધ્યાનચંદે ૧૧ ગોલ કર્યા હતા.

### બીજા વિશ્વયુદ્ધની અસર

બીજા વિશ્વયુદ્ધને કારણે ૧૯૪૦ અને ૧૯૪૪માં ઓલિમ્પિક રમતોત્સવ યોજી શકાયો નહતો. ૧૯૪૮ના ઓલિમ્પિક્સ પહેલા તેમને હૉકીમાંથી 'ક્ષેત્ર સંન્યાસ' લઈ લીધો હતો. આ રીતે વિશ્વના એક શ્રેષ્ઠ હૉકી ખેલાડીની રમતની રમતનો અધિકૃત રીતે અંત આવ્યો હતો. પરંતુ આંતરરાષ્ટ્રીય કક્ષાએ ધ્યાનચંદે ૧૦૦૦થી વધુ ગોલ કર્યા હતા. એટલું જ નહિ પણ વિશ્વના મહાન ક્રિકેટર ડૉન બ્રેડમેને ધ્યાનચંદની રમત જોઈને કહ્યું હતું કે 'જે રીતે અમે ક્રિકેટમાં રન કરીએ છીએ તેવી રીતે આપ હૉકીમાં ગોલ કરો છો.'

### રાષ્ટ્રીય ખેલ સંસ્થામાં રાહબર તરીકે

હૉકી ધ્યાનચંદજીની જીવનસંગિની સમાન હતી એટલે નેતાજી સુભાષ રાષ્ટ્રીય ખેલ સંસ્થા, પટિયાલામાં રાહબર તરીકે ભારતીય ટીમને રાહબરી આપવાનું કામ શરૂ કર્યું હતું. ઘણા સમય સુધી તેમણે હૉકીના 'રાષ્ટ્રીય કોચ' તરીકેની સેવાઓ દેશને આપી હતી. તેમના માર્ગદર્શન હેઠળ ભારતના ઘણા બધા ખેલાડીઓને હૉકીની રમત સુધારવાની તક મળી હતી. પોતાના જીવનના અંતિમ શ્વાસ સુધી ધ્યાનચંદજીને હૉકીના ખેલાડીઓ અને રમતપ્રેમીઓ એમને 'દાદા'ના લોભામણા નામથી ઓળખતા હતા.

### રાષ્ટ્રીય ખેલ દિવસ

આજે તો ધ્યાનચંદના જન્મદિવસ ૨૯ ઓગષ્ટને દેશમાં 'રાષ્ટ્રીય ખેલ દિવસ' તરીકે દર વર્ષે ઉજવવામાં આવે છે. આ દિવસે દિલ્હી મુકામે ભારતના રાષ્ટ્રપતિ રમતગમત ક્ષેત્રના 'રાષ્ટ્રીય એવોર્ડઝ' ખેલાડીઓ તેમજ રમતગમતના પ્રશિક્ષિકોને એનાયત કરે છે. એટલું જ નહિ પણ જીવનપર્યંત રમતગમત ક્ષેત્રમાં મેળવેલ સિદ્ધિઓ કે સેવા બદલ વર્ષ ૨૦૦૨ થી ભારત સરકાર દ્વારા 'ધ્યાનચંદ લાઈફટાઈમ એચીવમેન્ટ એવોર્ડ' પણ એનાયત કરવામાં આવે છે.

### એવોર્ડ્સ અને સન્માન

૧૯૫૬માં ભારત સરકાર દ્વારા 'પદ્મભૂષણ' એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. ૩ ડિસેમ્બર, ૧૯૮૦ના રોજ ભારતીય ડાક વિભાગે તેમના સન્માનમાં ખાસ પોસ્ટલ સ્ટેમ્પ જારી કરી હતી. નવી દિલ્હીના નેશનલ સ્ટેડિયમ ખાતે ધ્યાનચંદનું વિશાળ સ્ટેચ્યુ મૂકાયું છે તથા વર્ષ ૨૦૦૨થી આ સ્ટેડિયમનું નામ 'મેજર ધ્યાનચંદ સ્ટેડિયમ' કરાયું છે. ૨૦૧૨ની લંડન ઓલિમ્પિક્સ વખતે એક મેટ્રો સ્ટેશનને મેજર ધ્યાનચંદનું નામ અપાયું હતુ.

ભારતને હૉકીના ક્ષેત્રમાં અપૂર્વ આંતરરાષ્ટ્રીય ખ્યાતિ અપાવનાર મહાન ખેલાડી ધ્યાનચંદનું અવસાન ત્રીજી ડિસેમ્બર, ૧૯૭૯ના દિવસે થયું હતું. આજે તો એમના માનમાં 'ધ્યાનચંદ ટ્રોફી' રમવામાં આવે છે. 'ડોક્યુમેન્ટરી ફિલ્મ' પણ બનાવવામાં આવી છે. આજે કેટલાક હૉકીના સ્ટેડિયમ 'ધ્યાનચંદ સ્ટેડિયમ' તરીકે ઓળખાય છે. છેલ્લે આમાં કોઈ બે મત નથી કે ભારત તો શું પણ વિશ્વના હૉકીના ઈતિહાસમાં મેજર ધ્યાનચંદનું નામ સદા 'અમર' રહેશે. અંતે, હૉકીના આ મહાન દિગ્ગજ ખેલાડીને વિશ્વ રમતગમત જગતના કોટિ કોટિ વંદન!

---

B-1 Swiss Avenue, Patel Colony,
Opp Manekbaug Hall, Ambawadi,
Ahmedabad-380 015. (R) 079-26564650
(M) 9898870840

---

॥ વિદ્યાવૃત્ત ॥

### સી.વી. એમ. હોમ સાયન્સ શાળામાં મૂલ્યલક્ષી પ્રવચનનું આયોજન.

ચારુતર વિદ્યામંડળ સંચાલિત સી.વી.એમ. હાયરસેકન્ડરી હોમ સાયન્સ શાળામાં ''My Focused Happy & Healthy Life'' વિષયક ડૉ. હેલી સુથારે વિદ્યાર્થિનીઓને સુંદર પ્રેરણાત્મક વક્તવ્ય તથા વિદ્યાર્થિનીઓ દ્વારા પૂછાયેલા પ્રશ્નોનું સુંદર માર્ગદર્શન આપ્યું હતું. જેમાં સમગ્ર શાળાની વિદ્યાર્થિનીઓએ લાભ લીધો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રિન્સિપાલ સુચિતાબેન ખરાદીના માર્ગદર્શન હેઠળ શાળાની જનરલ સેક્રેટરી રીયા પટેલે કર્યું હતું.

## ટી.વી.પટેલ હાયર સેકન્ડરીનું ગૌરવ

ચારુતર વિદ્યામંડળ સંચાલિત ''સેરલીપ'' કોલેજ દ્વારા ૩૧મી ઓક્ટોબર સરદાર પટેલ જન્મજયંતી પૂર્વે વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ''સરદાર પટેલ એક વિદ્યાર્થી'' વિષય પર આયોજિત નિબંધ લેખન સ્પર્ધામાં ટી.વી.પટેલ હાયર સેકન્ડરીનાં પાંચ વિદ્યાર્થી ભાઈ-બહેનોએ શિક્ષકશ્રી પી.આર.સોલંકી અને સુપરવાઇઝર શ્રી સી.કે.ચૌધરીના માર્ગદર્શન હેઠળ ભાગ લીધો હતો. ૩૧મી ઓક્ટોબરના રોજ બી.વી.એમ. કોલેજ ખાતે ૧૪૫મી સરદાર પટેલ જન્મજયંતી ઉજવણી પ્રસંગે મહાનુભાવોના હસ્તે શાળામાં ધો.૧૧માં અભ્યાસ કરતી વિદ્યાર્થિની કું.પ્રાપ્તિ ગિરીશભાઈ સરગરા નિબંધલેખનમાં પ્રથમ ક્રમે વિજેતા થતાં પ્રશસ્તિપત્ર અને ટ્રોફી એનાયત કરવામાં આવ્યા જયારે અન્ય ચાર વિદ્યાર્થીઓ પરમાર કોમલ રણછોડભાઈ, લીમ્બાચીયા જય રમણભાઈ, પટેલ સુજલ વિનોદભાઈ અને મલેક ઈદ્રીશમહમદ સફીમીયાને પ્રશસ્તિપત્ર આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતાં શાળાના આચાર્યશ્રી વિજયકુમાર સુથારે સૌ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતાં.

## આઈસ્ટારના ઇન્ડસ્ટ્રીઅલ હાઇજીન ડિપાર્ટમેન્ટ દ્વારા હાઇજીન અને સેફટી વિષય પર એક્સપર્ટ ટોક

ચારુતર વિદ્યા મંડળ સંચાલિત આઇસ્ટાર કોલેજના ઇન્ડસ્ટ્રીઅલ હાઇજીન ડિપાર્ટમેન્ટ દ્વારા તાજેતરમાં સામાજિક જવાબદારી એકમ હેઠળ હાઇજીન અને સેફટી વિષય પર વિઠ્ઠલ ઉદ્યોગનગરની ખ્યાતનામ ઇન્ડસ્ટ્રી એલીકોન એન્જિનીયરીંગ લિમિટેડ ખાતે એક્સપર્ટ ટોક યોજાઈ હતી. જેનો મુખ્ય ઉદ્દેશ કામદારોને ઔદ્યોગિક એકમોમાં હાઇજીન અને સેફટી, તેનું મહત્ત્વ અને ઔદ્યોગિક એકમોથી ઉદ્ભવતા નાના તેમજ મોટા સંકટોના નિવારણ વિષે હતો. આ એક્સપર્ટ ટોક દરમ્યાન કામદારોને તેઓના કાર્યસ્થળે વધુ ને વધુ સુરક્ષિત રીતે કાર્ય કરી શકે, બીમારીઓથી બચી રહે, ઇન્ડસ્ટ્રીની ઉત્પાદકતા જળવાઈ રહે અને સદાય સજાગ રહે તે વિષે માહિતગાર કર્યા હતા. જે દરમ્યાન ઇન્ડસ્ટ્રીઅલ હાઇજીન ડિપાર્ટમેન્ટના વિભાગીય વડા બૈજુ વર્ગીસ અને વિદ્યાર્થીઓ પાર્થ પટેલ અને રોનક પટેલે ઔદ્યોગિક એકમોમાં સુરક્ષા અને સ્વચ્છતાનું મહત્ત્વ વિષે પ્રકાશ પાડ્યો હતો. આ એક્સપર્ટ ટોક યોજવા માટે એલીકોન એન્જિનીયરીંગના મેનેજર સુધીર જોગાણી, સેફટી ઓફિસર મનોજ સિંધા અને ટ્રેઇનિંગ ઓફિસર નિકુંજ વૈષ્ણવી વિગેરેએ આઈસ્ટાર સંસ્થાનો આભાર વ્યક્ત કર્યો હતો. આ સરાહનીય કાર્ય માટે આઇસ્ટાર કોલેજના પ્રિન્સિપાલ પ્રો.ડો. નિર્મલ કુમારે ડિપાર્ટમેન્ટના વડા અને વિદ્યાર્થીઓની મહેનતને બિરદાવી હતી અને સૌને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા.

## ચારુતર વિદ્યામંડળ સંચાલિત બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલયનો GTU ઇન્ટરઝોનલ યુથ ફેસ્ટીવલ XITIJ-૧૯મા ભવ્ય વિજય

ગુજરાત ટેકનોલોજીકલ યુનીવર્સીટી દ્વારા તા. ૧૨ થી ૧૪ ઑક્ટોબર, ૨૦૧૯ના રોજ એચ. એન. શુક્લા કોલેજ, રાજકોટ ખાતે ઇન્ટરઝોનલ યુથ ફેસ્ટિવલ XITIJ-૧૯નું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધાઓમાં ગુજરાત રાજ્યની ૧૨૦ કરતા વધુ કોલેજના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલયના વિદ્યાર્થીઓએ જુદી જુદી ૨૧ સ્પર્ધાઓમાં ભાગ લઈ ઓવરઓલ ચેમ્પિયનશિપ મેળવી હતી. આ ઉપરાંત લિટરેચર અને ફાઈન આર્ટસમાં પણ બીવીએમના વિદ્યાર્થીઓ કેટેગરી ચેમ્પિયન બન્યા હતા.યોજાયેલ સ્પર્ધાઓ પૈકી એલોક્યુશન, મિમિક્રિ અને વેસ્ટર્ન વોકલમાં પ્રથમ, રંગોળીમાં દ્વિતીય અને સ્કિટ, ડિબેટ તેમજ ફોટોગ્રાફીમાં તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યું હતું. સ્પર્ધાની તૈયારી માટે ચારુતર વિદ્યામંડળ તેમજ સંસ્થાના આચાર્ય ડો. ઇન્દ્રજીત પટેલ તથા અન્ય કર્મચારીઓ તરફથી તમામ પ્રકારનો સહકાર મળ્યો હતો. કલ્ચરલ કોર્ડિનેટર ડો. આકાર રોઘેલિયા, ડો. હરેશ પટોલિયા, પ્રો. બી. એસ. પટેલ અને પ્રો. અમિત ભાવસારના માર્ગદર્શન હેઠળ તથા કોલેજના જી. એસ. તરુણ નાગર, એલ. આર. સલોની ગજ્જર, કલ્ચરલ સેક્રેટરી ગૌતમ વિવેકાનંદન અને સ્ટુડન્ટ લીડર તેમજ ભાગ લેનાર તમામના અથાગ પરિશ્રમના ફળ સ્વરૂપ આ જવલંત વિજય મેળવ્યો હતો. ચારુત્તર વિદ્યામંડળના અધ્યક્ષ એન્જીનીયર ભીખુભાઈ પટેલ, ઉપપ્રમુખ શ્રી મનીષભાઈ પટેલ, તથા અન્ય હોદ્દેદારો તેમજ બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલયના પ્રિન્સીપાલ ડો. ઇન્દ્રજીત એન. પટેલ,વિભાગીય વડાઓ, તમામ અધ્યાપકો તથા કર્મચારીગણે વિજેતાઓને અભિનંદન પાઠવ્યા હતા.

## વી. પી. સાયન્સ કોલેજમાં વીર વિઠ્ઠલભાઈ પટેલ વ્યાખ્યાનમાળા યોજાઈ.

ચારુતર વિદ્યામંડળ સંચાલિત વી.પી.સાયન્સ કોલેજમાં વીર વિઠ્ઠલભાઈ પટેલની જન્મજયંતિ નિમિત્તે મેમોરીયલ વ્યાખ્યાયન ગોલ્ડન જ્યુબીલી ફંડના નેજા હેઠળ કોલેજના મધ્યસ્થ હોલમાં ભૂતપૂર્વ પ્રિન્સિપાલ રાષ્ટ્રીય' ભાષા કોલેજ અમદાવાદ શ્રી ઉજમભાઈ પટેલ અને ચા. વિ. મંડળના ચેરમેન ઈજનેર શ્રી ભીખભાઈ પટેલ, માનદ મંત્રી ડો. એસ. જી. પટેલ અધ્યક્ષતામાં યોજાયું.

કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી હતી. ત્યારબાદ આચાર્ય ડો. ભાવેશ પટેલે મહેમાનોનો સ્વાગત પ્રવચનમાં પરિચય કરાવ્યો હતો. ચારુતર વિદ્યામંડળ તેમજ વલ્લભ વિદ્યાનગરની પહેલી વહેલી મૂળભૂત સંસ્થા' વિઠ્ઠલભાઈ પટેલ મહાવિદ્યાલયનું નામ કે જે લોખંડી પુરૂષ સરદાર પટેલના જયેષ્ઠ બંધુ સાથે જોડાયેલું છે. તેઓની જન્મજંયતિ નિમિત્તે દર વર્ષે આ વ્યાખ્યાયનમાળા યોજવામાં આવે છે.

આ વ્યાખ્યાનમાળા પ્રસંગે પ્રવર્ચન આપતા રાષ્ટ્રીય ભાષા કોલેજ અમદાવાદના પ્રિન્સિપાલ શ્રી ઉજમભાઈ પટેલે વીર વિઠ્ઠલભાઈ પટેલ અને સરદાર પટેલના જીવન કવન વિષેની વિસ્તારપૂર્વક માહિતી આપતા બંન્ને સપૂતોએ રાષ્ટ્ર નિર્માણ માટે પોતાનું જીવન સમર્પિત કર્યું અને કહ્યું કે તેવો પોતે વ્યકિત તરીકે નહિ પણ વ્યકિતત્વ તરીકે જીવન જીવ્યા. ટૂંકમાં વિર વિઠ્ઠલભાઈ પટેલ દીર્ધ દ્ષ્ટ્રા, ઉચ્ચ કોઠાસૂઝ, કાબેલીયતથી ભરપુર, આત્મ વિશ્વાસ અને નિડરતાના સંપૂર્ણ ગુણો ધરાવતા હતા અને છેલ્લે વિદ્યાર્થીઓને ઉપદેશ આપતા જણાવેલ કે તમો જે કોલેજમાં વિદ્યાઅભ્યાસ કરી રહ્યા છો તે સંસ્થા તેમના નામ સાથે જોડાયેલી છે. તમારી કારકિર્દી ઉજળી બનાવો અને સમાજ રાષ્ટ્રની સેવા કરવાનું સમયબધ્ધ આયોજન કરો.

ચારુતર વિદ્યામંડળના માનદ મંત્રી ડો. એસ. જી. પટેલે વિદ્યાર્થીઓને આ પ્રસંગે તમને સારા વકતા મળવા બદલ નસીબદાર ગણાવ્યા હતા અને વીર વિઠ્ઠલભાઈ પટેલ વ્યાખ્યાનમાળા અવિરત વહેતી રહી છે. તે ખૂબ જ આનંદની વાત છે.

ચારુતર વિદ્યામંડળના કુલપતિ ડો. ભાવેશ પટેલ, અન્ય પદાધિકારીઓ, જુદી જુદી કોલેજોના આચાર્ય, અધ્યાપકો તેમજ વિદ્યાર્થીઓ, ઉપસ્થિત રહ્યા હતા. અંતમાં આભારવિધિ નિલેશ પટેલે કરી હતી. કાર્યક્રમનું સંચાલન કું. શ્રતિ પટેલ, ધારક સેવકે કર્યું હતું.

## આઈ.બી. પટેલ ઈંગ્લીશ સ્કુલનુ ચિત્રકક્ષાએ ગૌરવ

ચારુતર વિદ્યામંડળ સંચાલિત આઈ.બી.પટેલ ઈંગ્લીશ સ્કૂલના ''યંગ મેન ક્રિશ્ચયન એસોસીસન'' દ્વારા ૨ ઓક્ટોમ્બરના રોજ આણંદ ખાતે ચિત્ર સ્પર્ધા યોજવામાં આવી હતી.

ગાંધી જંયતિ નિમિત્તે યોજાયેલ ચિત્ર સ્પર્ધામાં આઈ.બી.પટેલ ઈંગ્લીશ સ્કૂલના વિદ્યાર્થીઓ એ ગૌરવ વધાર્યું છે. તેમા ધો.૯ના શાહ રુષભએ પ્રથમ ક્રમાંક તથા ધો. ૯ની વિદ્યાર્થિની કું ધાર્મી. જે એ દ્વિતીય ક્રમાંક મેળવી શાળાનું ગૌરવ વધાર્યું છે.

આ સિધ્ધિબદલ શાળાના પ્રિન્સિપાલ ડૉ. મહેશભાઈ ખ્રિસ્તી, સુપરવાઈઝરશ્રી ભાસ્કરભાઈ પટેલ તથા ચિત્ર શિક્ષક શ્રી મહેશભાઈ પટેલ તથા શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.

## ॥ સૂચના ॥

૧. 'વિ-વિદ્યાનગર વલ્લભ વિદ્યાનગરના શૈક્ષણિક ટ્રસ્ટ ચારુતર વિદ્યામંડળ તરફથી દર માસે નિયમિત પ્રકાશિત થતું શિક્ષણ, સાહિત્ય અને સંસ્કાર વિષયક સામગ્રી પીરસતું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામાયિક છે. માનવજીવનને ઉન્નતિકારક અને યુવાવર્ગને પ્રેરક, શિષ્ટ સરળ શૈલીમાં, મૌલિક, અનુવાદિત ઉપરાંત સંચય સ્વરૂપ (digest) માં પણ સામગ્રી આપવામાં આવે છે.

૨. ।વિ।માં મોકલેલું લખાણ મૌલિક હોવું જરૂરી છે. પ્રકાશન અર્થે કૃતિ મોકલતી વખતે લેખકે એની ઝેરોક્ષ નકલ પોતાની પાસે અવશ્ય રાખવી. તંત્રીને ઝેરોક્ષ નકલ મોકલવી નહિ. મૂળ લખાણ જ મોકલવું. લખાણ કાગળની એક બાજુએ, ફૂલસ્કેપ કાગળ પર હાંસિયો પાડીને જ મોકલવું જરૂરી છે. પોસ્ટકાર્ડ કે ઇન્લેન્ડ પર મોકલેલું લખાણ પ્રકાશન માટે સ્વીકારવામાં આવશે નહિ. કૃતિના સ્વીકાર-અસ્વીકાર અંગેના નિર્ણયનો અધિકાર તંત્રી-સંપાદક મંડળનો રહેશે.

૩. સાધારણ રીતે લાંબા લેખોને અવકાશ ઓછો છે. લખાણ ટૂંકું અને મુદ્દાસર હોય એ જરૂરી છે. લખાણમાં અંગ્રેજી શબ્દનો ઉપયોગ કર્યો હોય ત્યાં સાથે કૌંસમાં ગુજરાતી પર્યાય આપવો આવશ્યક છે. લખાણ ગૂજરાત વિદ્યાપીઠના માન્ય જોડણીકોશ અનુસારની જોડણીમાં હોવું જરૂરી છે. લેખમાંના લખાણના અભિપ્રાયની જવાબદારી સંબંધિત લેખકની જ રહેશે, તંત્રી કે સંપાદક મંડળ એ અંગે જવાબદાર રહેશે નહીં.

૪. ।વિ। માં મોકલેલું લખાણ પ્રકાશન અર્થે અન્ય સામયિકને પણ મોકલેલું ન હોવું જોઇએ. એ અંગેની કાળજી તેમજ જવાબદારી લેખકે રાખવી જરૂરી છે. સામાન્ય રીતે એક-બે માસમાં કૃતિ પ્રકાશિત ન થાય તો અસ્વીકૃત કૃતિ પરત મોકલવાની પદ્ધતિ નથી. તેથી જવાબી ટપાલખર્ચ ન મોકલવું. પ્રત્યેક કૃતિ નીચે લેખકે પિનકોડ સાથેનું પૂરેપૂરું સરનામું અવશ્ય લખવું.

૫. 'વિ-વિદ્યાનગર દર માસની પાંચમી તારીખે નિયમિતરૂપે પ્રકાશિત થાય છે. સામયિકનો અંક ચોકસાઇથી રવાના કરવામાં આવે છે. ટપાલમાં અંક ગેરવલ્લે જાય તો તે અંગેની જવાબદારી સંસ્થાની નથી. અંક ન મળ્યાની ફરિયાદ અંક પ્રગટ થયા પછી એક માસ સુધીમાં મળશે તો જ તેના પર ધ્યાન આપી શકાશે. અલબત્ત, અંક સિલકમાં હશે તો બીજી નકલ મોકલવામાં આવશે.

૬. લવાજમ વાર્ષિક-આજીવન રૂબરૂમાં-મની ઓર્ડરથી-બેન્ક ડ્રાટ-ચેકથી મોકલી શકાય. મનીઑર્ડરની કૂપનમાં ગ્રાહકે સ્પષ્ટ અક્ષરે પોતાનું નામ-સરનામું, પિનકોડ સાથે લખવું. બહારગામના બેન્ક ડ્રાટ-ચેકમાં લવાજમની રકમ ઉપરાંત રૂપિયા પાંત્રીસ ઉમેરવા. ગમે તે માસથી ગ્રાહક થઇ શકાય છે. લવાજમ 'ચારુતર વિદ્યામંડળ'ના નામે મોકલવું.

૭. દિવંગત થયેલા આજીવન ગ્રાહક અંગે તેમનાં સગાં-સંબંધીઓને તે વિશે કાર્યાલયને જાણ કરવા વિનંતી.

૮. વ્યવસ્થા અંગેનો તેમજ તંત્રી સાથેનો સઘળો પત્રવ્યવહાર નીચેના સરનામે કરવો:


**ઉર્વીશ છાયા**

**તંત્રીશ્રી, વિ-વિદ્યાનગર, આસિ. પ્રોફેસર, એન.વી. પટેલ સાયન્સ કોલેજ, વલ્લભ વિદ્યાનગર**

ઇ-મેઇલ: editor.vidyanagar@gmail.com, urvish.chhaya@gmail.com



લવાજમ: **વાર્ષિક :** ₹ ૧૫૦, સ્થાનિક વિદ્યાર્થીઓ માટે પ્રોત્સાહક લવાજમ ₹ ૧૦૦

**આજીવન** : ₹ ૧૫૦૦

**વિદેશમાં** : ૨૫ $ અથવા ૧૫ £ આજીવન ૧૦૦ $ અથવા ૭૦ £

**છૂટક નકલની કિંમત:** ₹ ૧૫ + રવાનગી ખર્ચ ₹ ૧૦




**Shri Anil Manibhai Naik** (born 9 June 1942, graduated with a bachelor's degree in mechanical engineering from Birla Vishvakarma Mahavidyalaya Engineering college in Vallabh Vidyanagar in Gujarat), popularly known as **A.M. Naik**, is an industrialist, philanthropist and the Group Chairman of Larsen & Toubro Limited, an Indian engineering conglomerate, and since 2018, the Chairman of the National Skill Development Corporation.


In his personal capacity, **Shri A.M. Naik** is a philanthropist who is committed to securing positive outcomes on his initiatives in healthcare, education and skill-building. In August 2016, Naik announced that he would give 75% of his income to charitable causes over his lifetime, setting up the Naik Charitable Trust for education and the Nirali Memorial Medical Trust for healthcare.

He was awarded the Padma Bhushan, India's 3rd highest civilian award, in 2009. In 2019, he was awarded the Padma Vibhushan, India's 2nd highest civilian award.

December 2019

V-Vidyanagar 21 (12)
Published on 05.12.2019
No. of Pages 40 Including Cover
ISSN 0976 – 9609 V-Vidyanagar

Postal Regd. No. AND/318/2018-20
RNI Regd. No. Guj/2009-11/5433
Posted at Vallabh Vidyanagar on
5th of Every Month




Muppavarapu Venkaiah Naidu (born 1 July 1949) is an Indian politician and the current Vice President of India and the Chairman of the Rajya Sabha, in office since 11 August 2017. Previously, he served as the Minister of Housing and Urban Poverty Alleviation, Urban Development and Information and Broadcasting and Union Cabinet Minister for Rural Development in the Atal Bihari Vajpayee government.

**Editor: Dr. Urvish Chhaya || Printed at Lajja Communications, Vidyanagar 388 120**
Printed, Published and owned by Dr. S.G. Patel, Hon. Secretary, Charutar Vidya Mandal and Published at Vallabh Vidyanagar 388120, Gujarat (INDIA)